ઉપયોગી વિદ્યાકળા ગ્રંથમાળા. મણકો ૫ મો.

જંગલની જડીબુટ્ટી.

દ્વીતિય ભાગ.

લેખક

વૈદ્યશાસ્ત્રી શામળદાસ સેવકરામ.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराअिट विभाग]
अनुक्रमांक ४७५ वर्गांक
पुस्तकनुं नाम [illegible]
विषय ५३ : ६६

ઉપયોગી વિદ્યાકળા ગ્રંથમાળા. મણકો ૫ મો.

જંગલની જડીબુટ્ટી.

ભાગ બીજો.

લેખક તથા પ્રકાશક—

વૈદ્ય શાસ્ત્રી શામળદાસ સેવકરામ.

(પશુ ચિકિત્સા, આકાશવાણી, પ્રયોગ ચિકિત્સા, પ્રાચીન મહાત્માઓની અલૌકિક વિદ્યાઓ અમૂલ્ય રત્નહાર, ચિકિત્સા તત્ત્વ સુધાસિંધુ વિગેરેના કર્તા.)

વડાગામ-વાયા-તારોઢ-એ. પી. રેલ્વે.

(સર્વ પ્રકારના હક લેખકે પોતાના સ્વાધિન રાખ્યા છે.)

સંવત વર્દ્ધિત દ્વિતિયાવૃત્તિ.] પ્રત ૧૦૦૦. [ઈ. સ. ૧૯૨૧

કિમત. } કાચા પુંઠાના રૂ. ૦-૧૦-૦ / પાકા પુંઠાના રૂ. ૦-૧૪-૦ } પોસ્ટેજ જુદું.

અમદાવાદ—શાહપુર નવી પોળમાં આવેલા શ્રી પ્રજ્ઞાદિત્યાર્થ
મુદ્રાલયમાં પટેલ ડાહ્યાભાઈ દલપતરામે છાપ્યું.

ભૂમિકા.

આયુર્વેદનું મહત્વ કંઇક અંશે લોકોને સમજાય, દિનપ્રતિદિન તેના પ્રત્યે જન સમાજનો પ્રેમ વધતો જાય અને તેથી જેમ બને તેમ રોગ નિવારણ માટે દેશી ઓષધોનો વિશેષ પ્રચાર થાય તો લાખો રૂા. એ બહાને વિદેશ જતા અટકી જાય એવા હેતુથી આ પુસ્તકનો પ્રથમ ભાગ ગયા વર્ષમાં પ્રગટ કરવામાં આવ્યો હતો, જે ઇશ્વર કૃપાથી અત્યંત લોકપ્રિય થઇ પડવાથી ઘણા આનંદ સાથે આ દ્વીતિય ભાગ પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. પ્રથમ ભાગને પ્રમાણભૂત બનાવવાને માટે જેવી રીતે પ્રયત્ન કરવામાં આવ્યો હતો તેવીજ રીતે આ વખતે પણ અનેક દેશી–વિદેશી મહાશયોએ દેશી વૈદક સંબધિ ગુજરાતી, ઇંગ્રેજી, ફારસી, મરાઠી, હીંદી, બંગાળી, જર્મન, ફ્રેન્ચ કિંવા સંસ્કૃત ભાષામાં પુસ્તકો, પેપરો, કિંવા સ્વતંત્ર લેખો સ્વરૂપે જણાવેલા અભિપ્રાયો સાધુ, સંત, મહાત્માઓની કૃપા કટાક્ષથી સમજવામાં આવેલા ગુપ્ત ભેદો તેમજ જાતિ અનુભવનો ઉપયોગ કરવામાં આવ્યો છે; જેથી આ ભાગ પણ પ્રથમ ભાગની માફક જન સમુહની પ્રીતિનું પાત્ર થઇ પડશેજ એવી આશા રાખવામાં આવે છે.

દેશી વૈદક પ્રત્યે જન સમાજની અભિરૂચી જો કે દિન પ્રતિદિન વધતી જાય છે, તોપણ હજુ કેટલાંએક મનુષ્યો એવી દલીલ રજુ કરે છે કે; અમને પણ દેશી ઓષધો વાપરવાની તો ઇચ્છા છે પરંતુ તેઓ વિદેશી ઓષધો જેવાં ગુણકારક નથી. બેશક ! આ દલીલ [illegible] ખોટી છે, કારણ એઓમાંના ગુણ વિષે તેઓને [illegible] છે,

જેઓના ગુણ વિષે તેઓને દૃઢ વિશ્વાસ છે, એવાં વિદેશથી આવતાં ઔષધોનો ઘણો ખરો ભાગ એ બીજું કંઇજ નહિ પરંતુ આપણાં દેશી ઔષધોનુંજ રૂપાંતર છે. આ વાતની ખાત્રી માટે બીજા બધા પૂરાવા બાજુએ મુકીને વિદેશી ઔષધોની બનાવટ માટે ખાસ આધારભૂત ગણાતા, ખાસ પ્રમાણભૂત મનાતા " બ્રિટિશ ફાર્માકોપીઆ " નામના પુસ્તકને તપાસીએ તો તત્કાળ માલુમ પડશે કે તેમાં દાખલ કરવામાં આવેલ. ઔષધો પૈકી સેંકડે ચાળીશ ટકા એટલે લગભગ અડધા ભાગ જેટલાં ઔષધો તો હિન્દુસ્થાનની પેદાશનાંજ છે. જો દેશી ઔષધો કાયદાકારક નથી તો પછી " ફાર્મા-કોપીઆ " માં દાખલ કેવી રીતે થયાં? કારણ " ફાર્મા કોપીઆ " એ કંઇ અનુમાનિક કિંવા કલ્પિત ગ્રંથ નથી, પરંતુ વિધવિધ ઔષધોને સેંકડો દરદીઓ ઉપર વાપરી જોતાં જે ઔષધમાં અમુક ગુણો રામબાણ રીતે રહેલા છે, એવી સેંકડો ડૉક્ટરોની તેમજ ગ્રેટ બ્રીટનની મેડિકલ કૌન્સિલની જ્યારે સંપૂર્ણ રીતે ખાત્રી થાય છે ત્યારેજ તે ઔષધને ફાર્માકોપીઆમાં દાખલ કરવામાં આવે છે.

દેશી ઔષધો ગુણકારી છે કે નહિ તેની શંકા આ ઉપરથી દૂર થઇ હશે! તેની સાથે એ પણ સમજાયુંજ હશે કે મનહર બાટલીઓમાં, મનહર નામવાળાં લેબલોથી વિભૂષિત થઇ મનહર રીતે પેક થઇ આવી આ દેશની લાખો રૂ. ની દોલતને વિદેશમાં વિદાય કરી દેનારાં મનહર ઔષધોનો ઘણો ખરો ભાગ એ અન્ય કંઇ વસ્તુ નહિ પરંતુ આપણા પગ નીચે અહોનિશ કચરાઈ જતી, મફત કિંવા પાણીના મુલ્યે મળતી વનસ્પતિઓનાંજ શોધી, સુધારી પાણી, અર્ક કે એક્સ્ટ્રાક્ટના સ્વરૂપમાં બદલી નાંખવામાં આવેલાં સ્વરૂપોજ છે.

વિદેશી ચિકિત્સા પદ્ધતિઓમાં જે જે ઔષધો પ્રચારમાં છે તેવાજ ગુણવાળાં ઔષધો તો આ દેશમાં અસંખ્ય છે એમાં તો કંઇ શક નથી. પરંતુ એ ઉપરાંત બીજાં પણ અનેક એવાં ઔષધો આ દેશમાં હયાત છે કે જેની બરાબરી વિદેશી ઔષધો તો શું પરંતુ તેઓનાં અમોઘ શસ્ત્રો કિંવા અદ્ભુત શાસ્ત્રીય શોધો પણ કરી શકે તેમ નથી. આ દેશમાં એવી પણ વનસ્પતિઓ હયાત છે કે માત્ર તેઓના રસના અંજનથીજ સૂક્ષ્મ દર્શક યંત્ર વડે પણ ન જોઇ શકાય તેવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ અદૃશ્ય ચીજોને પણ જોઇ શકાય છે. એવી પણ વનસ્પતિઓ હયાત છે કે માત્ર એકજ વખત તેઓનો રસ પીવાથી હમેશના માટે ભૂખ અને તરસની શાન્તિ થઇ જાય છે એવી પણ વનસ્પતિઓ હયાત છે કે જેઓના સેવનથી મરણ તુલ્ય વૃદ્ધાવસ્થાએ પહોંચેલો મનુષ્ય પણ નવ યૌવન થઇ જાય છે. એવી પણ વનસ્પતિઓ છે કે જેઓના રસના સ્પર્શ માત્રથી ત્રાંબા કે કલાઇ જેવી હલકી ધાતુઓ સોના કે રૂપાના સ્વરૂપમાં બદલાઇ જાય છે. એવી પણ વનસ્પતિઓ છે કે જેના સેવનથી અતિન્દ્રિય જ્ઞાન અર્થાત્ ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળની બાબતો જોવા સાંભળવાની તેમજ સમજવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

જો કે આવી વનૌષધિઓ પૈકી ઘણી ખરી સંબંધિનું જ્ઞાન આજે આપણે ગુમાવ્યું છે, તોપણ હજુ વિદેશી વૈદ્યક કરતાં કોઇ પણ રીતે આપણી ચિકિત્સા પદ્ધતિ ઊતરતો દરજ્જો ભોગવે છે એમ માનવાને કંઇ પણ કારણ નથી. વિદેશી વૈદ્યકમાં પારંગત મનાતા જર્મન મહાન્ ડૉક્ટર વોન નુનડેને મહાન્ શોધ કરીને મધુ મેહના દરદ માટે જે નવિન ચિકિત્સા હાલમાં શોધી કાઢી આપ્યા

યુરોપને આશ્ચર્ય ચકિત કરી નાખ્યું છે તે ચિકિત્સા તો આપણા દેશમાં છેક પ્રાચીન કાળમાં લખાએલા ચરક સંહિતા નામે ગ્રંથમાં સંપૂર્ણ રીતે વર્ણવવામાં આવી છે. "લેન્સેટ" નામનું વિશ્વ વિખ્યાત વૈદ્યક પેપર સને ૧૯૧૫ ના નવેમ્બર માસના અંકમાં જણાવે છે કે આ ચાલુ લડાઈમાં જખમો ઉપર બીજાં કોઇ પણ ઔષધો કરતાં મનુષ્યનું મુત્ર વિશેષ ગુણકારી થઇ પડયું છે. આ વાતને વિદેશીઓ ભલે એક નવિન શોધ તરીકે માને, પરંતુ આપણા દેશમાં તો એક અજ્ઞાન બાળક પણ આ વાતથી અજાણ્યું નથી અને તેથી કોઇ પણ કારણથી તેના શરીરનો કોઇ પણ ભાગ જો કપાય છે તો તે ભાગ ન પાકતાં રૂઝાઇ જાય એટલા માટે બીજો કોઇ પણ ઉપાય ન કરતાં તે કપાયેલા ભાંગ ઉપર તરતજ પેશાબ કરી નાંખે છે. સર્પ દંશમાં સુવર્ણ ભસ્મ અજબ ગુણ કરે છે એવું એક ડૉક્ટરે હાલમાં સિદ્ધ કર્યું છે પરંતુ એ વાત પણ ચરકે સ્પષ્ટ રીતે કહેલી છે. હમણાંના ડૉક્ટરોએ મહા ભારત પરીશ્રમના અંતે એક એવી નવિન શોધ કરી છે કે જલોદરના રોગીને મીઠું ખાવાને આપવું નહિ. આ વાત પણ ચરકે દર્શાવેલી છે એટલુંજ નહિ કિન્તુ વિશેષમાં એમ પણ કહેલું છે કે મીઠાના બદલે ગૌ મુત્ર આપવું જેથી જલોદરનું પાણી મુત્ર માર્ગે જલદી વિસર્જન થાય છે. આ વાત વિદેશી ચિકિત્સકોના ધ્યાનમાં હજુ ઊતરી નથી જેથી તેઓની ચિકિત્સા પદ્ધતિમાં ગૌ મુત્ર જેવું ઊત્તમ મુત્રલ ઔષધ દાખલ કરવામાં આવ્યું નથી. આંતરડાંને કંઇ પણ ઇજા ન કરતાં તેમાં રહેલા મળને કાઢી નાખવાને નિર્ભય જુલાબ માટે એરંડીયું આપવાને ચરકે જણાવેલું છે તેવીજ રીતે વિદેશીઓએ પણ અનુકરણ કરેલું છે [illegible]

બીલીનો ઉપયોગ કરવાની ડૉક્ટરો મજબુત રીતે ભલામણ કરે છે પરંતુ એ સિદ્ધાન્ત પણ ઘણા સમયથી દેશી વૈદ્યકમાં ચાલ્યો આવે છે. ક્ષયના દરદ ઉપર ડૉક્ટરો જે ઔષધો આપે છે તેજ ઔષધો ૧૦૦૦ વર્ષ પૂર્વે ચરકાચાર્યે જણાવેલાં છે. ભયંકર તાવની બિમારી માટે ડોક્ટરોમાં જે નવિન ચિકિત્સા આજકાલ અજવાળામાં આવી છે તે પણ ચરકમાં પરીપૂર્ણ છે.

આ રીતે જે જે વાતો નવિન શોધોના નામે આજકાલ અજવાળામાં આવતી જાય છે, તે તો બધી દેશી વૈદ્યકમાં હજારો વર્ષો પૂર્વે લખાએલી છે એટલુંજ નહિ પરંતુ તે ઉપરાંત બીજી પણ એવી અનેક બાબતો આપણા વૈદ્યકમાં અસ્તિત્વ ધરાવે છે કે જેના વિષે લેશ માત્ર પણ વિદેશીઓને માહીતિ નથી.

હૃદયની ગતિ જાળવી રાખવાને માટે ડીજીટેલીસ નામનું ઔષધ વિદેશી વૈદ્યકમાં વપરાય છે પરંતુ તેવું કામ કરવાને દેશી વૈદ્યોમાં કડુનો ઊકાળો નિર્ભય રીતે વપરાય છે. પોટાસ બ્રોમાઇડનું કામ હરમલ નામની ઔષધિ કરે છે, બ્રાઇટડીઝીઝ એટલે મુરદાના દરદ માટે સ્પિરિટ ઇથર નાઇટ્રોસીના બદલે અનંત મુળ ઘણું સરસ કામ કરે છે. આઇપીકાકની જગ્યા મફત મળતો આકડો સારી પેઠે લેઇ શકે છે. કવાસીયાનું કામ લીંબડો બજાવે છે અને કેલંબાના ગુણો ગળો, ગોયાકમના ગુણો ચંપો, જાલપનો ગુણ કાળા દાણા, ગોલિકનો ગુણ માયાં, કાઈસોફેનિકનો ગુણ કુવાડીયો, થાઇગલનો ગુણ અજમો, બેલાડોનાનો ગુણ ધંતુરો, વેલેરીયનનો ગુણ જટામાંસી, સેન્ટોનાઇનનો ગુણ કીરમાણી અજમો અને હેઝેલીનના જેવો રક્ત સ્તંભક ગુણ નાગલી દુધેલી સમાવે છે.

આ રીતે વિદેશી ઔષધોની હરીફાઇમાં ઉતરી શકે તેવી તો આ દેશમાં અસંખ્ય ઔષધિઓ છે પરંતુ એ ઉપરાંત એવી પણ ઔષધિઓ છે કે જેઓની બરાબરી કરી શકે તેવાં ઔષધો વિદેશી વૈદ્યકમાં નથી. પેડોફાઈલીન અને ટેરેક્સીના ડોઝ પીવા છતાં પણ ન મટનારો કમળો માત્ર કુકડવેલનો રસ સુંઘવાથી મટી જાય છે. ઘામાંથી વહેતું લોહી માત્ર અંઘેડાનો રસ ચોપડવાથી બંધ થાય છે. ઢોરનાં ઘાંમાં પડેલા કીડાઓ ફીનાઈલના બદલે મફત મળતા કલિહારીના મુળનો રસ નાંખવાથી દુર થાય છે. શરીરમાં ખુંચી બેઠેલું શલ્ય વગર ચીરે માત્ર વિશલ્યાનો રસ ચોપડવાથી બહાર નીકળી જાય છે. છરી, તરવાર કે ચાકુથી જખમી થયેલા મનુષ્યના ઘામાં નાગબલા એટલે ગંગેટીનો રસ ભરવાથી તત્કાળ વેદના શમી જાય છે. સહદેવીનાં છોડને વાટીને તેનો રસ માથે ચોપડવાથી ભયંકર તાવ પણ ઉતરી જાય છે. અને બ્રાહ્મીબુટ્ટીની લુગદી બનાવી માથે મુકવાથી બરફની ગરજ ટળી જાય છે.

અરે! આ તો કેવળ સ્વલ્પમાત્ર દિગ્દર્શન કરાવ્યું, પરંતુ દેશી વૈદ્યકમાં આવી તો અનેક ખૂબીઓ રહેલી છે, અને જ્યારે એવા અનેક ખૂબીઓ આપણા વૈદ્યકમાં રહેલ છે ત્યારે વિદેશી વૈદ્યકમાં નવિન શું છે? વિદેશી ચળકાટના મોહમાં પડી દેશી વૈદક પ્રત્યે દિન પ્રતિદિન કરવામાં આવતી બેદરકારીને લીધે તે સંબંધિ વધતું જતું અજ્ઞાન એજ માત્ર નવિન છે જ્યારે આમ છે, અને વળી આજકાલ આટલા, દામના પૈસા ખર્ચ કરવા છતાં પણ વિદેશી ચીજો મળતી નથી, ત્યારે શીઘ્ર પરિણામી ઔષધો તૈયાર કરવામાં આવેલી ટિંક્ચર, એક્સ્ટ્રાક્ટ વિગેરે અર્ધ ડઝન વિદેશી ઔષધિઓની

મોહ ઓડી દેઈ તેમજ ઊંટ વૈદ્યોના પાલે પડી પારો, સોમલ, હરતાલ વિગેરે હળાહળ ઝેરોની અશુદ્ધ બનાવટોનું સેવન કરી એક રોગ મટાડવાને બદલે બીજાં અનેક દરદોના ભોગ થઈ પડયા સિવાય, અતિ પવિત્ર, નિર્ભય, કદી પણ અવગુણ ન કરનારી, જ્યારે જોઈએ ત્યારે સરળતાથી મળી શકનારી, અલ્પ મુલ્યવાળી છતાં અમૂલ્ય ગુણકારી દેશી વનસ્પતિની જડીબુટ્ટીઓનોજ ઉપયોગ કરો કે જેથી તમારી તનદુરસ્તીને અજબ ફાયદો થાય, દેશી વૈદ્યકમૃત સંજીવન થાય, વૈદ્યોનો ઊત્સાહ જાગ્રત થાય અને દેશની દોલત વિદેશ ન ઘસડાઈ જાય. એજ સુજ્ઞેષુ નાકિમ્ બહુના.

દ્વિતિયાવૃત્તિની ભૂમિકા.

આ પુસ્તકની પ્રથમાવૃત્તિ અત્યંત લોકપ્રિય થઈ સ્વલ્પ સમયમાંજ ખપી જવા છતાં જનસમાજની માગણી જેવીને તેવીજ તીવ્ર હોવાથી તેની દ્વીતિયાવૃત્તિ પ્રગટ કરવાની આવશ્યકતા જણાઈ છે. ગ્રંથ મુદ્રણને લગતાં સાધનોની અસહ્ય મોંઘવારીના સબબે જો કે તેની મૂળ કિંમતમાં સ્વલ્પ વધારો કરવાની ફરજ પડી છે, પરંતુ તે સાથે તેટલા પુરતો તેમાં યોગ્ય સુધારો વધારો કરવાનો પણ બદલો આપવામાં આવ્યો છે, અને તેથી આશા છે કે પ્રથમાવૃત્તિની માફકજ આ આવૃત્તિ પણ જનસમાજની પ્રીતિનું પાત્ર થઈ પડશે.

ગ્રંથકર્તા.

દરદો અને તેના અનુભવિક ઉપાયો.

વિષય.	પૃષ્ઠ.
સર્વ વ્યાધિહર દિવ્ય ઔષધ	૧–૭
નપુંસકતા	૭
વાળો	૮
ઘૃતાગ સત્વવિધાન	૬
જાદુઇ વીંટી	૧૦
બનાવટી સુવર્ણ	૧૧
પારાની ગોળી	૧૨–૧૭૭
ક્ષય, શ્વાસ, ખાંસી	૧૯–૧૮–૧૨૨
પાંડુ, જલોદર, સોજા	૧૮
અનેક રોગહર પવિત્ર સુવર્ણ	૨૧
આંખનાં દરદો	૨૨
મરડીનો અજબ ઉપાય	૨૫–૭૪–૭૧
દવા શુદ્ધ કરનારી દવા	૨૭
જુ, ચીંચ દુર કરનાર	૨૭
મડ, મુમડ, ગાંઠ	૨૭
બધુ, ચાંદાં, ચાંદી, રતવા	૨૭–૧૨૧
કામોદીપન ગુટીકા	૨૭
સમીરાંકુશ તેલ	૨૮
ભંગરસ વિધિ	૨૯
સોમલરસ વિધિ	૪૦

આમણનો ઉપાય ૩૦
અર્શનો અજબ ઉપાય ૩૧
ઝાડો, મરડો, સંગ્રહણી ૩૭–૧૦૫
ઊથલાખાતો તાવ ૩૮
ગર્ભપાત થતો અટકાવવો ૩૯–૧૦૬
બળત્રા થવી ૩૯
અંતરગળનું અદ્ભુત ઔષધ... ... ... ૪૧
સર્પદંશના અજબ ઉપાયો ૪૫–૫૬–૧૦૧
ઝણના કીડા ૪૭–૪૮–૪૯–૫૦
પતનો રામબાણ ઇલાજ ૫૨–૫૩
શસ્ત્રક્રિયાનું કામ કરનારી જાદુઇ જડી... ... ... ૫૮
ઘામાંથી વ્હેતું લોહી તત્કાળ બંધ કરનારી દીવ્યૌષધિ ... ૬૦
ચેપી રોગો લાગુ પડતા અટકાવનારો ઝેર મહોરો ૬૧–૬૩
કોલેરાના અજબ ઉપાયો ૬૫–૬૬–૧૦૪
એક દીવ્ય મહૌષધિ ૬૬–૭૨
આઠ કટોરી પાણીનો અદ્ભુત પ્રયોગ ૭૬–૮૨
ઉષાજલપાન વિધિ ૮૨–૮૪
નિંદ્રાપ્રદસ્નાન ૮૪
શાન્તિદાયક સ્નાન ૮૪
શક્તિવર્ધક સ્નાન... ... ... ૮૫
વિષ નિવારક શિતળજળ સ્નાન ૮૬
ચૈતન્યદાયક ઉષ્ણજળ સ્નાન... ... ... ૮૭
સંધિવા શામક બાષ્પ સ્નાન ૮૭–૮૯

મેદહર ઉષ્ણ વાયુ સ્નાન ૮૮
વિવિધ ફળદાયક જલાર્દ્રપટ સ્નાન ૮૯–૯૧
જનનેન્દ્રિય રોગટાળક કટી સ્નાન ૯૪
શરદીશામક પાદ સ્નાન ૯૪
ત્વચા રોગહર ઔષધિ મિશ્રિત સર્વાંગ સ્નાન ... ૯૫–૯૬
જ્વરહર „ બાષ્પ સ્નાન ૯૬
જળોપચારના વિવિધ પ્રયોગો ૯૭
પ્રદર તથા પ્રમેહ ૧૦૫–૧૨૧
સંધિવા ૧૧૧
ઉન્માદ, અપસ્માર, હીસ્ટીરીયા ૧૧૨–૧૩૪
મોહન પ્રયોગ ૧૧૪
અજબ ઉચ્ચાટન ૧૧૫
નીધિ દર્શન ૧૧૬
હજરાયત ૧૧૮
વશીકરણ ૧૧૫
ત્રાંબાની સફેદ ભસ્મ ૧૨૮
સર્પમોહન ૧૩૧
કફલોજેન્જીસ ૧૩૦
નેપાળાના વિષનું વારણ ૧૩૩
ધાતુસ્રાવ ૧૩૬
અલૌકિક જ્ઞાન સિદ્ધિ ૧૪૪
અજરામર પ્રાપ્તિ ૧૪૪
દીવ્ય દેહ ધારણ ૧૪૬

જંગલની જડીબુટ્ટી.

દ્વીતિય ભાગ.

नमामि धन्वंन्तरि मादि देवं ।
सुरासुरै र्वंदित पाद पद्मम् ॥
लोके जरा रुग्भय मृत्यु नाशं ।
धातार मीशं विविधौषधीनाम् ॥

સુર અને અસુર, દેવ અને દાનવો સર્વેથી એક સરખી રીતે ગુજાએલા, વિવિધ ઔષધિઓને ધારણ કરનાર ભગવાન્ સ્વરૂપ, જગતને રોગ, વૃદ્ધાવસ્થા અને મરણના ભયથી બચાવનાર એવા આદિ દેવ " ધન્વન્તરિ " ને નમસ્કાર કરૂં છું.

અજમો.

સં. યવાની, દીપ્યક. હિં. અજવાયન. મ. ઓંવા. બં. યમાની, યોયાન્. તૈ. ઓમમી. ફા. નાનુખા. ઇં. Bishops Weed seed. લા. Carum Copticum Ptychotis.

વિવરણ—અજમો એ પ્રસિદ્ધ વસ્તુ છે. અને છેક નાનામાં નાના ગામડામાં પણ તે મળી શકે છે. એનાં બીયાંને કચરીને પાંચ-

બકરા પાણી સાથે બાંજવીને પછી પીવાનો દારૂ બાળવાની રીત મુજબ અજમાનું પાણી એટલે અર્ક ખેંચવાથી તેમાંથી એક જાતનું તેલ નીકળી આવે છે, જે એકાદ, બે દિવસ રહેવા દીધાથી જળની સપાટી ઉપર ઠરી જઈ સરાટિક રૂપ એટલે પાસા—સળીઓ જેવા તેના કુમ્બો બંધાઈ જાય છે, જે " અજમાનાં ફુલ " ના નામે બજારમાં વેચાય છે. જેથી સર્વ સ્થળે પ્રસિદ્ધ છે.

ઉપયોગ—અજમામાં ઊષ્ણ ગુણ હોવાથી દીપન, પાચન તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ કાર્ય માટે તેણે એટલી બધી વિખ્યાતિ મેળવેલી છે કે તેના માટે "एका यवानी शतमन्न पाचिका" " એકલો અજમોજ સેંકડો પ્રકારના અન્નને પાચન કરનાર છે " એવી કહેવત સંસ્કૃત ભાષામાં ઘણા પ્રાચીન કાળથી વૈદ્યોમાં પ્રચલિત થયેલી છે અને તે અક્ષરશઃ સત્ય છે; કેમકે કરીયાતાનો કટુપૌષ્ટિક હિંગનો વાયુનાશક અને ચુંકહર તથા મરીઆંનો અગ્નિ દીપન એ બધા ગુણો અજમામાં રહેલા છે અને તેથી તે એ બધા ગુણો અજમામાં રહેલા છે અને તેથી તે એ બધા પદાર્થોની ગરજ સારે છે. તેનામાં રહેલા આવા ગુણોને લક્ષને તે વાયુ, કફ, ઊદરરોગ, આફરો, ગુલ્મ, બરોળ અને કૃમિનો નાશ કરવા માટે બહુ વપરાય છે, એટલુંજ નહિ પરંતુ શ્વાસ, ખાંસી, હેલટી, અને અજીર્ણના દરદમાં પણ તેનાથી સારો ફાયદો થતો જોવામાં આવે છે.

વૃન્દ કહે છે કે અજમાનું ચુર્ણ ખીઠલુણ કિંવા સિંધવ સાથે લેવાથી પવનનો, ઝાડાનો, અને પેશાબનો ખુવાસો થાય છે, અને ભાવમિશ્ર જણાવે છે કે દરરોજ સવાર, સાંજ એક તોલા અજમાના ચૂર્ણને ગોળ સાથે મેળવીને ખાવું, જેથી સાત દિવસમાં શીળસનું

દરદ દુર થાય છે. કોલેરાના દરદમાં દેશી તેમજ એંગ્લો ઇંડીઅન ચિકિત્સકો તરફથી અજમાને ઘણી ઊંચી જગ્યા આપવામાં આવી છે, કેમકે તેના ઉપયોગથી ખાસ કરીને કોલેરાની પ્રાથમિક સ્થિતિ એટલે ઝાડો, ઊલટી બંધ થાય છે.

ચોખ્ખો અજમો સાડ તોલા લેવો ચૂર્ણ કરી તેમાં બીડલુણ, સંચળ, સાંભર લુણ, સિંધાલુણ અને કાચલુણ એ દરેક ચાર, ચાર તોલા લેવું કરેલું ચૂર્ણ મેળવી ચીનાઈ માટીના વાસણમાં નાંખી તેમાં બેંશી તોલા લીંબુનો રસ મેળવી એક મહીના સુધી દિવસના સૂર્યના તાપે અને રાત્રે ઘરમાં રાખી મુકવું. પછી દરરોજ સવાર, સાંજ એક, એક તોલા જેટલું લઇ જળ સાથે સેવન કરવાથી બંધ કોશ દુર થઇ અગ્નિ પ્રદિપ્ત થાય છે. વળી ક્ષય, શ્વાસ, કૃમિ આ ઔષધ ના તોલો લેવું તેમા એકાદ, બે ઘડીભાર પેપેન એટલે કાચાં પપૈયાંના દુધ જેવા રસનું સત્વ મેળવીને ખાવાથી અજીર્ણ, અમ્લપીત્ત, સંગ્રહણી, મંદાગ્નિ વિગેરે દરદોમાં અતિ શીઘ્રપણે ફાયદો થાય છે.

હાલમાં દરેક દરદો માટે જુદી, જુદી જાતની અનેક પેટંટ દવાઓ પ્રસિદ્ધ થાય છે. વળી મુસાફરીમાં અચાનક થઇ આવનારાં દરદો ઉપર કામ લાગે એવાં ઔષધો સમાવનારી "પ્રથમ પેટીઓ" ખરીદવાને માટે પણ કેટલાએક વૈદ્યો અમર તો ડોકટરો તરફથી બનાવવો થાય છે. આ બધી દવાઓ ખરીદવા માટે ભારે રકમનો બોજા આપવા છતાં પણ તેનું જોઇએ તેવું સંતોષકારક ફળ આવતું નથી અને ખર્ચેલા પૈસા પાણીમાં જાય છે. પરંતુ અજમામાંથી એક એવી દવા બની શકે છે કે જેને તૈયાર કરવાને માટે વધારે

રકમનો વ્યય કરવો પડતો નથી. માત્ર બૂજ પૈસામાં અને થોડાજ સમયમાં સહેલાઈથી તૈયાર થાય છે, છતાં મનુષ્ય જાતિને હાલ આવ થતાં અનેક દરદો તેના ઉપયોગથી નાબુદ થાય છે; અને વેથી મુસા-ફરીમાં પણ તે દવાની માત્ર એકજ બાટલી સાથે હોય તો બીજી દવાઓની કિંમત વૈદ્ય, ડોકટરની એકદમ જરૂર પડતી નથી. આ દવા બનાવવાની અને તેને વાપરવાની રીત એવી છે કેઃ—

અજમાનાં ફુલ, પીંપરમીન્ટનાં ફુલ અને દેશી કપુર એ ત્રણે ચીજો સરખા ભાગે લેઇને એક રટોપર એટલે કાચના બુચવાળી શીશીમાં નાંખી તેનો બુચ બરાબર રીતે બંધ કરીને બાટલીને તડકે અથવા તો ગરમ જગ્યાએ રાખી મુકવાથી થોડી વારમાં બધી ચીજો પીગળી જઇને મનહર કેસરી રંગનું પ્રવાહી તેલ તૈયાર થશે. આ પ્રવાહી અનેક વ્યાધિહર એટલે લગભગ બધાં દરદોને મટાડનારૂં છે. માથું દુઃખવું, દાઢ દુઃખવી, પાંસળીઓમાં શૂળ આવવું, બરડો છાતી કે કમરમાં ફાટ થવી, ચસકા આવવા, સાંધા દુઃખવા, સંધિવા કે નબ્બલાના લીધે વેદના થવી, વિગેરે દરદોમાં પીડાવાળા ભાગ ઉપર આ દવા બસળવાથી તરતજ આરામ જણાય છે. ઝામરવ નું દરદ કે જેમાં અસહ્ય પીડા થાય છે તેમાં આ દવાનું નસ્ય લેવાથી એટલે નાક દ્વારા સુંઘવાથી તેમજ કપાળમાં માલીસ કરવ થી અજબ ફાયદો થાય છે. દાદર, ખસ, લુખસ, ફોલ્લા, ફોલ્લીઓ ખીલ, અળાઇઓ વિગેરે ઉપર ચોપડવાથી સારો ફાયદો થાય છે ક્ષેત્ર એટલે ગાંઠીઆ તાવના દરદીને દર બે, બે કલાકે આ દવાનાં બે, બે ત્રણ ટીપાં પાણી સાથે પાવાથી તેમજ સાંઢ ઉપર ચોપડીને તેના ઉપર રોક કર-વાથી ઘણા દરદીઓ બચી જાય છે. કોલેરાના દરદની શરૂઆતમાં

દર અર્ધા કલાકના અંતરે આ દવાનાં બે, થી ચાર ટીપાં પતાસા ઉપર નાંખીને આપવાથી લગભગ બધા દરદીઓ બચી ગયાનો અનુભવ અહેલો છે, અને ઝાડો, મરડો, ચુંક, શૂળ, શરદી, સળેખમ, શ્વાસ, સસણી, ગુલ્મ, ઉલટી વિગેરે દરદોમાં એજ રીતે દિવસમાં ત્રણ વખત આપવાથી ઉત્તમ ફાયદો થતો જોવામાં આવ્યો છે. વળી આ દવા ચોપડવાથી સાપ, વીંછી, ભમરી અને મદમાખીના ડંખનું ઝેર નાબુદ થાય છે, તેમજ ઝાઝરૂં જઇ આવ્યા પછી આ દવા મિશ્રિત કરેલા જળ વડે ગુદા પ્રક્ષાલન કરવાથી અર્શ એટલે મસાની પીડા પણ શાંત થાય છે. નામરદીવાળા દરદીઓ જો સાંઢાના તેલના નામે પ્રખ્યાત થયેલી અપવિત્ર વસ્તુની પાછળ ખરાબ થવા કરતાં માયના ચોખ્ખા ઘીમાં આ દવાનાં બે, ત્રણ ટીપાં મેળવી જનનેન્દ્રિય ઉપર મસળે અને પછી તેના ઉપર નામરવેલનું પાન બાંધે તો નિર્બળ, શિથિલ અને જાગૃતિ વગરની થઇ ગયેલી નસો પાછી બળવાન અને સતેજ બને છે. બાળકોના હરેક જાતનાં દરદોમાં આ દવા બાળકોની ઉમરના પ્રમાણમાં એકથી ત્રણ ટીપાં જેટલી લેઇ મધ સાથે મેળવીને આપવાથી ફાયદો થાય છે, અને સ્ત્રીઓ જો ચાર ટીપાં જેટલી દવા લેઇ મધ સાથે સેવન કરે તો તેઓના રૂતુ સબંધિ અનેક વિકારો દુર થાય છે.

એ રીતે આ સર્વ સાધારણ ઉપાય સ્ત્રી, પુરૂષ અને બાળકોનાં સર્વે દરદો ઉપર ગુણકારી નીવડે છે, જેથી જેની પાસે આ દવા તૈયાર હોય છે તેને હાલ ચાલ થતાં દરદો માટે બીજી દવાઓની જરૂર રહેતી નથી, કારણ કે તે હરેક રોગમાં કામ લાગે છે. આ ઔષધના આવા ચમત્કારીક ગુણોને લેઇને લાહોર, મથુરાં, બીયાવર

વિગેરે શહેરોના ઔષધો વેચવાનો ઉદ્યમ લેઇ બેઠેલા કેટલાએક વૈદો તેને અથાગ શ્રમે શોધી કાઢેલી રામબાણ પેટન્ટ દવા મનાવી રહ્યા છે અને " અમૃતધારા " " પિયૂષધારા " " સુધાસિંધુ " " અમૃતબિન્દુ " વિગેરે ભિન્ન, ભિન્ન નામો સાથે પ્રસિદ્ધિમાં મુકી હજારો રૂપીઆ કમાઇ રહ્યા છે. આ રીતે પઈસા પ્રાપ્ત કરવાનો તેઓને પડતો અચ્છો તડાકો જોઇને ગુજરાતના પણ કેટલાએક વેપારીઓએ તેઓનું અનુકરણ કર્યું છે, અને આ પ્રવાહી બનાવવાને માટે મેળવવામાં આવતાં ઔષધોના માપમાં ફાવે તેમ વધઘટ કરીને અનેક ચિત્તાકર્ષક નામવાળાં પેટન્ટ મેડીસીનો તૈયાર કર્યાં છે. આમ સ્વચ્છંદ રીતે જુદી જુદી બનાવવામાં માત્ર આ ચીજોના માપમાંજ વધઘટ કરાય છે. અગરતો કદાચ કોઇ વધારાની ચીજ ઊમેરાય છે, પરંતુ મૂળમાં તો એ ત્રણે ચીજો ઓછા વધતા પ્રમાણમાં હોયછેજ.

કોઇ, કોઇ બનાવટમાં એ ત્રણે ચીજો સરખા ભાગે ન હોતાં પીંપમીન્ટનાં ફુલ એક ભાગ, અજમાનાં ફુલ બે ભાગ અને કપુર ચાર ભાગ હોય છે, ત્યારે કોઇની બનાવટમાં એક ભાગ પીંપરમીન્ટનાં ફુલ, અને કપુર તથા અજમાનાં ફુલ એ બે, બે ભાગ હોય છે. વળી કોઇ, કોઇ બનાવટ કરવાવાળાઓ તેમાં એક ભાગ કાર્બોનેટ ઓફ એમોન્યા અથવા નવ સાગરનાં ફુલ પણ ઉમેરે છે, જે એવી રીતે બનાવવામાં આવે છે કેઃ—

સળીઓવાળા નવસાગરને લીંબુનો રસ, અમરવેલનો રસ, સાટોડીનો રસ અને કેળનું પાણી એ દરેકમાં એક, એક દિવસ ઘુંટી તડકે સુકવતાં જ્યારે તદન સુકાઇ જાય ત્યારે માટીની એક ન્હાની હાંડીમાં નાંખી તેના ઉપર બરાબર રીતે મહોડું બેસતું આવે તેવી

બીજી હાંડી ઊંધી ઢાંકી ગરમ પાણીથી ભીંજવેલા અડદના લોટથી તે બન્ને હાંલ્લીઓનો સાંધો બંધ કરી ચુલે ચડાવી બોરનાં લાકડાંનો ધીમો અગ્નિ બે પહોર સળગાવવો અને ઉપરની હાંલ્લીના તળીઆ ઉપર આઠ પડ કરેલું એક ભીનું ડપડું રાખી મુકવું. જે સુકાતુ જાય તેમ, તેમ પાણીથી ભીંજવતા રહેવું; જેથી નવસાગરનાં ફુલ ઊડી ઉપરની હાંલ્લીના તળીએ ચોંટશે, જે હાંલ્લાં શીતળ થયા પછી સાંધો ઉખેડી ઉપરના હાંલ્લામાંથી લેઇ લેવાં.

આ રીતે આ ઔષધને બનાવવાની આજકાલ જો કે અનેક રીતો પ્રચલિત છે, તો પણ કપુર, અજમાનાં, પીપરમીન્ટનાં ફુલ એ ત્રણે ચીજો સરખા ભાગે લેવી એ રીત વધારે અનુભવિક છે. જે મનુષ્ય કપુરનો ભાગ વધારે ભાગ વધારે પ્રમાણમાં લેઇને આ ઔષધ તૈયાર કરે છે, તેઓના કરતાં ત્રણે ચીજો સરખા પ્રમાણમાં લેઇને કરવામાં આવેલું ઔષધ કિંમતમાં કંઇક મોંઘું પડે ખરૂં ! પરંતુ ગુણમાં પણ તેટલા પ્રમાણમાં અધિક થાય છે, અને તેથી અમારા અનુભવ પ્રમાણે તો ત્રણે ચીજો સરખા ભાગે લેઇને આ ઔષધ બનાવવું એ વધારે ઉત્તમ છે.

એ મુજબ આ ઔષધ બનાવીને પછી "કૃષ્ણકુપી," "મેજીકકુપી" "અજરામર કુપી" "સુધાતીધિ" વિગેરે એકાદ મનપસંદ નામનું લેબલ મારી રાખી મુકવુ, અને જ્યારે જોઇએ ત્યારે ઉપર બતાવેલી વિધિ મુજબ જુદાં જુદાં દરદો ઉપર તેનો ઉપયોગ કરવો.

અળસીઆં.

સં. ભૂનાગ, ભૂલત્તા. મ. ગાંડુળ. ફા. ખરાતીન. ઈં. Earth worm.

અળસીઆં એ પ્રસિદ્ધ પ્રાણી છે, ચોમાસાની ઋતુમાં આની ઉત્પત્તિ વિશેષ થાય છે. એ વીંતભર લાંબાં હોઇ લાલ રંગના થાય છે. એનો આકાર સાપને મળતો હોય છે અને ઉત્પત્તિ જમીનમાંથી થાય છે માટે સંસ્કૃત ભાષામાં એને " ભૂનાગ " ના નામથી ઓળખવામાં આવ્યાં છે. આ સર્વત્ર પ્રસિદ્ધ હોવાથી વિશેષ ઓળખાણની જરૂર નથી.

ઉપયોગ—અળસીઆંમાં ઘણા અનમોલ ગુણો રહેલા છે, અને તેથી તે જુદાં જુદાં કાર્યોની સિદ્ધિ માટે જુદી જુદી રીતે વપરાય છે, જેમાંની મુખ્ય નીચે મુજબ છે.

૧ નપુંસકતા માટે—અગેર અળસીઆને લાવીને છાંયમાં સૂકવી નાંખી પીવાનો દારૂ બાળવાની રીત મુજબ નલિકાયંત્રથી તેનો અર્ક કાઢવામાં આવે છે, જે નાગરવેલના પાન સાથે દરરોજ સવાર, સાંજ એક, એક ટીપા જેટલો ખાવાથી નપુંસક સ્થિતિમાં આવી પડેલા પુરૂષને ત્રણ દિવસમાં પુરૂષાતન પ્રાપ્ત થાય છે.

૨ વાળાના દરદ ઉપર—સુકાં અળસીઆંનું ચૂર્ણ કરી દરરોજ સવાર, સાંજ એક વાલ ચૂર્ણ લેઇ ગોળ સાથે ગોળી કરીને આપવાથી ત્રણ દિવસમાંજ શરીરમાંના સર્વે વાળા બળી જાય છે. આ પ્રયોગ ચાલતો હોય ત્યારે કેવળ દૂધ, બાતનોજ ખોરાક લેવો જોઇએ.

ભુનાગ સત્વવિધાન—જે જમીનમાં સોનું, રૂપું, ત્રાંબુ કિંવા લોઢું ઉત્પન્ન થતું હોય એવી જમીનમાં ઉત્પન્ન થયેલાં ૨૫૬ તોલા અળસીઆં લાવી પ્રથમ હળદરના રસથી ધોઈ નાંખી પછી ચોખ્ખા પાણીથી ધોઇને સાફ કરવાં; બાદ ચોવીશ કલાકથી ભુખ્યા રાખેલા મોર કિંવા જુવાન કુકડાને તે બધાં અળસીઆં ધીમે, ધીમે ખવડાવી દેવાં, અને તેની જે હગાર નીકળે તે લેઇને જવખાર અને ખાટા લીંબુના રસ સાથે ઘુંટીને સખ્ત તડકે સુકવીને માટીના એક કુંડામાં નાંખી અગ્નિ ઉપર ચઢાવી બાળીને રાખ કરવી. એ રાખમાં ગોળ, ગુગળ, સફેદ ચણોઠી, ઘી, મધ અને ટંકણખાર એ ચીજો સરખા ભાગે મેળવી સારી પેઠે ઘુંટીને માટીની મોટી મજબુત મુષમાં એટલે સોની લોકો સોનું, રૂપું ગાળવાને વાપરે છે તેવી કુલડીમાં નાંખી તે કુલડીને લુહારની ભઠ્ઠીમાંથી બહાર કાઢી ઠંડી પડવા દેવી, જેથી તેની અંદરની બધી ચીજો પીંગળીને એક બીજા સાથે મળીને કાટોડા જેવો પદાર્થ બની ગયેલો દૃષ્ટિએ આવશે. એ કાટોડાઓને ખાંડીને પાણી વડે સારી પેઠે ધોઇ નાંખતાં તેમાંથી જે રવા એટલે કણીઓ જેવો પદાર્થ દૃષ્ટિએ આવે તે જાળવીને કાઢી લેવો, અને તે રવાઓને એક કુલડીમાં નાંખી સોનું ઓગળે તેટલી વાર અગ્નિ ઉપર ધરવાથી તે બધા પીગળી જઇ એક રસ થઇ જશે, તેની એક ઢાળકી પાડી લેવી.

બીજી રીત—અળસીયાં એકઠાં કરી એક ઘડામાં ભરી તેમાં બકરીનું દુધ રેડી અગ્નિ ઉપર રાખી રાખ કરવી, પછી તેમાં ટંકણ મધ, ઊંટ અને ઘેટાના વાળ, હરડે, બહેડાં, આમળાં, ગાયનું ઘી અને ગુગળ એ દરેક સાડા ત્રણ; ત્રણ તોલા, તથા સાજીખાર પોણાત્રણ તોલા લેઇ કરેલું ચૂર્ણ મેળવી તેને ગાયના છાણ સાથે

મિશ્રિત કરી છાણું તૈયાર કરવાં. જે મુકામ જવ ત્યારે એક લાંબો ખાડો ખોદી તેમાં ઘવ, બાવળ કે બેરનાં લાકડાં ભરી તે ઉપર સદરહુ છાણાં મુકી અગ્નિ સળગાવવો. જ્યારે અગ્નિ શ્રિતળ થઇ જાય ત્યારે રાખને ચાળણીથી ચારી પેઠે ધોઇ નાંખવાથી તેમાંથી જે ત્રાંબા જેવા રવા નીકળે તેને એક કુલડીમાં ભરી અગ્નિ ઉપર મુકી પીંગાળી ઢાળકા બનાવી લેવી.

આ મુજબ વિધિથી કાઢવામાં આવેલું અળસીઆંનું સત્વ કે જે ત્રાંબા જેવા રૂપ, રંગનું નિકળતું હોવાથી " ભૂનાગ તામ્ર " એટલે અળસીઆંના ત્રાંબાના નામથી ઓળખાય છે તે બે આની ભાર અને ચોખ્ખું સેતું આધો તોલો લેઇને એ બન્નેને ભેગાં ગાળીને એક વીંટી બનાવવી, જે એક સાધારણ વીંટી તરીકે નહિ, પરંતુ ખરેખર ! અદભુત ચમત્કારીક જાદુઇ વીંટી તરીકે ઉપયોગમાં આવશે. જો કોઇ સ્ત્રીને પ્રસવ થતો અટક્યો હોય અને તેથી તેને કષ્ટ થતું હોય તો આ વીંટીને ચોડા એક પાણી સાથે સારી પેઠે ધોઇ નાંખીને તે પાણી પાવાથી તત્કાળ પ્રસવ થશે. વળી આ પ્રમાણે વીંટી ધોઇને તૈયાર કરવામાં આવેલું પાણી દરરોજ આંખોમાં નાંખવાથી ભયંકર નેત્ર રોગો પણ નાબુદ થશે. આ વીંટી મહોડામાં રાખીને સાપ પકડવાથી જો તે ડંખ મારે તો પણ તેનું ઝેર ચડતું નથી, તેમજ બે રતી જેટલી આ વીંટી પાણીમાં ઘસીને પાવાથી સર્પદંશ, અફીણ તથા વછનાગ વિગેરેનું ઝેર તત્કાળ ઉતરી જાયછે. દર ટાઇમે ખાવાના ખાણામાં કે પીવાનામાં આ વીંટી મુકવાથી જો તેમાં ઝેર મિશ્રિત થયેલું હોય તો તત્કાળ ઉભરો આવી ઝેર બાતલ થાય છે. અને તેથી શત્રુ તરફથી કોઇ પણ અકાળ મૃત્યુ થવાની બાકી રહેતી નથી.

એક કડાઇમાં થોડું એક વધનું તેલ નાંખી તેમાં આ વીંટીને બુડી તેલને સારી પેઠે કકડાવીને શિતળ થયેથી એક બાટલીમાં ભરી રાખવું. આ તેલ કાનમાં નાંખવાથી કાનનાં દરદો દુર થાય છે. અર્શ ઉપર ચોપડવાથી અર્શની પીડા નાબુદ થાય છે. ગુમડાં, ગલુ, કોઢ કિંવા કોઇ પણ કારણને લીધે પડેલાં ચાંદાં, ચાંદીઓ, ભાઠાં વિગેરે ઉપર ચોપડવાથી બીજા કોઇ પણ ઔષધ કરતાં જલદી રૂઝ આવે છે. વાયુના ચસકા, શૂળ, વિગેરે ઉપર માલીસ કરવાથી થતી વેદના તત્કાળ શમી જાય છે.

આ સત્વનો સંયોગ થવાથી પારો ઉડી ન જતાં અગ્નિ ઉપર સ્થિર થાય છે. અને તેથી મલ્લીનાથ નામનો મહાન સમર્થ જૈન તિર્થંકર પોતાના "ધાતુ રત્ન વિવાહ" નામના ગ્રંથમાં જણાવેછેકેઃ—

भूताग्रपात्रे रस कोरि भारा मधुरिकानांच सागांबुनार्थीः ॥
अथमदीपाग्नि दद्याच्च रात्रौ सप्ताहके हेम भवेद्ध्रुवंहि ॥

પાંચ તોલા અળસીઆનું ત્રાંબુ લેઇ તેની એક વાડકી બનાવવી. એ વાડકીમાં પાંચ તોલા પારો નાંખી રાત્રિના સમયે ચુલે ચડાવી નીચે કેવળ દીવાની જ્યોત જેટલો અગ્નિ સળગાવવો, અને વાડકીમાં સાગનાં કોમળ પાંદડાંમાંથી કાઢેલો રસ ભરતા રહેવું. આ પ્રમાણે સાત દિવસ કરવાથી તે પારો સોનાના સ્વરૂપમાં બદલાઇ જાય છે. "યોગરત્નાકર" નામના પ્રતિષ્ઠિત વૈદક ગ્રંથમાં જણાવેલું છે કેઃ—

भूछत्रा क्षीरखरीमूलं वारिणामर्दयेद्दृढम् ॥
तन्मूषांलेपयेन्मध्ये तन्मध्येनिक्षिपेद्रसम् ॥

पंचटंकप्रमाणांतां मूषामंगारके क्षिपेत् ॥
एवंवक्रोभवेत्सूतो मूषान्तःस्थोदृढो भवेत् ॥

અળસીમાં અને અબેડાનાં મૂળ એ બન્ને સરખા ભાગે લેઇ પાણી સાથે સારી પેઠે ખરલ કરીને એક માટીની કુલડીમાં તેનો લેપ કરવો. બાદ એ કુલડીમાં પાંચ ટાંક પારો નાખી તે કુલડીને કોલસાના અંગારામાં મુકવી, જેથી કુલડીની અંદર પારાની ગોળી બંધાઇ જશે.

આ સિવાય બીજા પણ અનેક ચમત્કારીક પ્રયોગો શાસ્ત્રોમાં ચમકી ગયા આવ્યા છે. પરંતુ ધર્મના બાધને લેવાને એક પણ પ્રયોગ અમે અજમાવી શકયા ન હોવાથી વિશેષ વિવેચન કરવું યોગ્ય ન ધારી આટલેથીજ અટકીએ છીએ. જેને આવો બાધ ન હોય તેઓ એ ઉપરોક્ત પ્રયોગો અજમાવી તેનું પરીણામ જણાવશે તો દેશી વૈદ્યકની સેવા કર્યા બદલનો મહાન ઉપકાર થશે.

અરડુસી.

સં. વાસા, આટરૂષ, હિં. અડુસા. બ. અડુળસા. અં. વસાકા. લા. Adhatoda Vasika.

વિવરણ–એનાં ઝાડવાં ચારથી આઠ ફીટ ઉંચાં થાય છે, જેમાં સામ સામી ઉંચી ચડતી શાખાઓ નીકળી તેઓના ઉપર ચારથી આઠ ઇંચ લાંબાં અને બેથી ત્રણ ઇંચ પહોળાં પાંદડાં એક બીજાની સામ સામે આવે છે. પુષ્પો ધારણ કરનારી સળીઓ લાંબી કલંગી જેવી હોય છે અને તેઓ ઘણું કરીને શાખાઓના છેડા પાસે નીકળે

છે છે. ફુલો ધોળા રંગનાં અને ફીકા જાંબુડા કે ભુરા રંગનાં છાંટણાં વાળાં હોય છે, ફળો ૦॥। ઈંચ લાંબાં અને ચાર બીજવાળાં હોય છે.

ઉપયોગ—અરડુસી ઘણા લાંબા સમયથી દવા તરીકે એટલી બધી પ્રખ્યાત થયેલી છે કે સાધારણ ગામડીઆં મનુષ્યો પણ તેનો ઝાડો, મરડો, ઉલટી, તાવ, ત્રિદોષ, કમળો, સોજા, સંધિવા વિગેરે અનેક દરદો ઉપર ઉપયોગ કરે છે, પરંતુ દેશી વઇદકમાં ખાસ કરીને તે જુની ઉધરસ, દમ, કફ અને ક્ષય રોગનો અકસીર ઉપાય મનાય છે અને તેથી પ્રાચીન વૈદ્યોએ તેની એટલા સુધી પ્રશંસા કરેલી છે કે:—

वासायां विद्यमानाया माशायांजीवितस्यच ॥
रक्तपित्ती क्षयीकासी किमर्थमवसीदति ॥

અરડુસી હયાત હોવા છતાં રક્તપિત્ત, ક્ષય અને ખાંસીના દરદીઓએ જીવવાની આશા શા માટે છોડવી જોઇએ ?

જો કે દેશી વૈદ્યોને તો તેના ગુણોનો આટલો બધો વિશ્વાસ છે અને તેથી ક્ષયના દરદ ઉપર પણ તેનો છુટથી ઉપયોગ કરે છે, પરંતુ આ દેશમાં થતી વનસ્પતિઓના ગુણ દોષ નક્કી કરવાને હિન્દુસ્થાન સરકારે નિમેલી "ઇન્ડાઇજેન્યસડ્રગ કમિટિ ઓફ ઇન્ડીઆ" પોતાના રિપોર્ટમાં જણાવે છે કે:—

It may be observed here that the verdicts of recent trials in Indian hospitals may be said to confirm belief in the plant as affording

relief in chronic bronchitis and asthma, but to preclude acceptance of its reputed virtue in cases of phathisis.

તે વાત તો અહીંઆં જણાવવી જોઇએ કે હિન્દુસ્થાનની હૉસ્પિટાલોમાં દમનું કરવામાં આવેલી અજમાશોના પરીણામમાં આ ઝાડ જુની બ્રીન્કાઇટીક એટલે શ્વાસ નળીની ખાંસી તેમજ દમના રોગમાંથી દરદીને મુક્ત કરે છે એમ મનાયું છે. પરંતુ ક્ષયના દરદને નાબુદ કરવાની બાબતમાં આ દવાના જે વિશાળ ગુણો ગવાએલા છે તે ખરા છે કે કેમ તે માનવામાં વાંધો છે.

" ફ્રારમાકોપીઆ ઑફ્ ઇન્ડીયા " નામે પુસ્તકનો લેખક પોતાના ખાસ અનુભવથી આ દવાની ખાંસી તથા દમના દરદ માટે મજબુત ભલામણ કરે છે, પરંતુ તેને એવી ખાંસી તથા દમમાં ઉપરવાને કહે છે કે તેની સાથે તાવ હોય નહિ. આ વાતને ધ્યાનમાં રાખવાની તે ખાસ કરીને ભલામણ કરે છે, જ્યારે દેશી વૈદ્યો પોતાના વંશપરંપરાના લાંબા સમયના અનુભવથી જણાવે છે કે તાવવાળા કેસોમાં પણ તે ફાયદો કરે છે. માત્ર તે તાવ વાયુથી પેદા થએલો હોવો જોઇએ નહિ.

નાકોલીની હૉસ્પિટાલના આસિસ્ટંટ સર્જન આતંદચંદ મુકરી જણાવે છે કે:—આ હૉસ્પિટલના આસિસ્ટંટ ડૉક્ટર ગોપાલચંદ્ર મુખરી કે જેમને દમનો બ્યાધી થયો હતો તેઓ બીજી બધી દવાઓમાં નિષ્ફળ થયા પછી આ ઔષધિનાં તાજાં પાંદડાં મુખમાંને બીડી તરીકે પીવાનો અભ્યાસ રાખવાથી દમના દરદમાંથી મુક્ત થયા હતા.

સર્જન જે. એફ. ડબલ્યુ મીડાજ જણાવે છે કે:—આનાં તાજાં પાંદડાનો ઉકાળો કરીને આપવાથી તે સ્વેચ્છમ સાથેની ખાંસીમાં બહુ ઉપયોગી નીવડે છે.

કચ્છ-ભુજના સરજન ડબલ્યુ. બેકન સાહેબ જણાવે છે કે:—એનાં પાંદડાંનું ચૂર્ણ કરી એકથી વીસ ગ્રેનની માત્રામાં ઉત્તમ કફઘ્ન ઔષધ તરીકે જુની ખાંસી તથા દમનાં દરદમાં અપાય છે.

પટનાના સર. મે. આર. એલ. દત્ત જણાવે છે કે:—અરડુસી બે જાતની થાય છે એક લાલ ફુલવાળી અને બીજી સફેદ ફુલવાળી, તેમાં પહેલી એટલે લાલ ફુલવાળી ક્ષય તથા ખાંસીની દવા તરીકે ઘણી અગત્યની છે.

મદ્રાસ કલાકામાં ગંજ ડીસ્ટ્રીક્ટના સર્જન પી. કીસલી એકાકોલ જણાવે છે કે:—અરડુસીનાં પાંદડાં બાફીને જો તેનાથી શેક કર્યો હોય તો ચસકા તથા સંધિવા મટી જાય છે. વળી તે સોજાઓને કમી કરવામાં પણ ઉપયોગી નીવડે છે.

બેંગલોરના સરજન મેજર જોન નોર્થ જણાવે છે કે:—આ વનસ્પતિ મદ્રાસમાં બહુજ સાધારણ છે, અને એના મૂળનું ચૂર્ણ કરી તેનો મેલેરીયાના તાવને માટે દેશી ડૉક્ટરો બહુ ઉપયોગ કરે છે.

સરજન મેજર ફ્રીડ્રસ પેટીરક જણાવે છે કે—દેશી વૈદ્યો પાંડુરોગ સાથેના જળોદરના વ્યાધિમાં એનો મૂત્રલ તરીકે ઉપયોગ કરે છે.

સરજન મેજર રોબ જણાવે છે કે:—આનાં પાંદડાનો રસ આમાતિસાર અને રક્તાતિસારમાં વપરાય છે અને જે મરડામાં

તાજું લોહી જતું હોય તો તેને બંધ કરવાને માટે અત્યંત ઉપયોગી છે. પારેસ કેમિકલ સોસાયટીના મેમ્બર કે. એમ નાદકર્ણી જણાવે છે કે:—The fresh juice two drachms with honey or with one drachm of gingerjuice or a decoction of the leaves and root with pepper is an excellent cough mixture useful in chronic bronchitis, asthma and consumption, The juice of the leaves is considered useful for diarrhoea and dysentery, especially in haemoptysis and in bleeding of dysentery. The strong decoction is an efficacious fomentation to rheumatic and painful swellings and neuralgias.

અરડુસીનાં પાંદડાંનો તાજો રસ બે ડ્રામ એટલે લગભગ ૬॥ થી ૭॥ તોલા જેટલો લઈને મધ સાથે અથવા તો એક ડ્રામ આદાના રસ સાથે મેળવીને આપવાથી અથવા તો તેનાં મુળીયાં અને પાંદડાંનો ઉકાળો કરીને તેમાં મરીયાં કે લીંડીપીંપરનું ચૂર્ણ મેળવીને આપવાથી તે એક ઉત્તમ કફ મીક્ષ્ચર તરીકે કામ કરે છે, અને તે સસણી, જુની ખાંસી, શ્વાસ અને ક્ષયના દરદમાં ઉપયોગી છે, વળી પાંદડાંનો રસ જે ઝાડા અને મરડામાં લોહી જતું હોય તેમાં ખાસ રીતે ઉપયોગી છે. એનો ગાઢો ઉકાળો કરી તે વડે શેક કરવો. એ સંધિવા, વેદનાયુક્ત સોજા અને પક્ષઘાતમાં અસરકારક છે.

ક્ષય ઉપર આ ઔષધિ આસાન રીતે કામ કરતી હોય કિંવા ન હોય, પરંતુ આ બધા અભિપ્રાયો તેમજ જાતિ અનુભવથી એ-

ટલું તો સિદ્ધ છે કે તે દમ, અને સસણી કિંવા સળેખમ સાથેની ખાંસીમાં રામબાણ ફાયદો કરે છે. વળી ઉલટી કિંવા ઝાડાવાટે પડતા લોહીને પણ તે અટકાવે છે. અને પાંડુ, જળોદર, સોજા વિગેરેનાં દરદો માટે પણ ઉત્તમ કામ કરે છે. આ બધાં કાર્યો માટે તેની જુદી જુદી અનેક બનાવટો વપરાય છે, પરંતુ તેઓ પૈકી વધારે પ્રચલિત બનાવટો આ મુજબ છે.

૧. વાસાસ્વરસ—અરડુસીનાં તાજાં પાંદડાંને વાટી કપડાના નાંખી નીચોવીને રસ કાઢી લેવો. એ રસ ૧ા થી એક તોલાના પ્રમાણમાં સેર મધ કિંવા સાકર નાંખી આપવાથી ઉલટી વાટે કિંવા ઝાડા વાટે પડતું લોહી બંધ થાય છે. " યોગ રત્નાકર "

૨. વાસાવલેહ—અરડુસીનો રસ તોલા ૬૪, સાકર તોલા ૩૨ અને ઘી તોલા આઠ સેર મંદાગ્નિથી પકાવતાં જ્યારે ચાટી શકાય એવો અવલેહ તૈયાર થાય ત્યારે નીચે ઉતારી તેમાં આઠ તોલા લીંડીપીપરનું ચૂર્ણ ઉમેરવું અને જ્યારે તે અવલેહ સાવ ઠંડો પડી જાય ત્યારે એટલે બીજા દિવસે તેમાં બત્રીસ તોલા મધ મેળવીને તેને કાચ કે ચીનાઈ માટીની બરણીમાં ભરી રાખવું. માત્રા ૧ા થી એક તોલો. ઉપયોગ ખાંસી, દમ, રક્તપિત્ત, હૃદય રોગ અને શ્વાસાતના ક્ષય ઉપર. " ભાવ પ્રકાશ "

૩ અરડુસીનું ચાટણ—અરડુસીનાં લીલાં પાંદડાંને વાટી તેનો એક ગોળો બનાવી તે ગોળા ઉપર વડનાં પાંદડાં વીંટાળી તેના ઉપર માટીનો બે આંગળ જાડો લેપ ચઢાવી અગ્નિની ઉપર સાડમાં ભારી રાખતાં જ્યારે ગોળા ઉપરની માટી પાકીને લાલ થયેલી જણાય ત્યારે ગોળાને બરસાડમાંથી કાઢી લેઈ તેના ઉપર

ની માટી દુર કરી ગોળાને નીચોવીને તેનો રસ કાઢી લેવો. એ રસ ૧૪ તોલા લેઈને તેમાં બત્રીશ તોલા સાકર મેળવીને ચાસણી બનાવતાં જ્યારે મધ જેવું ચાટણ તૈયાર થાય ત્યારે નીચે ઉતારી તેમાં ચાર તોલા હળદર અને તેટલુંજ બહેડાંના દળનું ચૂર્ણ ઉમેરવું. માત્રા ૦ા થી એક તોલો. ઉપયોગ-ખાંસી, કફ, શ્વાસ, ક્ષય, રક્તપિત્ત અને ઝાડા કે ઉલટી રસ્તે પડતા લોહી ઉપર.

૪ વાસાસવ—અરડુસીનાં પાંદડાં દશ શેર લેઈ તેને ૧૦૨૪ તોલા પાણી સાથે ઉકાળતાં જ્યારે ૨૫૬ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેઈ તે પાણીમાં બસો તોલા ગોળ અને સોળ તોલા ધાવડીનું ચૂર્ણ તથા તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, કંકોલ, સૂંઠ, મરીઆં, પીંપર અને નાગરમોથ એ દરેક ૨ીજ બે, બે તોલા લેઈ તેઓનું ચૂર્ણ કરીને નાંખવું. બાદ માટીના એક રીઢા વાસણમાં કિંવા બરણીમાં ભરી તે વાસણનું મહોડું બંધ કરી પંદર દિવસ રાખી મુકી પછી ગાળી લે. ઉપયોગમાં લેવું. માત્રા-૦ા થી બે તોલા જેટલો આ આસવ લેઈ તેટલાજ પાણી સાથે મેળવીને પીવા. ઉપયોગ-પાંડુ, જળોદર, અને સોજાના દરદ ઉપર.

૫ બ્રાઈટ ડીઝીઝ એટલે ગુરદાના દરદ ઉપર અરડુસી અને લીંબડાનાં પાંદડાં બાફીને તેનાવડે પેઢુ ઉપર વરાળીઓ શેક કરવાથી અને અરડુસીનાં પાંદડાંના ૦ા તોલા રસમાં તેટલુંજ મધ મેળવીને પીવાથી અત્યંત ચમત્કારીક રીતે આરામ થાય છે.

૬ દમનાશક સીગારટ—તાજાં પાંદડાંને સૂકવી ભૂકો કરી તેની સીગારેટ કિંવા, બીડી બનાવીને પીવાથી દમના દરદમાં ઘણીજ ઉત્તમ અસર થાય છે.

ઈંદ્રવારણી.

સં. ઈન્દ્રવારૂણી, ગવાક્ષિ, મહાફલા, વિશાલા, મ કાંવડળ, હિં. ઈંદ્રાયન, ઘોરૂમ્બા. લા. Citrullus Colocynthis.

વિવરણ—ખરાં ઇન્દ્રવરણાં અથવા જેને સંસ્કૃતમાં મહાફલા કહે છે તેની જગ્યાએ કાઠીયાવાડમાં ન્હાના ફળવાળાં ઇંદ્રવરણાં એટલે ગાય વસુકણાં અને કાંટાળાં ઇંદ્રવરણાં ઔષધ તરીકે વપરાય છે, પરંતુ ખરાં ઇંદ્રવરણાંના વેલા તેના કરતાં લાંબા હોય છે. એમાં તરબૂચનાં પાન જેવાં વિભાગીત પાન થાય છે અને નર તેમજ માદા ફુલો એકજ વેલા ઉપર જુદાં જુદાં આવે છે, જે ફીકાં પીળા રંગનાં હોય છે. ફળ ગોળાઈ લેતાં બેથી ત્રણ ઇંચ વ્યાસનાં પ્રથમ લીલાં અને પાછળથી પીળા સફેદ રંગિન પટાઓવાળાં થાય છે, જે લીલાં અને ચળકતાં હોય છે. બીજ ભૂરાં, લીલાં, ચળકતાં લંબગોળ, ચપટાં, એક છેડે ગોળાઈ લેતાં, અને બીજે છેડે અણીવાળાં હોય છે. એ અણી પાસે ધોળા ટપકી અને બન્ને બાજુએ ટુંકી બે, બે તીડ હોય છે. બીજ બે લાઈન લાંબાં અને દોઢ લાઇન પહોળાં હોય છે. એનો આખો વેલો, ફળ, ફુલ અને બીજ એ બધાં કડવાંજ હોય છે.

ઉપયોગ—ઇંદ્રવરણીનાં ફળ તથા મૂળથી જુલાબ લાગે છે અને તે પિત, ઉદર વિકાર, કફ, કોઢ, ગાંઠ, પ્રમેહ, છોડ, કમળો, બરલ, વિષ, રસોળી, આમવાયુ, અંડવૃદ્ધિ વિગેરે દરદોને નાબુદ કરે છે.

" ફારમાકોગ્રાફીયાઇંડીકા " નો લખનાર જણાવે છે કે:—

ઈંદ્રવારણાં તીક્ષ્ણ રેચક છે અને કબજીયતને માટે ઉપયોગી છે. વળી તે યકૃત એટલે લીવરનો વરમ, પેટના સોજા, જલોદર અને જેમાં રેચની જરૂર પડે છે તેવાં દરદોમાં વાપરવામાં આવે છે.

અમજદ ઉલઅદ્વીયા સિરે પુસ્તકોના લખનાર મુસલમાન ગ્રંથકાર જણાવે છે કે:—ઇંદ્રવારણાં સરારના બધા બાગોમાંથી એકઠા થયેલા કફને બાંધી નાખવાને માટે એક સખ્ત જુલાબ છે, અને તેથી એનાં ફળો, પાંદડાંઓ, અને મુળીઓ કબજીયતને માટે, જલોદરના માટે, કમળાના માટે, ચુંકના માટે, કૃમિના માટે અને રસવિકારના માટે વપરાય છે.

"મેટેરીયા મેડીકા ઓફ વેસ્ટર્ન ઇન્ડીયા" ના લેખક ડૉક્ટર ડીમક સાહેબ જણાવે છે કે:—અમજદનો લખનાર એને વાપરવાની એક એવી વિધિ બતાવે છે કે ઇંદ્રવારણીનું એક ફળ લેવું તેની એક બાજુએથી ડમણી કાઢીને પછી તે ફળમાં મરીઓ ભરી પાછી ડમણી બંધ કરીને તેના ઉપર મોટો લમાડીને કેટલાએક દિવસો સુધી ચુલાની પાસે ઉનો રાખમાં ભરી દેવામાં આવે છે અને સારે બાદ તે મરીઓને કાઢી લેવું ચૂર્ણ કરી દીપન, પાચન જુલાબ તરીકે વાપરવામાં આવે છે. વળી કોઇ કોઇ પ્રસંગે મરીઓને બદલે રેવંચીનાં મૂળીઓ પણ ભરવામાં આવે છે.

"ઇંડીયા મેટેરિયા મેડીકા" માં જણાવવામાં આવ્યું છે કે:—ઇંદ્રવારણાં એ એક પ્રવાહી અતિશય રેચક બળ લાવનાર જલદ જુલાબ છે અને તેથી નિરંતર રહેતા તથા ઘણા સખ્ત બંધકોષમાં, તાવના દરદમાં, જલોદરના વ્યાધિમાં, ઋતુસ્રાવ અને ગર્ભસ્થાનના

દરદમાં, કાળજું, પેટ અને કમળાના દરદમાં તેમજ માથાના જુદા જુદા વ્યાધિઓમાં વાપરવાથી ઘણીજ સારી અસર થાય છે.

આ બધા અભિપ્રાયો ઉપરથી જણાય છે કે ચંદ્રવારૂણી એ એક ઉત્તમ દવા છે, તો પણ જ્યારે તે એકલી વાપરવામાં આવે છે ત્યારે અતિશય ચુંક અને અમળાટને પેદા કરે છે, અને તેથી તેને સ્વતંત્ર રીતે નહિ વાપરતાં બીજા વાતહર પદાર્થો સાથે મેળવીને વાપરવી જોઈએ કે જેથી ચુંક લાવવાની અસર કરે નહિ. આ પ્રમાણે થવાને માટે દેશી વૈદકમાં અનેક બનાવટો રપ૧૧ છે, પરંતુ એક યોગી મહાત્માની કૃપા કટાક્ષથી પ્રાપ્ત થયેલી ખાસ અનુભવિક બનાવટ આ મુજબ છે.

પવિત્રચૂર્ણ—અજમો ૫૦ તોલા, મીંઢી આવળનાં પાંદડાં દશ તોલા, નગોતરનાં મૂળની છાલનું ચૂર્ણ દશ તોલા, હરડેદળ પાંચ તોલા, આમળાં પાંચ તોલા, બહેડાં પાંચ તોલા, અને સુંઠ, મરીઆં, લીંડીપીપર, રેવંચીનો સારો, એળીઓ, ચીત્રાનાં મૂળ, અકલકરો, મેંદાલકડી, આંબાહળદર, સાજીખાર, ફુલાવેલી ભસ્ર ફટકડી લવિંગ, જાયફળ, સંચળ, નિંપત, બીડલુણ, કાચલુણ, સાંભરલુણ, વડાગરૂં મીઠું, બોયરીંગણીનાં મૂળ, પીપળામૂળ, કાળીજીરી, રાઈ, શાહજીરૂં, ટંકણખાર, જવખાર, મોથ એ દરેક ચીજો પાંચ, પાંચ તોલા લેઈને તેઓને ખાંડીને ચૂર્ણ કરવું. બાદ ચંદ્રવારૂણીનાં ફળ, પચ્ચીશ ફળો લાવીને તેઓની એક બાજુએથી ડગળીઓ કાઢીને તે ફળોમાં એ ચૂર્ણને ભરીને તે ફળોને કપડ માટી કરીને છાણાંના અંગારાની આગમાં ઘાલી પકાવતાં જ્યારે ફળો ઉપરની માટી પાકીને લાલ થયેલી નજર પડે ત્યારે અગ્નિમાંથી કાઢી લેઈ ફળોના ઉપર

ની કપડમાટી દુર કરીને તે ફળોની અંદર ભરેલું અઉષધ તથા ફળોનો ગર્ભ, બીજ બધાને કાઢી લઈ છાંયે સુકવી ખાંડીને ચૂર્ણ કરવું. આ ચૂર્ણ દરરોજ સવાર. સાંજ બાથી બા તોલા જેટલું લેઇ એક તોલા એરંડીઆ સાથે મેળવી પાંચથી દશ તોલા ગાયના દુધમાં નાંખીને પીવાથી અંડવૃદ્ધીનું દરદ દુર થાય છે. એટલાજ પ્રમાણમાં એકલે બાથી બા તોલા જેટલું લેઈ પાંચ તોલા ગૌમૂત્રમાં નાંખીને પીવાથી જળોદરનું દરદ દુર થાય છે. બે તોલા કુંવરના ગર્ભ સાથે મેળવીને ખાવાથી બંધકોશ, બરોળ અને કાળજાની ગાંઠ તેમજ કમળો દુર થાય છે. ખડસલીયા પીતપાપડાના ઉકાળા સાથે લેવાથી તાવનું દરદ નાબુદ થાય છે. બોરડીનાં મૂળના કવાથ સાથે લેવાથી વાયુ પોળાની શાંન્તિ થાય છે છાશ સાથે કિંવા ગરમ જળ સાથે લેવાથી ચૂક, શૂળ, પીડ આવતી મટી જાય છે. એક રતી હીરાકસીનું ચૂર્ણ અને એક તોલો કુંવરના ગર્ભ સાથે લેવાથી નષ્ટાર્તવનું દરદ દુર થઇ દર માસે નિયમિત અટકાવ આવે છે, આ સિવાય યોગ અનુપાત સાથે કિંવા શિતળ જળ કે મધ સાથે લેવાથી વળી તે માથાનાં દરદો, સંધિવા, આમવાત વિગેરે વિવિધ દરદોને દુર કરે છે. આ પ્રમાણે ઇંદ્રવારણીમાં જો કે અતિ ઉત્તમ ગુણો રામ એલા છે, તોપણ તે આંતરડાની પેચપેચવાળી ક્રિયાને અનિયમિત કરનાર છે એટલુંજ નહિ પરંતુ જો ઘણા વધારે પ્રમાણમાં આપવામાં આવે તો આંતરડાંનો સોજો ઉત્પન્ન કરે છે અને તેથી આ દવા ગર્ભવતી સ્ત્રીઓને, તેમજ ઝાડા, મરડા અર્શ કે આંતરડાંના ચાંદાંવાળા દરદીઓને કદી પણ આપવી નહિ.

૨. આંખનું પરવાળાં નામનું દરદ કે જેમ પાપણ અંદર વળી જવાથી તેના વાળ આંખમાં ખુંચે છે અથવા તો પોપચાંની કોર

ઉપર નવા વાળ ઉગીને આંખની અંદરના ભાગમાં જઈને ઇજા કરે છે, અને કેટલીએક વાર તો તેઓ કાળા ડોળા ઉપર વસાયછે જેથી ડોળા ઉપર ડુલા જેવી છારી બાઝે છે, આંખમાં કંઈ ખુંચતું હોય ને તેવી ઈજા થયાં કરે છે તેમજ રાત્રિ દિવસ તેમાંથી આંસુ વહ્યાં કરે છે, એ દરદ માટે ઇંદ્રવારણી એ એક અજબ ઉપાય છે અને તેનો ઉપયોગ એવી રીતે કરવામાં આવે છે કેઃ—ઇંદ્રવારણીનું એક ફળ લાવી તેની એક બાજુએથી ડમણી કાઢીને પછી તેમાં બે તોલા વજનનો કાળા સુરમાનો કડકો મૂકી ડમણીને પાછી બંધ કરી દેઇ ફળને તડકે મૂકી રાખતાં જ્યારે તે સુકાઇ જાય ત્યારે તે માંથી સુરમાને કાઢીને બીજા ફળમાં મૂકવો. એ ફળ પણ સુકાઈ જાય ત્યારે બીજા ફળમાં મૂકવો. એ ફળ પણ સુકાઇ જાય ત્યારે તેમાંથી સુરમાને કાઢીને તેનું બારીક ચૂર્ણ કરવું, અને બાવળના વાળ ચુંટાવી નાંખીને પછી સુરમાનું રાત દિવસ અંજન કરવું, તેથી ફરીથી વાળ ઉગશે નહિ જેથી પરવાળાંની પીડા દુર થશે.

ઇંદ્રવારણી લાલ.

સં. મહાકાલ, હિં. ઇંદ્રાયન, મ. કૌડલ, મુકાલ, બં માકાલ, ને. કાક કેન્ડા, લા. Trichosanthes Palmata. ગુ. લાલ ઇંદ્રવારણી, રાતી ઇંદ્રવારણી.

વિવરણ—રાતી ઇંદ્રવારણીના વેલા ઘણા લાંબા વધે છે અને તે ઘણીવાર ઊંચાં ઝાડો ઉપર ચઢી જાય છે. એનાં પાંદડાં એથી ૭ ઇંચ આસપાસ અને ત્રણથી સાત ખૂણીઆં કે વિભાગોવાળાં હોય

છે. એના તંતુઓ ત્રણ શાખાઓવાળા અને ફુલો પીળા રંગનાં હોય છે તેમાં નર અને માદા ફુલો જુદાં જુદાં હોય છે, ફુલની પાંખડીઓ ઝાંખવાળી હોય છે તેથા તે ઘણી સુંદર દેખાય છે. એનાં ફળો બેઠાકાર લેતાં અને નારંગી જેવડાં હોય છે, તે જ્યારે પાકી જાય છે ત્યારે રાતા રંગનાં થઈ જાય છે, ફળોની અંદરનો ગર્ભ ઝાંખાશ લેતા લીલા રંગનો હોય છે, અને તેમાં ઘણું બીજ આવેલાં હોય છે. એનાં મૂળીઆં જમીનમાં ઘણાં ઉંડાં ગયેલાં હોય છે અને તેમાં એક નાંચે એક એમ ઘણી ગાંઠો હોય છે.

ગુણદોષ—ઝેરી, ઝાડો તથા ઉલટી કરનાર અને મોળાને કરનાર છે.

ઉપયોગ—માથાના દુઃખાવા માટે આ અકસીર ઇલાજ છે અને તેથી તેના વિષે વિવેચન કરતાં "ઇન્ડીઅન પ્લેન્ટસ અને ડ્રગ્સ નામે ગ્રંથના કર્તા જણાવે છે કે:

The juice of the fruit or the root bark boiled with gingelly oil is a good bath oil for the relief of long standing or recurrent attacks of headache.

એનાં ફળોનો રસ અથવા તો મુળીયાંની છાલને તેલ સાથે પકાવવાથી લાંબા સમયથી ઉત્પન્ન થઈ એક સરખી રીતે રહેતા કિંવા વારેઘડીએ ઉથલો મારતા માંથાના દરદ માટે ચોળવાનું એક ઉત્તમ તેલ બને છે. (તેલ બનાવતી વખતે જો રસ લેવામાં આવ્યો હોય તો તે તેલથી ચારગણો લેવો. અને જો મુળીયાંની લીલી છાલને ઝટણી જેવી વાટીને લેવામાં આવી હોય તો તે છાલથી ચાર-

ગણું તેલ અને સોળગણું પાણી સાથે મેળવીને ઉકાળતાં પાણી કે રસનો ભાગ બળી જઈ તેલ માત્ર શેષ રહે ત્યારે ગળી લેઇ ઉપયોગમાં લેવું.

બીજો અજબ ઉપાય—એનાં મુળીઆં નીચેથી નિકળતી સાતમી ગાંઠ આજકાલના પ્લેગ ઉપર ઘણો ચમત્કારીક ઉપાય જણાયો છે અને તેને વાપરવાની રીત એવી છે કે:-ઠંડા પાણી સાથે એ ગાંઠને ઘસીને પ્લેગની ગાંઠ ઉપર દિવસમાં બે, ચાર વખત ચોપડવી અને વળી સવાર, સાંઝ બેઆનીભારથી ૦ા તોલા જેટલા પ્રમાણમાં પાવી પણ ખરી. આ ઉપાયથી ગાંઠ એકદમ વેરાઈ જવા માંડે છે, તાવ હલકો પડી જાય છે, ઝાડાવાટે પ્લેગનું ઝેર નીકળી જાય છે અને દરદી શુદ્ધિમાં આવવા માંડે છે. અમારા પરીચયના એક સદ્ગૃહસ્થ કે જેઓએ લોકોની જીંદગી બચાવવાની ખાતર પરોપકાર વૃત્તિથી ડૉક્ટરોને હજારો રૂા ખવડાવ્યા છતાં પણ પોતાની ધારણામાં નિષ્ફળ થયા હતા તેઓને અચાનક એક જંગલી મનુષ્યે આ ઉપાય બતાવવાથી ચાલુ સાલમાં સેંકડો મનુષ્યોને પ્લેગના પંજામાંથી મુક્ત કરવાને ભાગ્યશાળી થયા છે, અને તેથી આ ઉપાયનો વિશેષ અનુભવ લેઇ જાહેરમાં મુકવા માટે સર્વે વાંચક બંધુઓને ભલામણ કરવામાં આવે છે. વળી એ ગાંઠને ઉપર મુજબ પાણી સાથે ઘસીને તેમાં ૦ા તોલો સાકર મેળવીને આપવાથી ઉપદંશ-ગરમીનું દરદ પણ દુર થાય છે. પરંતુ આ ઝેરી વનસ્પતિ છે, માટે તેનો યોગ્ય વિચાર કરીને યોગ્ય માત્રામાંજ ઉપયોગ કરવો.

ઇસપન-હરમર.

સં દૂર્વાપત્રા, ત્રિકોણ બીજા. મ. હરમાર. હિં. ઇસબંદ લાહોરી. અ. હરમલ. ફા. ઇસ્પંદ લા. Pegamum Harmala.

વિવરણ—હરમરના છોડવા એકથી ત્રણ ફીટ જેટલા ઉંચા થાય છે અને તે ઘણું કરીને બારે માસ જોવામાં આવે છે સિંધ, કચ્છ, પંજાબ અને વાયવ્યપ્રાંતોમાં તેની ઉત્પત્તિ વિશેષ થાય છે. તો પણ આ દેશના દરેક ભાગોમાં જુનાં ખંડેરો અને કંકર માટી વાળી ભૂખરી જમીનમાં તે છુટી છવાઇ મળી આવે છે. એમાં ઘણી શાખાઓ નીકળેલી હોય છે. એનાં પાંદડાં ઘરોનાં પાંદડાંને મળતાં એટલે બેથી ત્રણ ઇંચ લાંબાં, લીલા રંગનાં, સાંકડાં અને ઝીણા છેડાઓવાળાં હોય છે. પાંદડાંના ખૂણાઓમાંથી એક લીલા રંગની નસવાળી નળી નીકળે છે જેના ઉપર બાર થી બાર ઇંચ જેટલા વ્યાસનાં ધોળાં કે પીળાં ફુલો આવે છે. ફળો ગોળાઇ લેતા થાય છે જે પાકયા બાદ તેમાંથી કાથા જેવા રંગનાં ત્રિકોણ આકારનાં બારીક બીજ મળી આવે છે. જે ગાંધીઓની દુકાનો ઉપર ઇસપન અથવા તો ઇસબંદ લાહોરીના નામથી વેચાય છે આ બીજ મફક અને ઉંઘ લાવનાર મનાય છે અર્થાત તેમાં ભાંગના જેવો નીશો રહેલો છે એમ ગણાય છે.

ઉપયોગ—દેશી વૈદ્યકશાસ્ત્રમાં તો એના ગુણો વિસ્તારથી વર્ણવેલા નથી, પરંતુ જડીબુટ્ટી જાણનારાઓ તેનો વિવિધ કાર્યોમાં વિવિધ રીતે ઉપયોગ કરે છે જે પૈકી ખાસ અનુભવિક પ્રયોગો નીચે મુજબ છે.

હવા શુદ્ધ કરવા—ઘણા દિવસના દરદીની આજુબાજુની હવા ખરાબ થયેલી હોય તો તે શુદ્ધ કરવા માટે બીજા સુગંધિ પદાર્થોની સાથે એની શાખાઓના ટુકડા અથવા તો બીજ મેળવીને ધુણી કરવામાં આવે છે.

જૂ, લીખ દુર કરવા—એના છોડવાના એક શેર રસમાં દશ તોલા સરસીયું તેલ મેળવી મંદાગ્નિથી ઉકાળતાં રસનો ભાગ બળી જઇ તેલ માત્ર બાકી રહે ત્યારે ઉતારી ગળી લેઇ માંથામાં ઘાલવાથી જુ, લીખ વિગેરે તરત મરી જાય છે તેમજ ખોડો, ઊંદરી વિગેરે નાબુદ થાય છે.

ગડ, ગુમડ, ગાંઠ માટે—એના પંચાગને પાણીમાં વાટીને લેપ કરવાથી દરેક જાતના ગડ, ગુમડાં, ગાંઠો, કંઠમાળ, કર્ણમૂળ વિગેરે ત્રણ લેપમાં દુર થાય છે એ સેંકડો વખત અજમાવેલું છે.

વ્રણ, ચાંદાં, ચાંદી માટે—ઇસપનનાં બીજ બે તોલા, વિદારી કંદ (પાતાળ કહોળુ) પાંચ તોલા, રસકપુર બા તોલો લેઇ બધાંને સાથે મેળવી નાની, નાની ટીકડીઓ બનાવી તલના પાંચ તોલા તેલ સાથે ધીમા અગ્નિથી પકાવતાં જ્યારે ટીકડીઓ બળી જાય ત્યારે ઉતારી તેલને ગાળી લેવું. એ તેલ ચોપડવાથી સડવા લાગેલાં ચાંદાં તેમજ જેમાં કીડા પડી ગયા હોય એવાં ખરાબ વ્રણો પણ તત્કાળ રૂઝાવા લાગે છે.

કામોદીપન થવા સારૂ—ઇસપનનાં બીજ દોઢ તોલો અને ખસખસનાં પોસ્ત, માલકાંકણીનાં બીજ, કેસર, લવિંગ, કાગદા ઇલાયચીનાં બીજ, ખુરાસાની અજમો, વિદારી કંદ, હરડે, બહેડા,

આમળાં એ દરેક ચીજ એક એક તોલો લેઈ બારીક ખાંડી કપડેથી ચાળી લેઇ મધ સાથે ઘુંટી ચણા જેવડી ગોળીઓ બનાવવી જેમાંથી દરરોજ સવાર સાંઝ એક એક ગોળી ખાઇ ઉપર ગાયનું અર્ધોશેર દુધ પંવાથી રતિવિલાસ કરવાની મંદ પડી ગયેલી શક્તિ પ્રબળ થાય છે.

સર્મીરાંકુશ તેલ—ઇસપનના આખા છોડવાને કુટીને કાઢેલો રસ પાંચ તોલા, આકડાનાં પાંદડાંનો રસ પાંચ તોલા, ધંતુરાના પાંદડાંનો રસ પાંચ તોલા, એરંડાનાં પાંદડાંનો રસ પાંચ તોલા, નગોડનાં પાંદડાંનો રસ પાંચ તોલા, અવેડાનાં પાંદડાંનો રસ પાંચ તોલા, ઉભી રીંગણીનાં પાંદડાંનો રસ પાંચ તોલા અને એળીઓ, સફેદ કણેરની જડ, અકલગરો, માલકાંકણીનાં બીજ, જાયફળ, લવિંગ વછનાગ, કડવું સુરંજન (કે જે યુનાની દવાઓ વેચનારાઓના ત્યાં મળે છે તે) એ દરેકનું ચૂર્ણ એક તોલો, ધોળો સોમલ ત્યા તોલો, ઝેરકચોલાં તથા અફીણ એ દરેકનું ચૂર્ણ બા તોલો અને તલનું તેલ ચાર સેર એ બધાંને સાથે મેળવી મંદાગ્નિથી પકવતાં વ સ્પતિઓનો રસ બળી જઇને તેલ માત્ર બાકી રહે ત્યારે ઉતારી મળી લેવું એ તેલનું શરીર માલીસ કરવાથી કમતર, સંધિવા, સોજા માર પછાડથી થયેલો દુઃખાવો વિગેરે અનેક દરદો અજાયબ રીતે દુર થાય છે. આ તેલની વિશેષ પ્રસંશા કરવી તેના કરતાં એક વખત બનાવી વાપરી જુઓ તો તરતજ સમજાશે કે તે કેવું ગુણકારી છે. આમાં સોમલ નાંખવામાં આવે છે માટે તેલ તૈયાર કરતી વખતે તેની ધુમાડી આંખને ન લાગે એ બદલ પુરતી સંભાળ રાખવી.

ભંગભસ્મ વિધી—ઇસપનમાં પૌષ્ટિક, વીર્ય વધારનાર, માદક તેમજ મગજને આનંદમાં લાવનારા ગુણો પણ સમાએલા છે, અને તેથી ધાતુ પુષ્ટીના માટે બીજી કોઇ વનસ્પતિના બદલે ઇસપનના સંયોગથી કરવામાં આવતી ભંગભસ્મ ઉત્તમ બને છે જે એવી રીતે બનાવવી કે—નગોડના રસમાં થોડું એક હળદરનું ચૂર્ણ નાંખી તેમાં કલાઇને ઓગાળને કરવામાં આવેલો રસ બુઝાવવો, આમ સાત વખત કરવાથી તેમાંથી અશુદ્ધતાનો ભાગ ટળી જઇ શુદ્ધ કલાઈ રહેશે. કલાઇનો રસ બુઝાવતી વખત ઉડે છે અને તે નજીક બેઠેલા મનુષ્યને શરીરે વળગી ઇજા કરે છે માટે સંભાળથી કામ લેવું. આ કામ માટે નિર્ભય યુક્તિ એ છે કે એક લોઢાના વાસણમાં નગોડનો રસ ભરીને તેના ઉપર એક છિદ્રવાળું ઢાંકણું ઢાકી તેના ઉપર ઘંટીનું છિદ્રવાળું પડ મુકી એ છિદ્રવાટે ધીમે ધીમે કલાઇનો રસ રેડવો. દરેક વખતે નગોડનો રસ નવો લેવો. આ પ્રમાણે શુદ્ધ કરેલી કલાઇ બે તોલા લેઇ તેને ફરીથી મંદાગ્નિથી ઓગાળતાં જ્યારે તેનો રસ થઇ જાય ત્યારે તેમાં હિંગળોકમાંથી કાઢેલો શુદ્ધ પારો એક તોલો નાંખી કલાઇને ભોંય ઉતારી લેવી જેથી તે કલાઈ સાથે પારો મળી જઇ બંજાની એક ટીકડી બાઝી જશે. આ પ્રમાણે થયા બાદ ઇસપનના લીલા છોડવાનો દશ તોલા પંચાંગ લેઇ તેની લુગદી બનાવી તેમાં એ કલાઈની ટીકડી રાખીને તેના ઉપર કપડ માટી કરી દશ શેર અડાયાં છાણાંની અગ્નિમાં ફુંકી દેવું જેથી કલાઇની ઉત્તમ ભસ્મ થશે જે સવાર, સાંજ એક રતી જેટલા પ્રમાણમાં લેઇ મલાઇ સાથે આપવાથી ધાતુ સબંધિ દરદો દુર થાય છે.

સોમલ ભસ્મ—ધોળો સોમલ બે તોલા લેઈ એક લોઢાની કડાઇમાં હરમરનાં પંચાંગની એક શેર રાખની અંદર દાબી દેઇ એક પહોરની તીક્ષ્ણ આંચ દેવાથી સુંદર ભસ્મ થાય છે.

ઊંદર.

સં. મુષક. હિં. મુસા, ચુઆ. મ. ઉંદીર, ઇં. Hat.

વિવરણ—ઊંદર એ પ્રસિદ્ધ પ્રાણી છે.

જડીબૂટી તરીકે ઉપયોગ—સ્ત્રીઓના પ્રદર ઉપર ઉંદરની લીંડીઓ ઉત્તમ અસર કરે છે અને તેથી દર ટાઇમે ત્રણ, ચાર લીંડીઓને વાટીને ચાર, પાંચ તોલા ચોખાના ધોવરામણના પાણી સાથે આપવામાં આવે છે. વળી બાળકોને ગુદભ્રંશ એટલે ઝાડે જતાં ગુદાનો ભાગ બહાર નીકળી જવાનું દરદ થાય છે કે જે આમણ બહાર નિકળી જવાના વ્યાધિ તરીકે ઓળખાય છે તેના માટે પણ ઉંદર એ એક અકસીર ઇલાજ છે, અને તે કામ માટે તો નીચે મુજબ રીતે વપરાય છે.

ઉંદરનું માંસ એક શેર લેઇ તેને આઠ શેર પાણી સાથે ઉકાળતાં જ્યારે એક શેર પાણી બાકી રહે ત્યારે તેને ગાળી લેઇ તેમાં દશ તોલા તલનું તેલ નાંખીને ઉકાળતા જ્યારે પાણીનો ભાગ બળી જઇને તેલ માત્ર શેષ રહે ત્યારે ઉતારી ગાળી લેઈ એક બાટલીમાં ભરી રાખવું. એ તેલનું ગુદા ઉપર માલીસ કરવાથી આમણ નિકળતી બંધ થઇ જાય છે, એટલુંજ નહિ પરંતુ ભગંદરના દરદમાં ચોપડવાથી પણ સારો ફાયદો થાય છે, જો આ તેલ તૈયાર કરવા

માટે ઉંદરનું માંસ એકલુંજ ઉકાળવાને બદલે તેની સાથે દશ મુળ પણ એક શેર ભેગાં નાંખવામાં આવે તો વળી વિશેષ ફાયદોયાયછે.

" યોગ રત્નાકર "

અર્શનો અજબ ઉપાય—મુંબાઇ શહેરમાં અર્શના દરદને અજબ રીતે નાબુદ કરનારી એક મદાસી બાઇ અમારા જોવામાં આવી હતી. આ બાઇ અર્શના દરદીને પ્રથમ કોઈ જાતની ગંધાતી ભુકીને થોડા દિવસો સુધી ધુમાડી આપતી જેથી અર્શ ચીમળાઇને મુડદાલ થઇ જતા એટલુંજ નહિ પરંતુ મુદાની અંદરની બાજુએ રહેલા મસા પણ બહાર નીકળી આવતા. એ રીતે બધા અર્શો બહાર નીકળી આવી નિર્બળ થઇ ગયા પછી તેના ઉપર કોઇ વસ્તુનો લેપ કરતી, જેથી વગર ઓપરેશને તમામ મસા જડમુળથી ઉખડી જઇ હંમેશના માટે દરદીને આરામ થઇ જતો. એ બાઇની આ યુક્તિ ઘણા પરીશ્રમે અમારા જાણવામાં આવી હતી અને તે એવી રીતની હતી કે—ઢોરનાં શીંગડાના પોલાણમાં ઉંધેલ લાગવાથી તેનાં ચોથરાં જેવાં ઘર બાઝે છે કે જે શીંગડાંનાં મુળીઆં તરીકે ઓળખાય છે તે પાંચ તોલા લાવીને તેમાં મરીને સુકાઇ ગયેલા વગડાઉ ઉંદરનું માંસ પણ પાંચ તોલા ઉમેરીને ખાંડીને ચૂર્ણ કરવું એ ચૂર્ણમાં બે તોલા હીંગ ઉમેરીને પછી એક નાના ખાડામાં કોલસાના અંગારા ભરીને તેના ઉપર આ ભૂકીમાંથી થોડીએક ભૂકી નાંખીને મુદાને ધુમાડી આપવી જેથી બહારના અર્શ નિર્બળ થઇ જશે એટલુંજ નહિ પરંતુ અંદરના અર્શ પણ બહાર નીકળી આવશે. આ પ્રમાણે તમામ અર્શ ચીમડાઇ ગયા પછી તેઓના ઉપર સાજીખાર અને કળીચૂનો એ બે ચીજો સરખા ભાગે લેઇને

તેઓને પાણીમાં કાલવીને લેપ કરવો જેથી સઘળા અર્શ ખરી જશે. આ અર્શ ખરી જવાની જમ્યાએ ચાંદુ પડે તો ત્રિફળાં એટલે હરડે. બહેડાં અને આમળાં તથા ગુગળ એ ચીજો સરખા ભાગે લેઇને તેઓને બાળીને કરેલી રાખ ધોએલા ઘી સાથે મેળવીને તે સ્થળે ચોપડવી જેથી થોડા દિવસમાં ચાંદુ રૂઝાઈ જશે.

કડો.

સં. વત્સક, કુટજ. મ. કડા. હિં. કુડા. બં. કુરચી ને. કટબીજ, અં. નિવાજ. લા. Wrightia anti dysenteterika.

વી રણ – કડો એ પ્રસિદ્ધ વનસ્પતિ છે, એનાં ઝાડવાં ચારથી દસ ફીટ સુધી ઉંચાં થાય છે, તેમાં લાંબી સોટી જેવી પણી શાખાઓ નીકળીને તેઓના ઉપર ચારથી આઠ ઇંચ કિંવા એક ફુટ લાંબાં અને ત્રણથી છ ઇંચ પહોળાં પાંદડાં એક બીજાના સામ સામે આવે છે. ફુલો ગુચ્છાદાર અને સફેદ રંગનાં હોઇને તેઓ ઉનાળો ઉતરતા અને ચોમાસું બેસતાં આવે છે જેઓ જાઇ જેવાં મધુરી વાસવાળાં હોય છે. એની શીંગો એકથી બે ફુટ લાંબી બ ઇંચ જાડી અને બે ભેગી હોય છે; જે થડમાં અને ટેરવાં પાસે એક બીજા સાથે જોડાએલી હોય છે. પરંતુ પાકે છે ત્યારે ટેરવાંથી છુટી પડી જાય છે. શીંગનો રંગ લીલો હોય છે, પરંતુ અંદરનાં બીજ કે જે ઇંદ્રજવના નામે પ્રસિદ્ધ છે તે કાચાં હોય ત્યારે લીલાસ લેતા રંગનાં હોય છે. પરંતુ પાકે છે ત્યારે ઘઉંવરણાં થઇ જાય છે. આ બીજ તેમજ ઝાડની છાલનો સ્વાદ અત્યંત કડવો હોય છે.

ઉપયોગ—કડાના ઝાડની છાલ તથા તેનાં બીજ એટલે ઈંદ્રજવ એ બન્ને ચીજો ઘણા લાંબા સમયથી આપણા દેશમાં ઔષધ તરીકે વપરાય છે. જેમકે અતિસાર, રક્તાતિસાર, પિત્તાતિસાર અને આમાતિસાર ઉપર આ વનસ્પતિ ઘણુંજ ઉત્તમ કાર્ય કરે છે. ઝાડા કે મરડાના દરદમાં જ્યારે સખ્ત રીતે લોહી પડે છે ત્યારે કડાછાલ ઘણી ઉપયોગી છે, કારણ જેમ તેવો સખ્ત રક્તાતિસાર હોય તથા જેમ તેની સખ્ત આંકડી આવતી હોય તોપણ તેને કડાછાલ બેજ સાડી દેછે. મરડા તથા રક્તાતિસારમાં કડાછાલની બરોબરી કરી શકે એવું બીજું એક પણ આર્ય ઔષધ નથી. અંગ્રેજી ઔષધોમાં આઇપીકાક્યુઆના નામની દવા કે જે સખ્ત અને તીક્ષ્ણ રક્તાતિસાર ઉપર ઘણી ઉપયોગી છે તેની બરોબરી કડાછાલ કરી શકે છે. અર્શ અને રક્તપિત્તમાં પણ કડાછાલ ઘણો સરસ ફાયદો કરે છે, તેમાં પણ અર્શ ઉપર કડાછાલની ખાસ અસર છે કેમકે તેથી લોહી પડતું બંધ થાય છે. શરીરમાં ચૈતન્ય આવે છે. શરીરની પીળાશ મટે છે. આંખોની ફીકાશ પણ ઓછી થાય છે. વળી જ્વરઘ્ન તરીકે વિષમજ્વરમાં પણ કડાછાલ ઘણો સરસ ઉપાય છે, તરીઆ, એકાંતરીઆ, રોજીઆ અને સખત મુદતબંધી આવનારા તાવોમાં તે ખાસ ઉપયોગી છે. તેમજ પિત્તજ્વર તથા બીજા સાદા તાવમાં પણ તે વપરાય છે. જ્વરઘ્ન તરીકે એ દવા ક્વિનાઇનથી જો કે આ કંઇક ઉતરતું છે તો પણ ક્વિનાઇન સાથે તેનું મિશ્રણ કરવાથી તેની અસરમાં વધારો થાય છે. અને તેથી વિષમજ્વરમાં જ્યારે એકલું ક્વિનાઇન કામ કરતું નથી ત્યારે તેની સાથે કડાછાલનું ચૂર્ણ અથવા તો સત્વ મેળવીને આપવાથી ઘણી અકસીર અસર થાય છે. વળી તેનામાં કૃમિ ઉત્પન્ન ન થવા દેવાનો ગુણ પણ

રહેલો છે. કડાછાલનો સ્વરસ મધ સાથે લેવાથી પ્રમેહ અને કમળામાં ફાયદો થાય છે. અને પ્રદરના દરદમાં લોહભસ્મની સાથે વાપરવાથી અજબ ફાયદો બતાવે છે, એનાં બીજ કે જે ઇંદ્રજવના નામથી ઓળખાય છે, તેઓ ગુણગ્રાહી અને શિતળ છે, વળી તેમાં કોઇ જાતનું નુકશાનકારક તત્વ નહિ હોવાને લીધે છેક નાનાં બાળકોને પણ નિર્ભયપણે આપી શકાય છે. બાળકોના સખ્ત મરડાને તેમજ ગરમીનો ઝાડો પણ એનાથી મટે છે. ઝાડો, મરડો, અર્શ, રક્તાતિસાર તેમજ આંતરડાંના ગમે તે વ્યાધિનાં જ્યારે ગુદા મારફતે લોહી પડે છે ત્યારે ઇંદ્રજવ અપાય છે અને તવ સાથેનાં ઝાડામાં પાણી સાથે અને એકલા ઝાડામાં છાશ સાથે આપવાથી તે અજબ રીતે લાગુ પડે છે. બીજી ગ્રાહી દવાઓમાં જ્યારે માત્ર એકલો સ્તંભન ગુણજ રહેલો હોય છે ત્યારે કડાછાલ અને ઇંદ્રજવમાં તેની સાથે પાચન ગુણ પણ રહેલો છે. જેથી તેના ઉપયોગથી એક તરફથી ઝાડો બંધ થાય છે અને બીજી તરફથી ઝાડો ઉત્પન્ન થવાનું કારણ જે આમ તેનું પણ પાચન થાય છે, તેથી ઝાડો બંધ થતાં પેટ ચઢી આવવાની ધાસ્તી રહેતી નથી અને તેથી બીજાં ગ્રાહી ઔષધો કરતાં ઘણું ચઢીયાતું ઔષધ છે. આવા ઉત્તમ ગુણોને લેઇને આ ઔષધ છેક પ્રાચીન કાળથી આર્ય વૈદ્યોની પ્રીતિનું પાત્ર તો થઇજ પડ્યું છે. પરંતુ આ દેશની વનૌષધિઓના ગુણદોષોનું નિરિક્ષણ કરનારા યુરોપીયન વિદ્વાનોમાં પણ તે આજકાલ માનીતું થઈ પડ્યું છે. એના ગુણોની પ્રશંસા કરતાં ચિતાગાંવના સરજન મેજર જે. સેન્ડર્સ જણાવેછે કે કે—જુના મરડામાં આ ઘણુંજ ઉપયોગી ઔષધછે અને તીક્ષ્ણ મરડામાં આઈપીકાક્યુઆના સાથે હરીફાઈ ન કરી શકે તેવું નથી. મોતીલાલ મુકરજી

કે જેઓ આ ઔષધને બહુજ વાપરે છે તેઓ કહે છે કે બીજી બનાવટો કરતાં એનાં મુળીયાંની છાલનું ચૂર્ણ કરીને વાપરવાથી વિશેષ ફાયદો થાય છે. અને તે મોટા મનુષ્યને દરેક ટાઇમે ૧૦ થી ૨૦ ગ્રેન જેટલા પ્રમાણમાં લેઇ થોડા પાણી સાથે દિવસમાં ત્રણ વખત અપાય છે.

પબનાવાળા સરજન આર. એલ. દત્ત જણાવે છે કે:—આનો ક્વાથ કરીને વાપરવાથી જુના મરડામાં ઉત્તમ અસર સાથે ફતેહ-મંદ નીવડે છે.

ફરીદપુરથી સીવીલ સરજન ડી. બસુ જણાવે છે કે:—જેલ હોસ્પિટાલમાં ઉપરા ઉપરી મરડાને ચીડ કેસોની અંદર અની છાલનો ક્વાથ વાપરવાથી ફતેહમંદ થયા છીએ. આ ક્વાથ પાંચ દિવસો સુધી લાગલાગટ આપવામાં આવ્યો હતો અને તે કોઇ કેસમાં આઇપીકાક્યુઆના વાપરવામાં આવ્યુ નહોતું.

સહી પુરથી સરજન એફ. ફ્રેંચ ભુલેન જણાવે છે કે—કડાઝાલ મરડામાં અપાય છે અને તેમાં અફીણ, આઇપીકાક અને ટેનિક એસીડ પણ મેળવી શકાય છે.

દીનાજપુરના મેડિકલ ઓફિસર ડબલ્યુ ફોરસીધસ્ત જણાવે છે કે:—જુના મરડામાં આંતરડાની આંતર ત્વચાનું પરૂ વધી ગયું હોય અને તેથી ઝાડાવાટે અતિશય પરૂ-પાચ પડતો હોય તો પણ તેને આ ઔષધ ખાત્રીથી મટાડનાર છે. આનો ક્વાથ અર્શમાંથી પડતું લોહી મટાડવામાં ઉપયોગી છે. મરડાની તીક્ષ્ણ સ્થિતિમાં

સાથે તાવ હોય અથવા ન હોય તોપણ તેનાં બીયાં ઔષધ તરીકે અપાય છે.

સરજન કે. ડી. ઘોસ જણાવે છે કે—મારા ધંધાના મરડાના કેસોમાં હવે હું આઈપીકાકયુઆના કવચિતજ વાપરૂં છું. તીક્ષ્ણ મરડામાં જો છાલનો કવાથ આપવા હોય તો થોડા અફીણ સાથે બે ઔસના વજનમાં દરેક બે કલાકે આપવો, પરંતુ કડા છાલમાંથી કાઢવામાં આવેલો ક્ષાર તીક્ષ્ણ મરડામાં ઘણોજ અસરકારક છે.

મુર્શીદાબાદના સરજન એસ. એમ. સીરકોરે જણાવે છે કે:—મરડાના માટે આ દવા ઘણીજ ઉપયોગી છે અને તે વિષે મારી ખાત્રી છે. એની છાલનો કવાથ એકલો અગર તો આઈપીકાકની સાથે હું વાપરૂં છું અને તેનું પરીણામ હમેશાં સંતોષકારક નીવડયું છે. તીવ્ર મરડામાં ખાસ કરીને પ્રથમ આઈપીકાક આપ્યા પછી આના વધારે ગુણ થતો માલુમ પડે છે, અને તે ધર્માદા દવાખાનામાં અતિશય વપરાય છે.

આ બધા અભિપ્રાયો ઉપરથી જણાય છે કે ઝાડા અને મરડાના દરદ માટે તે એક રામબાણ ઉપાય છે, અને દેશી વૈદ્યોમાં તેની અનેક બનાવટો વપરાય છે, જેમાંની વધારે અનુભવિક નીચે મુજબ છે.

કુટજ કવાથ—ચાર તોલા કડાછાલને ૬૪ તોલા પાણી સાથે ઉકાળતાં જ્યારે આઠ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગળી લેઇ તેમાં બે વાલ સુંઠનું ચૂર્ણ અથવા ૩॥ તોલો અતિ વિષનું

ચૂર્ણ નાંખીને રક્તાતિસાર એટલે લોહી પડતો ઝાડો, લોહી દુઝતા અર્શ તેમજ દરેક જાતના અતિસારમાં આપવામાં આવે છે. માત્રા બેથી આઠ તોલા. " ધન્વ "

કુડાપાક ગુદીકા—તાજી કડાછાલ ચારસો તોલા લેવી તેને ૧૦૨૪ તોલા પાણી સાથે ઉકાળતાં જ્યારે ૫૨૮ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગળી લેવો તેમાં કાળી પાટ, મોચરસ, ધાવડીનાં ફુલ, મોથ, અતિવાળી કળી, રસાંજણનાં મૂળ અને કાચાં બીલાંનો ગર્ભ એ દરેક ચીજે ચાર, ચાર તોલા લેવી તેઓનું ચૂર્ણ કરી ઉમેરવું. બાદ ચુલે ચઢાવી મંદાગ્નિથી પકવવાં જ્યારે શીરા જેવું ઘન થઇ જાય ત્યારે નીચે ઉતારી તેની ચાર જેવડી ગોળીઓ વાળવી-માત્રા ૧ થી બે તોલા. ઉપયોગ—લોહી પડતા અર્શ, દરેક જાતનો ઝાડો, મરડો, ખાંડુ, સંગ્રહણી, સોજા અને કમળા ઉપર થાય છે, અને તે રોગ અને દોષની અનુકુળતા જોઇને મધ, છાશ, પાણી કે દુધ સાથે આપવામાં આવે છે.

ઝાડા, કિંવા મરડાનું દરદ ગમે તેવું જુનું અથવા તો સફેદ આમ, તાવ, કિંવા પરયુક્ત રોગ તેના ઉપર આ ઔષધ અકસીર છે અને બેક નાના બાળકથી માંડીને છેક વૃદ્ધાવસ્થાએ પહોંચેલા દરદીઓને પણ તે બેક સરખી રીતે બાદક આવે છે વળી સંગ્રહણીનું દરદ નવું હોય કિંવા જુનું થઇને પેટ ફુલવું, મોં આવવું, બાંસી, કબ્જ, લોહી પડવું, આમ પડવું, સોજા આવવા, આમણ બહાર નીકળવી, પેટ મોટું થવું, નબાશ્રિતવાયુ, અર્શ વિગેરે અનેક વિકારયુક્ત થયું હોય તેના ઉપર પણ આ ઔષધ આબાદ કામ કરે છે, બાળકોને આપેલું અન્ન પાચન ન થતાં જે-

વું ને તેવુંજ યોડીવારે નીકળી જતું હોય તો દહીંના પાણી સાથે આપવાથી આરામ થાય છે; અને એ રીતે વિધવિધ પ્રકારના ઝાડાઓના દરદમાં તે એક સરખી અસર કરતું હોવાથી નિશંકપણે એમ કહી શકાય છે કે તમામ જાતનાં અતિસારનાં દરદો માટે તે એક ઉત્તમ ઔષધ છે.

કાલાંગાડી કવાથ—ઇંદ્રજવ, પરોળીનાં પાંદડાં અને કડુ એ ચીજો સરખા ભાગે લઈ ખાંડી ખોખરી કરી તેમાંથી ચાર તોલા લઈ ચોસઠ તોલા પાણી સાથે ઉકાળતાં આઠ તોલા પાણી બાકી રહે ત્યાર ઉતારી ગાળી લઇ સવાર, સાંઝ આપવાથી દરરોજ આવતો ટાઢીઓ તેમજ ફરી ફરીને ઉથલા મારતો તાવ દુર થાય છે એટલુંજ નહિ પરંતુ તાવનો વેગ નરમ પડયા પછી આ ઉકાળો ચાલુ રાખવાથી જલદી શક્તિ આવે છે અને શરીરમાં રહેલો ઝીણો તાવ દુર થાય છે.

કમળ.

સં પદ્મ, પંકજ. હિં. કમલ. મ. કમલ. ફા. નીલુફર. ઇં. Lotus લા. Nelumbium Speciosum.

વિવરણ—કમળનાં ફુલો શિવપૂજનમાં કામ આવતા હોવાથી દરેક સ્થળે પ્રસિદ્ધ છે. એની ધોળા ફુલની, લાલ ફુલની અને આસમાની ફુલની એમ અનેક જાતો થાય છે. એનાં બીજને કમળ કાકડી કહે છે. અને તે વ્યાપારની પ્રસિદ્ધ વસ્તુ છે વળી કમળની એક એવી જાત થાય છે કે જેનાં ફુલો રાતિના સમયે ઉઘડે છે અને રંગે ધોળાં હોઇ લાલ ફુલો કરતાં ન્હાનાં હોય છે. આ જા-

તને સંસ્કૃતમાં કુમુદિની કહે છે અને ગુજરાતી ભાષામાં પોયણીના નામથી ઓળખવામાં આવે છે.

ઉપયોગ—કમળનો ગુણ શીતળ અને ગ્રાહી છે અને તેથી કમળના તાંતણા કમળ કાકડી, પાંદડાં એ બધું એ ગુણના માટેજ વપરાય છે. શરીરના કોઈ પણ ભાગમાં દાહ થતો હોય ત્યારે તેના ઉપર આ ચીજો વાટીને ચોપડાય છે તેમજ પીવાને માટે પણ અપાય છે. કમળના યોગથી એક પ્રકારનું ઘૃત બનાવવામાં આવે છે કે જે ઉત્પલાદિ ઘૃતના નામથી ઓળખવામાં આવે છે. આ ઘૃતના ઉપયોગથી અર્શના દરદને લીધે થતો રક્તસ્રાવ, અત્યાર્તવ તેમજ ગર્ભાશયમાંથી પડતું લોહી બંધ થાય છે. જે સ્ત્રીને વખતો વખત કસુવાવડ થતી હોય તેવી સ્ત્રીને જો ગર્ભપાતનાં લક્ષણો શરૂ થવાનાં ચિન્હો જણાવા લાગે કે તરતજ આ ઘૃત આપવામાં આવે છે તો તરતજ ગર્ભાશયમાંથી જનનેન્દ્રિય મારફતે પડતું લોહી બંધ થઇ ગર્ભપાત થતો અટકી જાય છે. વળી આ ઘૃતનો પીવામાં તેમજ શરીરે માલીશ કરવામાં ઉપયોગ કરવાથી વિસ્ફોટક તેમજ બીજાં બળત્રાવાળાં દરદો શાંત થાય છે. આસમાની કમળ ધોળા કમળ અને રાતા કમળનાં ફુલોના તાંતણા તથા જેઠીમધ એ દરેક ચીજ બે, બે તોલા લેઇ તેઓને ૧૨૮ તોલા પાણી અને બત્રીશ તોલા ઘી સાથે ઉકાળતાં જ્યારે પાણીનો ભાગ બળી જઇને ઘી માત્ર બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું તેનું નામ ઉત્પલાદિ ઘૃત છે.

ધોળું કમળ રાતા તથા સ્યામ કમળ કરતાં વધારે ગુણકારી છે. નાના બાળકોને ગુદભંશ એટલે આમણ નીકળવાનું જે દરદ

આપ છે તેમાં કમળનાં કુણા પાંદડાંને સુકવી ચૂર્ણ કરી સાકર સાથે આપવાથી ઘણું અજબ પરીણામ આવે છે. આ ઉપાયની ભલામણ કરતાં યોગ રત્નાકર ગ્રંથનો કર્તા જણાવે છે કે:—

पद्मिन्याःकोमलंपत्रयःखादेच्छकरान्वितम् ॥
एतन्निश्चित्यनिर्दिष्टंनतस्यगुथनिर्गमः ॥

કમળનાં કોમળ પાંદડાં જે સાકર સાથે ખાય તેની આમણ બહાર નીકળતી નથી એ નિસંશય રીતે અનુભવેલું છે.

કમળનાં ફુલની પાંખડીઓને તોડતાં તેઓના નીચેથી એક જાતનો મધ જેવો રસ નીકળે છે જે પદ્ય મધુના નામે ઓળખાય છે એ મધનું અંજન કરવાથી આંખનાં અનેક દરદો નાબુદ થાયછે.

કાચંડો.

સં. કૃકલાસ હિં. સરહટો. ઇં. A Crab.

વિવરણ—કાચંડો એ પ્રખ્યાત પ્રાણી છે. ઘર અને ગામની આજુબાજુની વાડો ઉપર ઘણું કરીને તેનું રહેઠાણ હોય છે.

ધર્મ અને ઉપયોગ—વૈદ્યક શાસ્ત્રમાં તો આ પ્રાણીના ગુણ દોષ સબંધિ કંઇ વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પરંતુ તાંત્રિક ગ્રંથોમાં તેના અનેક પ્રયોગો જોવામાં આવે છે. લંકાધિપતિ રાક્ષસરાજ રાવણના પુત્ર મેઘનાદે રચેલા "મહા માયાવી તંત્ર" નામે ગ્રંથમાં જણાવ્યું છે કે:—

स्यात्तावच्चाटकक्षारःक्षारोवाकुकलामजः
सतैललवणोलेपःशीघ्रदुर्जयदृद्धिनुम् ॥

ચકવા કિંવા કાચંડાને બાળી રાખ કરી તેમાં સિંધાલુણ અને તેલ મેળવી લેપ કરવાથી અંડવૃદ્ધિનું ભયંકર દરદ પણ નાબુદ થાય છે.

અમારા એક મિત્રના બાળકને અંડવૃદ્ધિ એટલે અંતરવેળ, આંત્રવૃદ્ધિ કે હર્નિયાના નામથી ઓળખાય છે તે દરદ હતું. જેના માટે યુનાની એટલે હકીમોના, આયુર્વેદિક એટલે દેશી વદ્યોના, એલોપેથીક એટલે ઈંગ્રેજ વૈદ્યોના તેમજ હોમીઓપેથીક પદ્ધતિના અનેક ઉપચારો કરવા છતાં પણ કંઈ ફાયદો નહિ થવાથી આખરે ઓપરેશન કરાવવા માટે સિવિલસરજનની પાસે લેઈ જવામાં આવ્યું. પરંતુ બાળકનું શરીર તદ્દન લાસ થઈ ગયેલું હતું; તેથી જ્યાં સુધી તેનામાં પુરતી તાકાત ન આવે ત્યાં સુધી શસ્ત્રક્રિયાનું કામ જોખમે થઈ શકશે નહિ, એવો સરજન મહેબે અભિપ્રાય આપવાથી ઓપરેશનનો વિચાર માંડી વાળી મેજરોપેથી ડોક્ટરોની સલાહ લેવામાં આવી. આ ડોક્ટરોએ પણ જણાવ્યું કે આવું નાનું બાળક બરાબર સ્થિર રહી શકે નહિ તેમજ વળી પ્રકૃતિ પણ અશક્ત છે અને દરદની સ્થિતિ વળી ગંભીર છે જેથી અમારી પદ્ધતિ પ્રમાણેના ઉપચારો પણ બરાબર હેતુલક્ષ રીતે કામ કરશે કે કેમ તે વિષે શંકા છે. આ રીતે આધુનિક ચિકિત્સા શાસ્ત્રની બધી મુખ્ય પદ્ધતિઓનું બધારે નિરાશાજનક પરીણામ આવ્યું ત્યારે નાસીપાસ થઈને અમે પેર આવ્યા. દરદીનાં સગાં સબંધિઓનો વૈદ્યકશાસ્ત્ર

ઉપરથી તો હવે સમુળગો વિશ્વાસ ઉઠી ગયોજ હતો, જેથી કોઇ પણ વૈદ્ય, હકીમ, કિંવા ડૉક્ટર કલ્યાણ કરશે એવી આશાને છોડી દઈ જે કોઇ બતાવે તે દરેક ઉપાયો અજમાવવા માંડ્યા, જેમાં આ નિર્દોષ બાળકને ફરીફરીને ચાર પાંચ વખત ડામ દેવામાં પણ આવ્યા હતા છતાં આ બધા ઉપાયોથી પણ કંઇ ફાયદો થયો નહોતો. છેવટે ઉપર બતાવ્યા મુજબ વિધિથી કાચંડાની રાખનો પ્રયોગ અજમાવવામાં આવ્યો અને આશ્ચર્યની વાત એ છે કે માત્ર દશ દિવસના ઉપચારથીજ એ દરદ સદાને માટે નાબુદ થઇ ગયું.

કુબો.

સં. દ્રોણપુષ્પી, શ્વસનક હીં. ગુમા, ગોમા, મ. કુંભા, તુંબા બં. ધલધલે. લા. Leucas cephalotes. મા. દડધલ.

વીવરણ—કુબાના છોડવા ચોમાસે ઘણા ઉગી આવે છે અને શિયાળા પછી સુકાઇ જાય છે, તોપણ કેટલાએક સ્થળોએ તે બારે માસ પણ રહે છે. એની ઊંચાઇ ૦॥ થી દોઢ ફુટ જેટલી હોય છે. એમાં ઝાઝી શાખાઓ નીકળીને તે શાખાઓ ઊંચે વધી જરા અંદર વળે છે જેથી આખા છોડવાનો સારો ભરાવ થઇ એનો દેખાવ એક ગુમજ કે ઝુમર જેવો સુશોભિત થઇ રહે છે. છતાં કોઇ વાર એમાં શાખાઓ નહિ નીકળતાં એના છોડવા એકલડાંડી-એ વધી જાય છે. એ જ્યાં ઉગે છે ત્યાં આગળ ઘણું કરીને જથ્થાબંધ ઉગે છે. એનાં પાંદડાં એક બીજાના સામ સામે આવે છે અને તે એકથી ત્રણ ઇંચ લાંબાં, ૦॥ થી એક ઇંચ પહોળાં

કોર ઉપર કાંગરીવાળાં તેમજ સુંવાળાં હોય છે. ફુલની પાંદડીઓ-દડાંના ખુણાઓમાંથી નીકળેલી હોય છે. એ દરેક પાંદડીમાં આશરે ૫૦ થી ૧૫૦ જુદાં જુદાં સૂક્ષ્મ શ્વેત રંગનાં ફુલો હોય છે. એના આખા છોડવા ઉપર ઘણું કરી ધોળા કે ભુરા વાળની રૂંવાડી હોય છે.

ગુણદોષ—

द्रोणपुष्पी कफार्शोघ्नी कमला कृमिशोथजित् ॥
अग्निमांद्य हराचैव पक्षाघातस्य नाशिनी ॥

કુબો કફ અને અર્શને હરનાર તથા કમળો, કૃમિ અને સોજાને જીતનાર છે. (રાજવલ્લભ).

વળી અગ્નિમાંદ્યને હરે છે એને પક્ષઘાતનો નાશ કરે છે. (શોઢલ).

ઉપયોગ—ઔષધના કામમાં દેશી વૈદો માત્ર તેનાં પાંદડાંમાંથી કાઢેલા રસનોજ ઉપયોગ કરે છે. એ રસની માત્રા બાળકો માટે ૦ થી ૦ા તોલો અને મોટી ઉમરનાં મનુષ્યો માટે એકથી બે તોલા જેટલી હોઇ તે નીચે મુજબ વપરાય છે.

વિષમજ્વર એટલે ટાઢીયા તાવમાં તેના રસમાં ૦ા તોલો મરીયાંનું ચૂર્ણ મેળવીને અપાય છે. ખાંસીના દરદમાં મરીયાંના બદલે બહેડાંનું ચૂર્ણ ઉમેરાય છે. બાળકોની ખાંસી ૦ા તોલો રસ, એકાદવાલ ટંકણ અને થોડું એક મધ સાથે મેળવીને પાવામાં આવે છે. સંધિવામાં એના રસમાં લીંડી પીંપરનું ચૂર્ણ ઉમેરવામાં આવે છે.

જો અનિદ્રા જબર અડ્યો હોય તો એનો રસ કાઢીને શરીરે ચોપડવાથી, અથવા તો એના છોડવાઓને પાણી સાથે ઉકાળીને તે પાણીની શાક લે લાવવાથી પરસેવો આવી તાવ । વેમ નરમ પડી જાય છે એ। આખા છોડવાને ખાંડી રસ કાઢી તેમાં મરીયાનો ભૂકો મેળવીને કપાળમાં તેમજ મગજ ઉપર લેપ કરવાથી ગમે કે દુઃખના લીધે અત્યંત દુઃખનું માથું પણ શાન્ત થાય છે. એના રસમાં કાકડી, સોનાગેરૂ અને આંમળાં એ ત્રણ ચીજ ઘસીને તેનું આંખમાં અંજન કરવાથી કમળાનું દરદ નાબુદ થાય છે.

વૈદ્યકીય દૃષ્ટિએ તો એનો ઉપર મુજબ ઉપયોગ થાય છે. પરંતુ જડીબુટ્ટીઓનો શોખ કરનારાઓને તેના નીચે મુજબના અમુલ્ય ગુણો હાથ આવ્યા છે.

બાબુ રામપ્રસાદ શર્મા જણાવે છે કે:—એનાં પાંદડાંને ખાંડી રસ કાઢી કપડેથી ગાળી લેવું એ રસને એક તપેલામાં નાંખી તેમાં તેટલું જ પાણી કેમેરી ચોવીસ કલાક રહેવા દેવું, બી દિવસે કલાકના ચલાવ્યા સિવાય ઉપરનું બધું પાણી નીતારી નાંખતાં તપેલાના તળીએ જે સત્વ રહે તે સત્વને એક થાળીમાં લેપ લેવું, અને એક મોટા ટબમાં પાણી ભરીને ચુલે ચઢાવી તેના ઉપર એ થાળી રાખીને મંદ અગ્નિ બળવો. જ્યારે ટબમાંના પાણીની વરાળની ગરમીથી થાળીમાંના સત્વમાંથી બીનાસનો ભાગ ઉડી જાય ત્યારે તેને નીચે ઉતારી લેપ એક શીશીમાં ભરી રાખવું. આ સત્વની માત્રા એક માસો એટલે લગભગ પંદર વટ ભારની છે.

ટાઢ વાઈને આવતા દરેક જાતના તાવો માટે આ સત્વ એક માસો. કાળાં મરીમાં પચ્ચીસ અને તુળસીનાં પાંદડાં પાંચ અને ગર-

કચના ગોળાની મીંજ એક માસો એ બધાં સાથે મેળવીને ગરમ પાણી સાથે આપવાં.

કમળાના દરદ ઉપર આ સત્વ મધ સાથે મેળવીને આંજવું.

અફીણના ઝેર ઉપર આ સત્વ પાણી સાથે ઓગાળીને દર અડુધા કલાકે આપવું.

સર્પદંશથી કોઇ મનુષ્ય બેભાન થયું હોય તો આ સત્વનું ચૂર્ણ એક કાગળની ભુંગળી મારફતે નાકમાં ફુંકવું અને શુદ્ધિ આવ્યા પછી પાણીમાં ઘોળીને પાવું.

"પાયોનીયર' નામનું વિખ્યાત ઇંગ્લીશ પેપર જણાવે છે કે:—

Goomee this is a purely an Indian one, I have not been able to ascertain its Engliah equelent

A girl about fourteen years of age was brought to ine the night in a Comatose condition, the relatives stating she had been bitter by a snake about 15 months before, I saw her and that she had six faintings fits, not having any reliable remedy at hand I obtained some leaves of the gooma plant and after extracting the juice had it blown in her nostrils, The effect was instaneous the girl set up, as she had never been out of her sence.

To make sure that the snake was a poisonous one. I examined the foot and found to punctures in the skin.

I was told about this plant some years ago by an old Foker.

કુમ્બો એ ચોખ્ખો ભારતીય છોડ છે, જેથી તેની સાથે કોઇ પણ યુરોપ વૃક્ષની તુલના કરવાને માટે હું કૃત નિશ્ચય થવાને ઇચ્છવાન નથી.

એક દિવસ રાત્રિના સમયે એક ચૌદ વર્ષની છોકરીને બહુ ખરાબ અવસ્થામાં મારી પાસે લાવવામાં આવી અને તેના સંબંધિઓએ જણાવ્યું કે:—એને આજરે પંદર મહીનાઓ ઉપર સાપ કરડયો હતો. આ વાતચીત ચલતી હતી એટલા સમયમાં આસ જોવામાં આવ્યું કે તે છોકરી રહી રહીને ૭ વખત મુર્છિત થઇ ગઇ. આ વખતે મારી પાસે કોઇ પણ યોગ્ય ઔષધ મેજુદ નહિ હોવાથી મેં કુમાવાં કેટલક પાંદડાં મસળીને તેનો રસ તેણીના નસકોરામાં રેડયો. આ રસની અસર એટલી બધી જલદી થઈ કે તે છોકરી તરતજ ઉઠીને બેઠી થઈ અને એ દરદ તેને હમેંશના માટે મટી ગયું અર્થાત ત્યાર બાદ ફરી પણ બેસુદ થઇજ નહોતી.

જે સાપ તે છોકરીને કરડયો હતો તે કેવી હતો કે કેમ તેની પરીક્ષા કરવાને મે તેનો પગ તપાસ્યો તો તેની ચામડી ઉપર કેટલાએક છિદ્રો નજરે પડયાં

આ ઔષધિમાં એવો ગુણ રહેલો છે એની વાત કેટલાએક વર્ષો પૂર્વે મને એક ફકીરે કરી હતી.

ખાટખટુંબડો.

સં. અત્યમ્લપર્ણી, કંડુરા હીં. રામચના, ખટુઆ. મ. આંબ-ટવેલ, કડમવલ્લી, લા. Vitis carnosa. V. pentaphylla.

વિવરણ—ખાટખટુંબાના વેલા ઘણા ભેજ થતા હોય તે ચોમાસે પુષ્કળ પ્રમાણમાં જોવામાં આવે છે. પાંદડાં બેથી ચાર ઇંચ લાંબાં અને દાંડથી ત્રણ ઇંચ પહોળાં હોઈ ગેખડાની માફક ત્રણ, ત્રણ પાન ભેગાં આવેલાં હોય છે. એના ફુલના ગુચ્છ લીલા રંગના અને ફળો ગુચ્છાબંધ આવે છે. ફળ, પાંદડાં તથા વેલાનો આકાર દ્રાક્ષને મળતો આવે છે આ વનસ્પતિનાં દરેક અંગો ખાટા રસથી ભરેલાં હોય છે અને જો તે ખાવામાં આવે તો ગળામાં દાહ ઉત્પન્ન થાય છે. હિન્દુસ્થાનના ઘણાખરા ભાગોમાં આ વનસ્પતિ થતી હોવાથી તે સર્વત્ર પ્રસિદ્ધ છે.

ગુણ ધર્મ અને ઉપયોગ—રાજનિઘંટના કર્તાએ તો આ વનસ્પતિને માત્ર તીખી ખાટી, અગ્નિને દીપન કરનારી, રુચિ ઉપજાવનાર તથા બરોળ, શૂળ, વાયુ, કફ અને ગોળાને નાશ કરનારી જણાવી છે. પરંતુ જડી બુટ્ટીઓનો શોધ કરનારાઓને તો એ ઉપરાંત તેમાં એક બીજો અદ્ભુત ગુણ માલુમ પડ્યો છે. એ ગુણ કીયો છે તે નીચેની હકીકત ઉપરથી સમજાશે.

ધન્વંતરિ નામે વિખ્યાત વૈદ્યકપત્રના તંત્રી ઇ. સ. ૧૯૧૬ના ફેબ્રુઆરી માસના અંકમાં જણાવે છે કેઃ—સંવત ૧૯૫૪–૫૫ની સાલના અરસામાં હું ગાયકવાડ સરકારના બેસણું કરવામાં હતો. તે વખતે મારે ત્યાં સંખ્યાબંધ દરદીઓ દવા લેવા માટે આવતા

હતા, અને હું તેમને વિનામુલ્યે દવા આપતો હતો, કારણ મારે મારૂં ગુજરાન દવા ઉપર કરવાનું નહોતું, મારૂં ગુજરાન તો વકી-લાતના ધંધાવડે ઈશ્વર કૃપાથી સારી રીતે ચાલતું હતું. મારા પા-ડોશમાં હરજી જગત નામના ભાટીયા રહેતા હતા જે ઘણા વૃદ્ધ હતા. દાદર થયેલા દરદીઓને તેઓ એક જાતનું મુળીયું ઘસીને ચોપડવાને કહેતા જેથી આગ બળી ફોલ્લા થઈ કિંવા તે જગો સુઝી જઈ તેમને થએલી દાદર જતી રહેતી. એક વખત મેં તેમને પૂછ્યું કે તમે દાદર ઉપર શાનું મુળીયું વાપરો છો? તેમણે કહ્યું ચિત્રકમુળ મેં કહ્યું કે એતો બ્લીસ્ટર એટલે સખ્ત દાહક અસર કરી ફોલ્લા ઉત્પન્ન કરનારી ચીજ છે જેથી કોઇ વખત તમને દુઃખરૂપ થશે. પરંતુ તે વાત તેમના ધ્યાનમાં ઉતરી નહિ. થોડા દિવસો બાદ એવો પ્રસંગ આવ્યો કે તેમના પોતાના ગળેજ દાદર નાકળી. પોતે દાદરની દવા તો જાણતાજ હતા, એટલે ચિત્રકમુળ ઘસીને ગળા ઉપર લગાવ્યું, આ વખતે ચોમાસાના દિવસો હતા. દાદરની જગ્યા સુઝી ગઇ તથા પાક ઉપર ચઢી અને પરીણામે કહોવાણના લીધે તેમાં જીવડા પડ્યા હું હમેંશાં તેમને એ મુળ વાપરવાને ના કહેતો હતો તેથી તેમને એ આટલે સુધી પીડા થઇ પણ તેમને મને એ હકીકત કહી નહી. પરંતુ અત્યંત પીડા થઇ અને લોહી આવવા લાગ્યું ત્યારે મને ખબર પડી. આ જંતુઓનો નાશ કરવા મેં કારબોલીક તેલનો તપાસ કર્યો. પરંતુ ખેરાલુમાં મળી શક્યું નહિ. કારણ સરકારી દવાખાનામાં પણ કાર્બોલિક એ-સીડ થઇ રહ્યો હતો. અને એ રીતે તેલ ન મળી શક્યું ત્યારે બીજી યુક્તિ કામે લગાડી. તે યુક્તિ એ હતી કે ધોયેલું ઘી અને સાકર

ભેગાં કરીને પાકેલા ભાગના નારામાં જ્યાં આગળથી લોહી નીકળતું હતું ત્યાં આગળ મુકવાથી જીવડા તે ખાવાને ઉપર આવતા હતા. અને અમે તેઓને ચીપીઆવડે પકડી, પકડીને બહાર કાઢી નાંખતા હતા, આ કડાકુટ ચાલતી હતી એવામાં તે સ્થળે એક ડાકરડો માથે ભારી લેઇને આવ્યો, તે મંદ્રોપુર ગામનો હતો અને મને સારી પેઠે ઓળખતો હતો, જેથી તેણે મને કહ્યું કે:—તમે જીવડા કાઢવા સારૂં આટલી બધી કડાકુટ શા માટે કરો છો ? વગર મહેનતે બધા જીવડા જીવતી સ્થિતિમાં બહાર નીકળી આવે એવા ઉપાયો ક્યાં નથી ? મે કહ્યું કે તેવો ઉપાય હોય તો તમે કરો. તેણે વનસ્પતિ લેઇ આવીને ઉપાય કરવાને કહ્યું. અમે તેને મહેનતના ચાર આના આપવા ઠરાવ્યા અને તેની ભારી પણ વેચાતી લેઇ લીધી. જેથી થોડીવારમાં તે એક વનસ્પતિની ગાંઠ લેઇ આવ્યો, તેના હાથ મેં ધોવડાવ્યા અને તે ગાંઠ તેણે પત્થર ઉપર ઘસી ચંદનની માફક જાડી રહેવા દે. તેનો એક લચકો ફના પેલ ઉપર મુકી તે પેલનો દવાવાળો ભાગ દરદવાળી જગ્યાએ આવે તેવી રીતે નાસુર ઉપર ઉંધો પાડ્યો, એટલે દવાનો લચકો નાસુર ઉપર અને રૂ ઉપરની બાજુ રહ્યું. દશબાર મિનિટ પછી જ્યારે તેણે પેલું રૂનું પેલ ઉખાડી લીધું ત્યારે જીવતા કીડાઓનો એક લચકો પેલી દવાને વળગેલો હતો. આ જોઇ મેં કહ્યું કે તેં કંઇ હસ્ત ચાલાકી કરી છે, માટે મને દવા મુકવા દે; આમ કહી મેં તે મળ ઘસ્યું અને તેનો લચકો પ્રથમની માફક નાસુર ઉપર મુક્યો તો તે વખતે પણ અનેક જીવતા કીડાઓ તરી આવ્યા. આ પ્રમાણે ત્રણ વખત એ દવા મુકવાથી તમામ જીવડા નીકળી ગયા અને તેવી દરદીને ગળા ઉપર બે દિવસથી સખ્ત વેદના થતી હતી, અને રાત્રિ

એ ઉંઘ પણ નહોતી આવતી તેમાં આરામ જણાયો. આ ઉપર-થી તે મુળીયું જાણવાની મને ઉત્કંઠા થઇ, જેથી તે ઠાકરડાને મેં ઘણું સમજાવ્યો, પણ તેણે મને તે મુળીયું બતાવવાની ના પાડી. મેં તેને દશશેર, બારશેર ચોખા ખાવાને આપ્યા, અને કહ્યું કે તું જાણે છે કે:—હું દવા કરી કોઇ પાસે કાંઇ લેતો નથી, તો પછી હું લોકોને ઘેર એવા ઉપાય કરવા જાઉં તેથી તારો ધંધો બગડે એમ નથી, પરંતુ આવા દરદીઓના ઘેર તને બોલાવવાની હું સલાહ આપીશ જેથી તેઓ તરફથી તને ઘણો ફાયદો થશે. આ પ્રમાણે અનેક યુક્તિ પ્રયુક્તિથી તેના મનનું સમાધાન કરવાની ઘણી મહે-નત કર્યા પછી તે મુળ બતાવવાનું તેણે કબુલ કર્યું, જેથી અમે બન્ને તરત ગામ બહાર ગયા. તે ગાંઠ મને પ્રથમથીજ ઓળખાઇ ગઇ હતી, તેથી મેં કહ્યું કે જો હું તને વેલો બતાવું તેજ એ છે કે નહિ? પછી મેં તેને વેલો બતાવ્યો અને તેણે કબુલ કર્યો. એ વેલાને ભોંયમાંથી ખોદતાં તેમાંથી ગાંઠ નીકળી અને એ ગાંઠ તે ઠાકરડાએ આવેલી ગાંઠ સાથે મળતી આવી. આ ગાંઠ શાની હશે તે જાણવા વાંચકવર્ગ ઇન્તેજાર હશે, માટે જણાવવાનું કે તે ગાંઠ ખાટખટુમડાની હતી. કે જેના વેલાઓ ચોમાસામાં જ્યાં, ત્યાં પુ-ષ્કળ થાય છે. મેં પણ ત્યાર પછી એ ગાંઠનો ઉપયોગ કરી જોયો હતો અને તે પણ પ્રથમની માફકજ અસરકારક જણાયો હતો. પરંતુ જ્યારે એ ગાંઠ સુકાઇ જાય છે ત્યારે તેમાં પ્રથમના જેવો ગુણ રહેતો નથી. અને તેથી તેનો ગુણ ટકાવી રાખવાને માટે કોઇ જાતનો મલમ કે ટીંકચર શોધી કાઢવાને માટે હું તે મુળીયું સર ભાલચંદ્ર કૃષ્ણભાટવડેકર પાસે મુંબાઇ લેઇ ગયો હતો અને સર્વે

હકીકત કહી હતી, પરંતુ તેઓ સાહેબ પણ એ સંબંધી કંઇપણ શોધ હજુ સુધી કરી શક્યા નથી.

આ મુળીઆંનો અમે પણ ઉપયોગ કરી જોયો છે અને ચોમાસાના દિવસોમાં ઢોરોને સહેજ ચાંદુ કે ઉઝરડો થવાથી તેમાં જે કીડા પડે છે તેને દુર કરવાને માટે પણ એવું અકસીર જણાયુ છે, કે જો આ કામ માટે ફીનાઇલના બદલે તેનો ઉપયોગ કરવામાં આવે તો ફીનાઇલની ખરીદી માટે દરવર્ષે જે સોકડો રૂા. વિદેશ ઘસડાઇ જાય છે તેનો અવશ્ય બચાવ થયા વિના રહે નહિ.

ગરોળી.

સં. પલ્લી. ઇં. A Lizard.

વિવરણ—આ પ્રાણી પ્રત્યેક મનુષ્યના ઘરમાં વસતું હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે. અને ભીંત, કુંભી, કમાડ, પાટડા, વળીઓ, ખાપો વિગેરે સ્થળાએ જાણે તે જગ્યા ઉપર ચોંટી ગયું હોયને તેમ લાંબા સમય સુધી વળગીને પડી રહેતું હોવાથી ભીંત ગરોળી કે ગરોળીના નામથી પણ ઓળખાય છે. આ પ્રાણી જો શરીર ઉપર પડે તો કંઇ અશુભ બનાવ બનશે એમ માતીને હિન્દુ લોકોમાં દાન, પુણ્ય કરવાનો રીવાજ છે.

ઉપયોગ—વૈદ્યક શાસ્ત્રના ગ્રંથો જોતાં તો આ પ્રાણીનો ઓષધ તરીકે કંઇ પણ ઉપયોગ થતો હોય એવું માલુમ પડી આવતું નથી. પરંતુ " રિસાલાહીકમત લાહોર " નામની કીતાબમાં થોડાં એક વર્ષો પૂર્વે જણાવવામાં આવ્યું હતું કે:—પતનું દરદ કે જે

વૈદ્યો અને હકીમોમાં મુશ્કેલીથી મટી શકે કિંવા ન પણ મટે એવું મનાય છે તેને ચમત્કારિક રીતે નાબુદ કરવાના ઇલાજો માટે કેતુરમાં એક ફકીર અત્યંત પ્રખ્યાત હતા, કેમકે દરદીને તે કોઇ પણ જાતની દવા આપ્યા સિવાય માત્ર ત્રણ દિવસ ખીચડી ખવડાવીનેજ આ દરદને નાબુદ કરતો, જેથી લોકો તેને એક મહાત્મા તરીકે માનતા હતા. દરદીને ત્રણ દિવસ સુધી એ ખીચડી ખવડાવવાથી તેના શરીરમાંથી લીલા, પીળા રંગનો અને દુર્ગંધ મારતો પુષ્કળ પરસેવો નીકળ્યાં કરતો, જેની મારફતે શરીરમાંથી સદરહુ રોગને ઉત્પન્ન કરનારૂં સઘળું ઝેર ઝરી જઇ દરદીને આરામ થઇ જતો. આ ઉપરથી તે ઉપાય જાણવાને અમોએ તે ફકીરની અત્યંત સેવા ઉઠાવી તો પણ તેણે કંઇ પણ ભેદ બતાવ્યો નાહ. પરંતુ તેની પાસે આવા દરદીઓ અનેક આવતા હોવાથી લાંબા સહવાસના અંતે યુક્તિ પ્રયુક્તિથી સમજવામાં આવ્યું કે:—તે એક જીવતી ગરોળીને પકડીને કપડાંની પોટલીમાં બાંધી દેતો હતો અને તે પોટલીને એક દેગડામાં રાખીને તેના ઉપર ખીચડી અને પાણી ભરી દેઇ ચુલે ચઢાવતાં જ્યારે તે ગરોળી મરી જતી, ત્યારે પોટલીને મુપચુપ વાસણમાંથી કાઢી લેઇ સદરહુ ખીચડી દરદીને ખાવા આપતો, જેથી ઉપર મુજબ પરીણામ આવતું હતું.

સદરહુ ફકીર આ બધી ક્રિયા એકાંતમાં બેસીને કરતો, અર્થાત ખીચડી પકાવતી વખતે તેના ઉપર ઇલમ પઢવો પડે છે જેથી કોઇનો પડછાયો તેના ઉપર ન પડે એટલા માટે એકાંતમાં બેસીને તેણે પોતાના હાથેજ તૈયાર કરવી જોઇએ એવું બહાનું કાઢતો હતો. પરંતુ એક ઔષધ તરીકે જાહેરાતમાં આ વિધિનો પ્રયોગ કરવો

એ કામ ખરેખાત અજાયબ ભર્યું જણાયું. જેથી અમે તેનો પ્રયોગ કરવાની બીજી તરકીબ શોધી કાઢી.

એ તરકીબ એવી હતી કે માટીના એક નાના વાસણમાં મસુની દાળ ભરીને તેમાં બે, ત્રણ જીવતી ગરોળીઓ નાખી તે વાસણનું મોઢું બંધ કરીને પંદર દિવસ રાખી મુકવામાં આવતું. જેથી તે પ્રાણીઓની લાળ, મુત્ર વિગેરેથી સઘળી દાળ ભીંજાઇ જતી. એ દાળને છાંયે સુકવીને રાખી મુકવામાં આવતી અને જ્યારે જરૂર હોય ત્યારે તેમાંથી ૦ા થી ૧ા તોલા જેટલી દાળ ખાંડી ચુર્ણ કરી તેનો હલવો બનાવી દરદીને આપવાથી અજબ પરીણામ આવતું.

આર્ય, યુનાની અને એલોપેથીક એ ત્રણે વૈદક શાસ્ત્રોએ લગભગ અસાધ્ય જેવા માનેલા વાત રકત એટલે પતના દરદ ઉપર આ ઉપાયની કેવી અસર છે તેનો અમે ધર્મના બાધના કારણથી અનુભવ નહિ લેઇ શકયા હોવાથી આ પુસ્તકની પ્રથમાવૃત્તિમાં કંઇ પણ અભિપ્રાય આપી શક્યા નહોતા, પરંતુ હાલમાં આમોદ નજીક આવેલા કુંડવરા ગામના પટેલ ઓકમભાઇ ભગવાનભાઇ જણાવે છે કે:—એક માણસને કેટલેક વર્ષ થયાં પતનું દરદ થયું હતું, તેને આપની જંગલી જડીબુટ્ટીના બીજા ભાગમાં વર્ણવેલી ગરોળીની હલવા ખીચડીના રીતથી ખવડાવવાથી હાથ પગનાં આંગળાં, હાથેળી તથા નાકમાં ખાડા પડી તેમાંથી જે લોહી અને પરૂ નીકળતું હતું તે બેજ દિવસમાં જાદુની માફક મટી ગયું હતું. અને બધા મળી ૭ દિવસ ખીચડી ખવડાવવાથી બાર આની આરામ થયો હતો, ધર્મ બાધના કારણને લેઇ આ પ્રયોગ એક મુસલમાન પાસે કરા-

વવામાં આવતો હતો, હરી ઇચ્છાએ છ દિવસ પછી ગરોળી નહી મળી શકવાથી પ્રયોગ બંધ રાખવો પડયો હતો, જેથી દરદીને સંપૂર્ણ રીતે દરદ મુક્ત કરી શકાયો નહોતો.

આ હકીકત ઉપરથી ગરોળીમાં પતનું દરદ સમાવવાનો ખાસ ગુણ રહેલો છે. એ વાત સાબિત થાય છે, તો પણ હજુ વિશેષ અનુભવની જરૂર છે, અને તેથી જો કોઇ યોગ્ય અધિકારી આ બાબતમાં વિશેષ પ્રયત્ન કરી પોતાનો અનુભવ જણાવશે તો જન સમાજની અમુલ્ય સેવા બજાવી ગણાશે.

ગાડર ઝીપટો.

સં. નાગદમની. વિષાપહા. હિં. નાગદમન, નાગદોન. મ. નાગદવણી. ગુ. ગાડર ઝીપટો, ધોળો ઝીપટો. ભરડ. ઇં. Indian worm-wood. લા. Artimsia Indian.

વિવરણ—ગાડર ઝીપટો ચોમાસે ઘણોજ જોવામાં આવે છે. પરંતુ કોઇ, કોઇ સ્થળે તે બારે માસ પણ હોય છે. એના છોડવા એકથી ત્રણ ફીટ ઉંચા વધે છે, પરંતુ થોડાએક વધ્યા પછી એની શાખાઓ ઘણું કરીને આડી અવળી ઘણી લાંબી વધી જાય છે અને તેને થોરની વાડ કે કાંટાવાળાં ઝાડવાની ઓથ મળે તો તેના ઉપર ૪ થી ૬ ફીટ ઉંચા ચઢી જાય છે. એનાં પાંદડાં લાંબાં અને ઘણું કરીને કંટાસળીઆનાં પાનને મળતાં હોય છે. ફુલફીકાશ લેતા લીલા રંગનાં અને ફળો પ્રથમ લીલા રંગનાં હોય છે પરંતુ પાછળથી ભુરા રંગનાં થઇ જાય છે. એ ફળો ઉપર ગીચોગીચ ધોળાં

ખુરા વાળની ફૂંવાટી અને વાંકી તીક્ષ્ણ અણીવાળા કાંટા આવેલા હોય છે. આ ઝીપટો એ જેના સાવરણા થાય છે તે લાલ ઝીપટો નહિ, પરંતુ જેનાં ફળ કાંટાનાજ ગુચ્છાવાળાં થાય છે અને જે ગાડરને ચોટી જાય છે, તથા જેનાં પાંદડાં અણીદાર અને લાંબાં થાય છે તે ધોળો ઝીપટો સમજવો.

ગુણદોષ—

सर्वग्रहप्रशमनीविशेषविषनाशिनी
मूत्रकृच्छ्रव्रणान्रक्षोनाशयेज्जालगर्दभम् ॥ (भा. प्र.)
उदराध्मानदोषघ्नीकोष्ठशोधनकारिणी (रा. नि)
लूतासर्पविषंवातंकफंवान्तिकृमीन्व्रणम् ॥
शूलंगुल्मंरक्तदोषंज्वरंसर्वविषाणिच. (नि. र.)

ભાવ પ્રકાશ કહે છે કે તે સર્વે પ્રકારની ગ્રહ પીડાઓને શમાવનારી અને મુખ્ય ભાગે વિષનો નાશ કરનારી છે. વળી મૂત્ર-કૃચ્છ, વ્રણ. રાક્ષસ પીડા અને જાલગર્દભ રોગનો નાશ કરે છે.

રાજનિઘંટુકાર જણાવે છે કે તે ઉદરરોગ અને આફરાને હરનારી તથા કોઠાને શુદ્ધ કરનારી છે.

નિઘંટ રત્નાકરના કર્તા જણાવે છે કે તે કરોળીઆ અને સાપનું વિષ, વાયુ, કફ, ઊલટી, કૃમી અને વ્રણને હરનારી છે. વળી તે શુળ, ગોળો, રૂધિરવિકાર તાવ તેમજ સર્વે પ્રકારનાં ઝેરો નો નાશ કરે છે.

ઉપયોગ—એનાં મુળીઆંનો ઉકાળો કરીને પીવાથી મુત્રકૃચ્છ્રનું દરદ દુર થઇ પેશાબ સાફ રીતે આવે છે. પાંદડાંને વાટીને ગડગુમડ અને સોજાંઓ ઉપર લગાડવામાં આવે છે. બીજને વાટીને સાકર સાથે મેળવીને કફ અને ઉધરસવાળાને ખવડાવાય છે.

સાપ, વીંછી, કરોળીઆ વિગેરે હરક પ્રકારના ઝેર ઉપર આના જેવી ઉત્તમ બીજી દવા નથી. એનાં મુળીયાં આ તોલાભાર જેટલાં લેઇને ગરમ પાણી સાથે ઘસીને પાવાથી તત્કાળ કોઠાની શુદ્ધિ થઈ ઝેરની શાન્તિ થાય છે આ વનસ્પતિમાં દરેક જાતનાં ઝેરો નાબુદ કરવાના ગુણ હોવાથીજ સંસ્કૃત ભાષામાં તેને "विषाण्हा" ના નામથી ઓળખવામાં આવી છે, વળી તે સાપના ઝેરને ટાળનાર હોવાથી "नागारि" "नागहन्त्र" "नागहंता" વિગેરે નામો આપવામાં આવ્યાં છે. એનાં પાંદડાંમાં પણ તેવાજ ગુણ હોવાથી "नागपत्रा" પણ કહેવામાં આવી છે.

ગડ, ગુમડ અને વ્રણને મટાડવાના એના ગુણો વિષે વિવેચન કરતાં થોડા દિવસો ઉપર પુનાનાં વસંત વ્યાખ્યાનોમાં નરહર મોપાળ સર દેશાઈ નામના લંડનથી એમ બીની માનવંતી પદ્વી મેળવી આવેલા એક ધુરંધર ડાક્ટર સાહેબે જણાવ્યું હતું કે:— વિલાયતથી યુરોપીયન વૈદ્યક શીખીને આ દેશમાં આવ્યા પછી મને જે, જે શંકાઓ થવા લાગી તેના નિવારણ માટે પ્રથમ મેં યુનાની વૈદ્યકનાં ભાષાંતરો વાંચ્યાં, અને છેવટે આયુર્વેદીય ગ્રંથોનો અભ્યાસ કર્યો, તે ઉપરથી મારી ખાત્રી થઇ કે તે વૈદ્યક ઘણુંજ ઉત્તમ છે, આ ઉપરથી મેં ઇંગ્રેજી વૈદ્યક છોડી દેઇ ગામડી વૈદું શરૂ કર્યું અને હાલમાં હું દેશી ઓષધોજ વાપરૂં છું.

ઇંગ્રેજી કાર્મોરોપીઆ યુનાની વૈદ્યક ગ્રંથો, અમેરિકન, જર્મન તથા ફ્રેન્ચ વૈદ્યક પદ્ધતિ એ બધાં એકઠાં કરવાથી જે કંઈ શાસ્ત્ર ઉત્પન્ન થાય તે બધાની બરાબરી કરવાને આર્ય વૈદ્યકનો એકલો "ચરક સંહિતા" નામનો ગ્રંથજ બસ છે.

આયુર્વેદ એ જુની વિદ્યા હોવાથી સડેલી વિદ્યા છે અને યુરોપીયન વૈદ્ય દિનપ્રતિદિન આગળ વધે છે એવું યુરોપીય ડૉક્ટરો અને તેમના આ દેશના કેટલાએક દેશી ચેલાઓ બોલે છે. આ વાતમાં કેટલું સત્યાસત્ય છે તેનાં અનેક ઉદાહરણોમાંથી માત્ર થોડાં એક આપું છું.

ઝેર ચડયા ઉપર સોનું ઉપયોગી થઇ પડે છે એવો શોધ ઇંગ્રેજ ડૉક્ટરોને ગયા વર્ષમાંજ હાથ લાગ્યો, અને આ નવિન શોધ કર્યા બદલ બે ડૉક્ટરોને બક્ષિસો પણ આપવામાં આવી, પરંતુ આપણને તો આ વાત ચરક મહર્ષિએ સેંકડો વર્ષો પહેલાંજ જણાવી દીધેલી છે.

સંગ્રહણીના દરદમાં જે દહીં, પારો, બીલી તથા બીજાં કૃત્રિમ ઔષધોનો આજકાલ ઉપયોગ કરવામાં આવે છે તેજ ઔષધો હજાર વર્ષ પહેલાં પણ વપરાતાં હતાં.

કમળાના રોગ માટે ઇંગ્રેજી વૈદ્યકમાં કોઇ પણ સાફ ઔષધ નથી, આ વિષયમાં મારો જાતિ અનુભવ કહું વાંદરામાં એક યુરોપીયન ગૃહસ્થને કમળો થયો જેથી તેઓ ઔષધ માટે મારી પાસે આવ્યા, મેં તેમને ઇંગ્રેજી પદ્ધતિ પ્રમાણે મિક્ચર કરી આપ્યું. દર વીઝીટે દશ, દશ રૂપીઆ ફી લેઇને મેં તેમની પાસેથી આશરે દોઢસો રૂપીઆ ફીના કઢાવ્યા અને આશરે દોઢ મહીના

સુધી દવા આપી પરંતુ સારૂં થયું નહિ. આથી નિરાશ થઈને તેઓ એક સુરતના વૈદ્ય પાસે ગયા. તે વૈદ્યે તેમને એક વનસ્પતિનું ચૂર્ણ સુંઘવા આપ્યું અને આશ્ચર્યની વાત એ છે કે માત્ર બે દિવસ તે ચૂર્ણ સુંઘવાથી નાકમાંથી પીળી રસી નીકળીને કમળો મટી ગયો. પછી તેઓ સાહેબ મારી પાસે આવીને બોલ્યા કેઃ—તમને મેં ૧૫૦ રૂ. આપ્યા તે ફોગટના ગયા! આ વાત મેં મુંગે મોઢે કબુલ કરી! યુરોપીયન ડોક્ટરો ગડગુમડના સોજા ઉપર ઠંડા પાણી કે ફોમેન્ટેશનનો ઉપયોગ કરે છે. કોઈવાર આ ઠંડકથી સોજો બેસી જાય છે. પરંતુ કદી જો બેસે નહિ તો પોટીસ મારી, મારીને પકાવીને ફોડે છે. અથવા તો ઓપરેશન કરે છે એટલે ચપ્પુ વડે ચીરે છે. કારણ કે ઇંગ્રેજી વૈદકમાં આ સિવાય બીજો ઉપાય નથી કે જે સોજા ઉપર ચોપડવાથી સોજાને નાબુદ કરે, પરંતુ દેશી વૈદકમાં આવા ઉપાયો અનેક છે. એકવાર મારી પાસે "સેલ્યુલાઇટીસ" દરદનો એક રોગી આવ્યો. આ દરદ શસ્ત્ર ક્રિયા સિવાય મટશે નહિ એમ મને લાગ્યું. પરંતુ દરદી નાનું બાળક હોવાથી તેમ કરવું કઠિણ તથા જોખમ ભર્યું જણાયાથી દેશી ઔષધ વાપરી જોવાનો મેં વિચાર કર્યો. એ સોજા ઉપર નાગરવેલના પાંદડાં મેં બાંધ્યા અને સવાર, સાંજ કડવા લીંબડાનો થોડો થોડો રસ પાવાને કહ્યું. આશ્ચર્યની વાત એ બની કે ચપ્પુનો ઉપયોગ કર્યા સિવાયજ આ છોકરો પાંચ દિવસમાં સારો થઇ ગયો. પણ આમ કરવાથી મેં બસો રૂ. ફીના ખોયા.

આવાજ બીજાં અનેક ઉદાહરણો આપ્યા પછી છેવટે આ ડૉક્ટર સાહેબ જણાવે છે કેઃ—ખરેખર વિચાર કરવો એમ જ-

રૂપ છે કે:-જે દેશમાં જે રોગ થયો હોય તેના ઉપર તે દેશનુંજ ઔષધ સારો ગુણ કરે છે, અને તેથી હિન્દુસ્થાનના લોકોને જે જે રોગો થાય તેઓના ઉપર હિન્દુસ્થાનમાં પેદા થનારાંજ ઔષધો આપવાં જોઇએ. દેશી ઔષધોની વિરૂદ્ધ બોલનારા ડાક્ટરોની હું બે હાથ જોડીને પ્રાર્થના કરૂં છું કે આપ એક વખત આયુર્વેદને શીખો ! તેના સંપૂર્ણ રહસ્યને વિચારો! તેના આશ્ચર્યમય પરીક્ષાઓનો અનુભવ લ્યો ! અને પછી નાક મરડવું હોય તો મરડજો.

ઝિપટો.

સં. ઝિંઝિરીટા. હિં. ઝિંઝીવારા. મ. ઝિંઝુર્ડી, કુતરે વાદિરે, ઝિંઝિરા. લા. Triuufetta Rotuadifolia.

વિવરણ—ઝીપટાના છોડવા કેટલાએક સ્થળે બારેમાસ જોવામાં આવે છે, તો પણ તે ચોમાસે વિશેષ ઉગી આવે છે. તે ૨॥ થી ૩॥ ફીટ સુધી ઉંચા થાય છે. એને પણ ઝીપટીની પેઠે છેટે છેટે જરા લાંબી શાખાઓ નીકળી તેઓના ઉપર ૧॥ થી એક કે દોઢ ઇંચ લાંબાં અને તે લાંબાં પહોળાં પાંદડાં આંતરે આંતરે આવે છે. એ પાંદડાંની ઉપરની સપાટીનો રંગ ઘેરો લીલો અને નીચેની સપાટીનો જરા ધોળાશ લેતો હોય છે. તેની બન્ને સપાટી ઉપર બારીક નિના કાંટા જેવા વાળ આવેલા હોય છે, તેથી પાન ઉપર આંગળી ફેરવતાં તે ખરસટ લાગે છે. એ પાંદડાં ગોળાશ લેતાં અને ફુલ પીળાં હોય છે જે બપોર પછી ઉઘડે છે. ફુલ ચણાના દાણા જેવડાં અથવા તો તેનાથી નાના અને કાંટાવાળાં હોય છે.

ગુણદોષ—ગ્રાહી, ઉપલેપક અને પીષ્ટિક.

ઉપયોગ—કોઇ પણ કારણથી થયેલા જખમમાંથી લોહી વ્હેતું બંધ કરી ઘાને રૂઝવી દેવામાં ઝીપટાનો ઉપયોગ છેક પ્રાચીનકાળથી પ્રસિદ્ધ છે. આગળના સમયમાં રણક્ષેત્રમાં યોદ્ધાઓને જ્યારે તીર, તરવાર વિગેરે શસ્ત્રો વાગવાથી જખમ થતા ત્યારે તેમાંથી વ્હેતું લોહી બંધ કરી જલદી રૂઝ આવવાને માટે આ ઔષધિનો રસ ઘાની અંદર ભરવામાં આવતો એવું કેટલાએક પ્રાચીન ગ્રંથો વાંચવાથી સમજાઇ આવે છે. આજે પણ ખેડુત, રબારી અને બીજા ઘાસ વાઢનારા લોકોને ઘાસના ધારથી કિંવા દાતરડા વડે કપાવાથી જખમ થાય છે તો તેના માટે લીકર ફેરી કે ટીંકચર ફેરી જેવાં ઔષધોની શોધ ખોળ ન કરતાં ઝીપટાને શોધી કાઢી તેના પાંદડાં ચાવીને જખમ ઉપર મુકે છે તેથી તેમાંથી નીકળતું લોહી તરતજ બંધ થઇ જાય છે અને જખમ પાકયા સિવાય રૂઝાઇ જાય છે.

આ ઔષધિ કેવળ શરીરની બહારની બાજુના અવયવો ઉપરજ આવી અસર કરે છે એમ નથી, પરંતુ આંતરિક અવયવો ઉપર પણ તેવીજ અસરકારક છે અને તેથી દરરોજ સવાર સાંજ એનાં ત્રણ તોલા જેટલાં મુળીયાંને પાણી માથે ઘસીને તેમાં સાકર મેળવીને પીવાથી લોહીનો ઝાડો, અર્શમાંથી પડતું લોહી તેમજ ફેફસામાંથી થતો રક્તસ્રાવ પણ તત્કાળ મટી જાય છે, અને તેથી આ ઔષધિનો ઉપયોગ કરનારને "હેઝેલીન" જેવી ભારે કિમતની ઔષધિ ખરીદવાની આવશ્યકતા રહેતી નથી.

ઝહેર મહોરો ખતાઈ.

હિં. પ્રેડુ બજાર, કાની ઝહેર મહોરા યુ ઝહેર મહોરા અ. કાદજ હરમાવ્ના. ઈ Mineral stone, serpent stone લા. Blezoar.

વિવરણ—ઝેર મહોરો એ આરસપહાણ જેવો અને પીળાશ, લીલાશ કે રતાશ પડતી ઝાંખવાળો કિંવા સાબુ। જેવા રંગવાળો પદાર્થ હોઈ યુનાની દવાઓ વેચનારા ગાંધીઓને ત્યાં મળી શકે છે. અને પાણી સાથે ઘસ્યા પછી જેનો પસારો સફેદ રંગનો થાય છે તે ઉત્તમ અને વાપરવા લાયક ગણાય છે. બીજો એક હલકી જાતનો ઝહેર મહોરો આવે છે જે કાળાશ પડતા રંગનો અને કઠીણ હોય છે જેથી માત્ર બાહ્યોપચારમાંજ વપરાય છે.

ગુણદોષ—યુનાની વૈદ્યક ગ્રંથોમાં આ ઔષધની અત્યંત પ્રસંશા કરવામાં આવી છે. "કરાવાદીન કબીર" નામના ગ્રંથમાં લખ્યું છે કે તેને તાપમાં રાખવાથી તેમાંથી પરસેવા છુટે છે એ પરસેવો તાવના દરદીને ખવડાવવાથી ગમે તેવો જીર્ણજ્વર તત્કાળ દુર થાય છે.

રસરાજ મહોદધિ નામના ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે કે:—ખરા ઝેર મહોરાની ઓળખાણ એવી છે કે લીબડાનાં પાંદડાં સાથે એને વાટવાથી લિંબડાની કડવાશ જતી રહે છે એટલુંજ નહિ પરંતુ અરીણ જેવી કડવી વસ્તુઓ ખાધા પછી ઝહેર મહોરો ખાવામાં આવે તો મુખમાંથી કડવાશ દુર થઈ જાય છે.

વળી બીજા એક ગ્રંથમાં લખવામાં આવ્યું છે કે:—ઝહેર મહોરાને પાણી સાથે વાટી તેની ગોળી બનાવી ઝેરી સાપના મોઢામાં

રાખવામાં આવે તો તે સાપ મરી જાય છે. એ કે આ બાબતનો અનુભવ લેવામાં આવ્યો નથી, તોપણ એટલુંતો અનુભવસિદ્ધ ચોક્કસ છે કેઃ—કડવેર મહોરો એ એક તદ્દન નિર્દોષ અને ઉત્તમ અસરકારક ઔષધ હોઈ તેમાં ઝેરને હરવાના, જીર્ણજ્વર, અજીર્ણ, ઉલટી, અપચો, ઝાડો અને હૃદય, યકૃત, પાચનક્રિયા અને મૂત્ર માર્ગનાં દર્દો દુર કરવાનો, તથા શરીરમાં બળ, વીર્ય અને કાન્તિનો વધારો કરવાના અદ્ભુત ગુણો સમાએલા છે.

ઉપયોગ—આ ઔષધનું ઝેર મહોરો એનું નામ છે તે ઉપરથી ઝેરી છે એમ માનીને બડકવાનું કંઈપણ પ્રયોજન નથી. કારણ આ ઔષધ પોતાની જાતે બિલકુલ ઝેરી ન હોતાં કેવળ નિર્દોષ છે પરંતુ તેમાં ઝેરને હરવાના અદ્ભુત ગુણો રહેલા છે જેના લીધે જ કડવેર મહોરો એ નામથી ઓળખાય છે. સાપ, વીંછી, ઝેરી કિમેરે કોઇપણ જાતનું ઝેર ચઢયું હોય ત્યારે તેને પાણી સાથે ઘસીને પાવાથી ઉલટી મારફતે ઝેરને દુર કરે છે, માટે જ્યાં સુધી ઉલ્ટીઓ થયા કરે ત્યાં સુધી વારંવાર આ ઔષધને આપ્યાં કરવું અને જ્યારે ઉલટીઓ થતી બંધ થાય ત્યારે ઝેર ન જાદ થયું સમજવું. પ્લેગ, કોલેરા, મેલેરીઆ, શીતળા કિમેરે ઝેરી હવાને લીધે ઉત્પન્ન થતા સંક્રામક રોગો ચાલતા હોય ત્યારે ઝેર મહોરો એક વાલ, ઝેરી ટોપરૂં એક વાલ તથા પપૈયા બધાં વાલ એ ત્રણે ચીજોને વાટી ચુર્ણ કરી ચુરણ બળમાં ઘુંટી દરરોજ સવારના પાવાથી તેવો એક પણ રોગ લાગુ પડી શકતો નથી. વળી કોલેરાનું દરદ લાગુ પડી ગયા પછી પણ જો દર બે, બે કલાકે આ દવા આપવામાં આવે છે તો બીજા દરકોઈ ઉપાય કરતાં વધારે જારી અ-

સર કરી શકે છે એ અનુભવસિદ્ધ વાત છે. ઝેર મહોરાનો ગુણ ઉષ્ણ નથી, તેમજ શીત પણ નથી, પરંતુ સમશીતોષ્ણ છે જેથી દરેક મનુષ્યની પ્રકૃતિને માફક આવે છે. તેમાં પણ બાળકોના અજીર્ણ, ઉલટી, અને ઝાડા અને શોષરોગમાં તે વધુ ઉપયોગી અને ખાસ અસરકારક છે. બાળકોને વરાધના લીધે લીલા રંગના જે ઝાડાઓ થાય છે તે નાબુદ કરે છે. તેમજ "સુકપાન" નામથી ઓળખાતો "બાળશોષ" નામનો બાળરોગ કે જેમાં બાળક હમેશાં ક્ષીણ થતું જાય છે તેમાં તેનો નિયમિત રીતે ઉપયોગ કરવામાં આવે તો ઘણો ફાયદો કરે છે.

ખરાબ હવાની અસરથી કે પરદેશનું પાણી લાગવાની અસરથી થત દરદો જેવાં કે જીર્ણજ્વર, અતિસાર, સંગ્રહણી, સોજા અને નબળાઇને દુર કરી હૃદય, મસ્તિષ્ક, મગજ, લીવર, પચનેન્દ્રિય વિગેરે પ્રધાન અવયવોને પુષ્ટી આપવામાં પણ તે આબાદ કાર્ય કરે છે. પરંતુ આ કાર્ય માટે દરરોજ સવાર, સાંજ ૨ થી ૪ રતી જેટલી માત્રામાં લાંબા સમય સુધી તેનું સેવન કરવું જોઇએ. જો થોડા દિવસો માટેજ આ ઔષધનું સેવન કરવાનું હોય તો તેનું પ્રમાણ બાળકો માટે એકથી ત્રણ રતી અને મોટી ઉમરનાં મનુષ્યો માટે ૬થી ૧૨ રતી જેટલું છે.

બાહ્યોપચારમાં રતવા, ગરમીની ફોલ્લીઓ, ઝેરી સોજા વિગેરે દરદો ઉપર ગુલાબજળ, સુખડ કિંવા લિખડાની આંતરછાલના ઘસારા સાથે આ ઔષધ મેળવીને ચોપડવાથી ઘણોજ સારો ફાયદો થાય છે. વળી આંગ, ગરમ તેલ કે એવાજ બીજા કોઇ કારણથી શરીરનો હરકોઇ ભાગ દાઝી કે બળી ગયો હોય તેના ઉપર કોપરેલ કિંવા તલના તેલ સાથે ઘસીને ચોપડવાથી આરામ થાય છે.

ત્રાંબું.

સં. તામ્ર મ. તાંબે. હિં. તાંબા. ફા. મિસ. ઇં. Coper લા. Cuprum

વર્ણન—ત્રાંબુ એ પ્રખ્યાત ધાતુ છે.

જડીબુટ્ટી તરીકેનો ઉપયોગ—આ ધાતુના પતરાની ચકતી બનાવી શરીર ઉપર ધારણ કરી રાખવાથી કોલેરાનું દરદ થવા પામવાની સામે અદ્ભુત રીતે બચાવ કરે છે એવું આશ્ચર્યકારક પ્રસિદ્ધમાં આવ્યું છે. આ સંબંધમાં ડીસેમ્બર સને ૧૮૮ના થીયોસોફીસ્ટ વોલ્યુમ ૧૦ના ત્રીજા અંકમાં મી. ગરટેનસ્ટોર્ન નામનો વિદ્વાન જણાવે છે કેઃ—

Metal'c cills are worn to great advantage in Iddia on deseasd parts of the body. The curative proyerties of toose cells I have seen verified in autheutic instances when, years ago (I believe about 1852) Cholera was devastating some qar's of Europe, it was remarked at munich (Baveria) that among the thousands of its victims, there was not a single copper smith, Hence it was recommended by the medical authorities of that town to wear disks of thin copper plats (of about 2½ insh diameter) on a string on the hollow of tae stomach, and

they prooved to be a powerful preventive of cholera. Again in 1867 cholera visited O-dessa. I and my whole Family wore these copper disks and while all round there were numerous cases of cholera and dysentry, neither of us was attacked with either. I propose that serious experiments should be made in this direction and specially in those countries which are periodically devastated by that desease, as India for instance. It is my conviction that one disk of copper on the stomach and another one of zink on the spine opposite the former will be of still better service, the more so if both disks are joined by thin copper clain—Page. 92.

હિન્દુસ્થાનમાં શરીરના રોગી અવયવો ઉપર યંત્ર કે તાવીજના નામે ધાતુની ચકતીઓ પહેરવામાં આવે છે અને તેથી સારો ફાયદો થતો પણ જોવામાં આવે છે. આવી ચકતીઓના રોગ સમાવવાના ગુણો ખરા પડવાની વાત સતાવાર રીતે અનુભવવામાં આવેલા દાખલાઓમાં મારા જોવામાં પણ આવી છે. કેટલાએક વર્ષો એટલે મારા ધારવા પ્રમાણે આશરે સને ૧૮૫૨માં જ્યારે યુરોપના કેટલાએક ભાગોમાં કોલેરા ઉજડ વેરાન બનાવતો હતો ત્યારે મ્યુનિચ (બાવેરિયા) માં ખાસ લક્ષ ખેંચે એવું એ બન્યું હતું કે એ રોગના ભોગ થઇ પડેલા હજારો મનુષ્યોની અંદર એક

પણ કંસારો સપડાયો નહોતો. આ ઉપરથી એ શહેરના વૈદ્યક સત્તાધિકારીઓએ ત્રાંબાના પાતળા પતરાની આશરે અઢી ઇંચ વ્યાસની ગોળ ચકતીઓ બનાવી દોરીએ પરોવીને પેટના પોલા ભાગ ઉપર પહેરવાની ભલામણ કરી હતી, અને તે બધી કોલેરાના ઉપદ્રવ લાગુ પડતો અટકાવવાને મજબુત રીતે સફળ નીવડી હતી. આ પછી ફરીથી વળી સને ૧૮૬૭ ની સાલમાં ઓડેસામાં કોલેરા ફાટી નીકળ્યો ત્યારે મેં અને મારા આખા કુટુંબે આવી ત્રાંબાની ચકતીઓ પહેરી રાખી હતી, જેનું પરીણામ એ આવ્યું કે અમારી આજુબાજુ સઘળા રથળે કોલેરા અને મરડાના અસંખ્ય કેસો બનતા હતા, છતાં અમારામાંના કોઇના પણ ઉપર આ બેમાંથી એકનો પણ હુમલો થયો નહોતો. આ સબંધિ બારીક અજમાયશો કરી જોવાની હું સુચના કરૂં છું. અને તેમાં પણ દાખલા તરીકે હિન્દુસ્થાન જેવા દેશો કે જેઓ વારંવાર આ દરદને લીધે ઉજડ વેરાન બની જાય છે, ત્યાં આગળ તો આવો પ્રયોગ અજમાવી જોવાની ખાસ જરૂર છે. મારી એવી ખાત્રી છે કે જો પેટ ઉપર એક ત્રાંબાની ચકતી પહેરવામાં આવે તથા એક બીજી જસતની ચકતી તેની પાછળના ભાગમાં કરોડ ઉપર પહેરવામાં આવે તો વિશેષ ફાયદો મળે, અને વળી જો એ બન્ને ચકતીઓને તાંબાની પાતળી સાંકળવડે જોડવામાં આવે તો એ ફાયદામાં એથી પણ વિશેષ વધારો થાય.

આ વિદ્વાનની ભલામણ પછી આ બાબતનો લાંબો અનુભવ લેવામાં આવ્યો છે અને તેનું સંતોષકારક પરીણામ જણાયાથી ઠેકાણે કેટલાએક ડોક્ટરો ભલામણ કરે છે કે:-કોલેરાના રોગમાં

ત્રાંબાની લંબગોળ અથવા તો ગોળ પતરી કરાવી લેવી અને બાજુની કોરો નજીક છિદ્રો પડાવી દોરવા નાખી જડાવી તેમાં દોરીઓ પરોવી પેટના આગલા ભાગ ઉપર ચામડી સાથે બરાબર રીતે સ્પર્શ કરીને રહે તેવી રીતે અઠોનિસ-દિવસ રાત્રિ પહેરી રાખવી. આ પતરીનું માપ મોટા પુરૂષ માટે ૬×૪ ઈંચ, નાના પુરૂષ સ્ત્રીઓ માટે ૫×૩ ઈંચ અને બાળકો માટે ૪×૨ ઈંચ રાખવું. તેમજ હાથ, સરકો, આંબલી કે બીજી કોઇ ખટાશની માંજને તે પતરૂં વખતો વખત ચોખ્ખું રાખવું.

કોલેરાના જંતુઓ કુવા, તળાવ વગેરેના પાણીમાં પેદા થાય છે, અને તે પાણી પીવા કે ન્હાવાના ઉપયોગમાં લેવાથી આ રોગ લાગુ પડે છે, એટલા માટે પાણીમાંના કોલેરાના જંતુઓ મારી નાંખવાને આજકાલ પોટાસ પરમેગનેટ નામની દવા કુવા, તળાવ વિગેરેમાં નાંખવામાં આવે છે, પરંતુ તેનાથી બધા જંતુઓ મરી જતા નથી, અગર જે મરી જાય છે તે પણ ૪૮ કલાક પછી પેદા થાય છે, અને તેથી શું ઉપાય કરવાથી એ પાણીમાંના જંતુઓ નાશ પામી કોલેરાનો રોગ લાગુ પડતો અટકે એ વાત વિચારવા જેવી છે.

અમેરિકાના સુપ્રસિદ્ધ ડોકટરે મુકે કરેલા પ્રયોગો ઉપરથી સાબિત થયું છે કે ત્રાંબાનાં વાસણો, પતરાં કે સિક્કાઓ ઉપર જેવી સૂક્ષ્મ જંતુઓ જીવી શકતા નથી. ત્રાંબાના આ ગુણને લીધે મેલેરીઆ અને ટાઈફોઇડ જેવા તાવની બેસમમાં તેમજ ત્રાસ કરીને કોલેરા કે મરકીના જેવા ચેપી રોગો પ્રસરતા હોય તેવી ઋતુમાં ત્રાંબામાં પાણી એક દિવસ અગાઉ તાંબાના વાસણમાં ભરી રાખેલું પાણી પીવાના કે ન્હાવાના ઉપયોગમાં લેવાથી તેવા

એરી રોગોનો ઉપદ્રવ લાગુ પડતો નથી એ વાત એ ડૉક્ટરે કરેલા શોધથી સાબિત થઇ છે.

ડૉક્ટર ગુરે આ શોધ હાલમાં કરી છે. અને તેને એક અગત્યની નવિન શોધ માનીને આપણે વધાવી લેઇએ છીએ, પરંતુ દીલગીરીની વાત છે કે નવા યુગની નવી ફેશનમાં ફસી પડીને આપણું જ્ઞાન આપણે ગુમાવીએ છીએ. તાંબાની ધાતુ ઉપર સુક્ષ્મ જંતુઓ જીવી શકતા નથી, એ વાત માત્ર અત્યારેજ શોધી કાઢવામાં આવી છે અને તેથી તેનું સઘળું માન ડૉ. ગુરેનેજ ઘટે છે એમ નથી; પરંતુ આપણા પૂર્વજોને ઘણા સમયથી તેનું યથાસ્થિત જ્ઞાન હતું, અને તેથીજ તેઓ માત્ર એક મુર્તીજ નહિ પરંતુ પાણી ભરવાનાં બેડાં, આચમની, તરભાણી વિગેરે પુજાનાં વાસણો, પાણી પીવાના લોટા અને પવાલાં, ન્હાવા ધોવાની કુંડીઓ, હાંડે, ઘરે કે જેમાં ખાવાના માટલીઆં અને તાપીતો અને રાંધવા કરવા કે ખાવા પીવાનાં વાસણો પણ ત્રાંબાનાંજ રાખતા હતા. દેવાલયોમાં તો તેમણે તાંબાને ઉત્તમ માન્યુંજ હતું, પરંતુ વ્યવહારીક કામોના પણ ત્રાંબાનાં વાસણો સિવાય ચાલી શકતું નહોતું. હાલ વિદેશી ચીજોના મોહમાં પડી દીન પ્રતિદીન ત્રાંબાનો વપરાશ આપણે એટલો બધો બંધ કર્યો છે કે ભાગ્યેજ તેને ઘરમાં લાવીએ છીએ, અને વળી જો કદાચ લોભજોગે ઘરમાં ત્રિશિક હોય તો તેમને માત્ર શોભા તરીકે ઉટકીને પાણીઆરામાં મેલી રાખીએ છીએ, બાકી આપણા વપરાશને માટે તો તાંબાને બદલે પીતળ, જર્મન-સીલ્વર, ટીન, માટી ચઢાવેલા લોખંડ કે એલ્યુમીનીયમનાં ફેશનેબલ વાસણો, લોખંડી ડોલ, લાકડાંનાં ટબો વિગેરે વધારી લાવીએ છીએ.

અને એમ ફેશનપર પાશક થવા જતાં કોલેરા, મેલેરીઅલ ફીવર વિ-
ગેરે ભયંકર દરદોના જંતુઓ કે જેઓ આપણા પુર્વજોને સ્વપ્ને
પણ ઉપદ્રવ કરી શકતાં નહોતા, તેઓને આપણા શરીરમાં દાખલ
થવાને પળે, પળે જોગવાઈ કરી આપીએ છીએ.

તેલીઓકંદ.

સં. તૈલકંદ. હિં. તૈલકંદ. બં. તૈલકંદ. મ. તૈલકંદ.

વિવરણ—પારાની ગોળી બાંધનારી તથા ત્રાંબા, રૂપા, લોઢા અને સીસા તથા કલાઈ વિગેરે ધાતુઓને સોનાના સ્વરૂપમાં ફેરવી નાખનારી જે ચોસઠ દીવ્ય વનસ્પતિઓ મનાય છે તેમાંથી આ એક છે. પરંતુ અફસોસ! કે તેની ઓળખાણનું કોઇ પણ વૈદક ગ્રંથમાં જોઇએ તેવું સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું નથી.

ગુણદોષ—

लोहद्रावीतैलकन्दःकटूष्णो ।
वातापस्मारहारीविषारिः ॥
शोफघ्नःस्याद्बन्धकारीरसस्य ।
द्रागेवासौदेहसिद्धिविधत्ते ॥ निर्घंटुभूषण ॥

તેલીઓ કંદ સોનાં રૂપું વિગેરે ધાતુઓને પ્રવાહી કરનાર, તીખો, ગરમ, અને વાયુ તથા વાઇના દરદને હરનાર તેમજ ઝેરનો નાશ કરનાર છે. વળી તે સોજાને હણે છે, પારાનું બંધન કરે છે, અને દેહ તથા ધાતુઓની સિદ્ધિ કરે છે.

ઉપયોગ—વૈદ્યક ગ્રંથોમાં જેવી રીતે આ ઔષધિની ઓળખાણ આપવામાં આવી નથી, તેવીજ રીતે તેનો ઉપયોગ કરવાની વિધિનું પણ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું નથી.

અમારી જમનોત્રી તરફની યાત્રામાં એક પરમ કારૂણિક વૃદ્ધ મહાત્મા સાથે સમાગમ થયો હતો, તેઓની સાથે દીવ્યૌષધિઓ સાથે વાતચિત કરતાં જ્યારે તેવીઓ કંદનો પ્રસંગ આવ્યો ત્યારે તે મહાત્માએ જણાવ્યું હતું કે:—આપ, ગીરનાર, વિંધ્યાચળ, હીમાલય વિગેરે પહાડોમાં તેવીઓ કંદની ઉત્પત્તિ થાય છે, એ બધી ચમત્કારીક ચીજ છે. જેના હાથમાં આવે તેનું પ્રારબ્ધ ફરી જાય છે, અને તેથી પુરા ભાગ્યશાળી મનુષ્યનાજ હાથમાં આવે છે. મારા હાથમાં તે ઔષધી આવી નથી, પરંતુ બાલ્યાવસ્થામાં હું જ્યારે ગુરૂની સાથે ફરતો હતો, ત્યારે મારા ગુરૂના હાથ આવી હતી જેથી મારા પણ જોવામાં આવી હતી. અમે બદ્રીનારાયણની યાત્રા માટે પ્રયાણ કરતા હતા ત્યારે એક પહાડની ખાણમાં મારા ગુરૂની દ્રષ્ટિ અકસ્માત એક છોડના ઉપર પડી કે જેનાં પાંદડાં મુળાનાં પાંદડાંને બળતાં પરંતુ રંગે પીળાં હતાં અને તેના ઉપર જાણે તેજ ચે પડેલ હોયને તેવું દેખાતું હતું. આ છોડ ઉંચાઇમાં દોઢેક હાથ અને ઘેરાવામાં લગભગ બે ફુટ હોય તેના ઉપર માત્ર ત્રણેક પાંદડાં હતાં. એ છોડના થડનો ઘાડો લગભગ મુઠીમાં સમાય તેટલો જાડો હતો. આ ઘાડાની છાલ આમળાને મળતી હતી અને છોડ ઉપર પીળા રંગનાં ફુલો આવેલાં હતા. એ છોડના નીચેની માટી જાણે તેલથી ભીનાશ રહેલી હોય ને તેવી દેખાતી હતી. સદરહુ વનસ્પતિને જોઇને ગુરૂ વર્ય એકાએક ત્યાં આગળ અટકયા અને

આશ્ચર્ય ચકિત થઇને વારંવાર તેને નિહાળવા લાગ્યા. થોડી એક વાર પછી દેખ ભર્યા, કામ હો ગયા ! એમ કહીને તેમણે પોતાની જોળામાંથી દશ રૂ. કાઢી મારા હાથમાં આપ્યા અને નજીકના ગામમાંથી એક કોદાળી તથા એક બકરી વેચાતી લેઇ આવવાનો કહ્યું. કેટલીએક વારે જ્યારે હું તે લેઇને ત્યાં આગળ આવ્યો ત્યારે કોદાળી વડે તે છોકરાને ખોદતાં તેની નીચે જ્યારે એક ગાંઠ જેવું દેખાવા લાગ્યું ત્યારે તેની આજુબાજુએ ધણી કાળજીથી ખોદી તે માંહેને ઉઘાડી કરી ખોદવાનું કામ બંધ કરવામાં આવ્યું અને પછી પેલા બકરીને એક દોરડાથી બાંધીને તે દોરડાનો બીજો છેડો ખુટાને બદલે તે છોકરા સાથે કંદની નજીકમાં બાંધી અમે બન્ને જણા નજીકના એક વૃક્ષ ઉપર ચઢી ગયા. આથી તરફ બકરીએ બંધનમાંથી છુટવાને જોર વડે ખેંચતાણ કરવા માંડી જેથી કેટલીએકવારે કંદ સાથે તે છોકરા ઉખડી ગયો અને તેની સાથે તે કંદ નીચેથી કુદવાટા મારતો એક અત્યંત ઝેરી ભયંકર સાપ પણ નીકળી આવ્યો. એ સાપ એટલો બધો ઝંઝેડાએ ગયેલો હતો કે તે બકરી છોકરાને લેવને દોડ્યો તો આગ્યે વીશ હાથ જેટલી દૂર પણ પહોંચી ન હતી એટલામાં તો તેને પકડીને દશ, વીશ દંશ માર્યા, બકરી તો જોતજોતામાં પ્રાણ મુકત થઇ ગઇ હતી, તો પણ સાપ એટલો બધો ક્રોધે ભરાઇ ગયો હતો કે જ્યાં સુધી તે હીન વીર્ય—બ્યા સુધા તે તદન વિષ મુકત થઇ ગયો નહી ત્યાં સુધી દંશ મારતોજ રહ્યો, અને જ્યારે આમ હીન વીર્ય થઇ ગયો ત્યારે છેવટે તે બકરી ઉપર ફેણ પછાડીને પ્રાણ મુકત થઈ ગયો.

આવી રીતે જ્યારે તે સર્પ મૃત્યુવશ થયો ત્યારે અમે વૃક્ષ ઉપરથી નીચે ઉતરી આવ્યા અને તે કંદને લઇ લીધો. એ કંદનું

અજન આશરે આરસેર જેટલું હતું અને તેને નીચોવતાં તેમાંથી તેજાબ્યા રંગનો લાલ રસ નીકળ્યો હતો.

આ ઔષધિનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો તે પ્રકાશ કરવાની ગુરુ વર્યની આજ્ઞા નહિ હોવાથી સ્પષ્ટપણે હું કહી શકું તેમ નથી, એથી માત્ર એટલુજ કહીને આપણી જાનચિત્ત બંધ કરીશ કે તે રસથી ચારાની ગોળો બંધવામાં આવી હતી જેનાં સંયોગથી ત્રાંબા, રૂપા જેવી હલકી ધાતુઓ સોનાના સ્વરૂપમાં ફરી જતી હતી જના અમે પરમાર્થમાં ઉપયોગ કરતા હતા. વળી તે ગોળીને અડધો કલાક દુધમાં રાખીને તે દુધ પાવાથી ગમે તેવી નપુંસક સ્થિતિમાં આવી પડેલા પુરુષોને પુનઃ પુરૂષપણું પ્રાપ્ત થતું હતું. એ સિવાય વાઘ, વાયુ, ઉન્માદ, સોજા, જ્વોદર વિગેરે દરદોને નાબુદ કરવાના એ ઔષધિ તો બીજા પણ જે જે અદ્‌ભુત ગુણો વૈદ્યક શાસ્ત્રમાં વર્ણવવામાં આવ્યા છે તે અક્ષરશઃ સત્ય હર્યા હતા.

આ મહારસાની વાત સત્ય હોય કિંવા અસત્ય હોય, પરંતુ આનેજ મળતી અનેક વાતો બીજા પણ અનેક સાધુ, સંતોના બહોળો વખત સાંભળવામાં આવી છે. તેમજ વૈદ્યક શાસ્ત્રમાં પણ તેના ગુણોનું આશ્ચર્યકારક રીતે વર્ણન કરવામાં આવ્યું છે, જે ઉપરથી સમજાય છે કે આ એક દીવ્ય ઔષધિ છે અને તેથી જેના વિષે કોઇને વિશેષ માહીતિ હોય, અને તે જણાવવાને કૃપા કરશે તો આર્ય વૈદ્યકની ચાલુ સ્થિતિમાં એક નવિન પ્રકારનું પરીવર્તન થશે.

પપીતા.

અ. પપીતા. ઇ' Ignatius Beans. લા. Strychnos Ignati.

વીવરણ—પપીતાનાં ઝાડો આ દેશમાં થતાં નથી, પરંતુ ફીલીપાઇન બેટમાં થાય છે; જ્યાંથી તેનાં બીયાં આ દેશમાં આવે છે અને મોટા શહેરોમાં ગાંધીઓના ત્યાં મળી શકે છે. આ બીયાંનો આકાર લંબગોળ કિંવા ભાલાના આકારને મળતો હોય છે, અને સાધારણ રીતે એક ઇંચ અથવા તો તેનાથી ઓછી વધતી લંબાઇ હોય છે, ઔષધ તરીકે આ બીયાંનોજ આ દેશમાં ઉપયોગ કરવામાં આવે છે.

ગુણ ધર્મ અને ઉપયોગ—પપીતાનાં બીયાંમાં પણ ઝેર કોચલાંની માફકજ સ્ટ્રીકન્યા અને બ્રુસાઇન નામનાં તત્વ જુદા જુદા પ્રમાણમાં રહેલાં છે. એટલે આશરે દોઢ ટકા જેટલો સ્ટ્રીકન્યા અને બા ટકા જેટલો બ્રુસાઇન હોય છે. આ સિવાય વળી તેમાં લોગેનીન નામનું પણ તત્વ રહેલું છે એમ મનાય છે. એક ભાગ આ બીયાં અને દશ ભાગ રેકટીફાઇડ સ્પીરીટ સાથે મેળવીને અર્ક તૈયાર કરવામાં આવે છે. જે ટીંકચર ઇગ્નાશીયાના નામથી ઓળખાય છે, જે ઇંગ્રેજી દવાઓ રાખનારાઓના ત્યાં વેચાય છે, અને ત્રણથી વીશ ટીંપની માત્રામાં વાતહારક પૌષ્ટિક તરીકે તેમજ કોલેરાના દરદમાં વપરાય છે. બીયાંને ખાડીને કરવામાં આવેલા ચૂર્ણની માત્રા ૧ થી ૫ ગ્રેન સુધીની છે, અને આખો દિવસ રાત લઇને વીશ ગ્રેનથી વધારે પ્રમાણમાં આપવામાં આવતી નથી.

આજકાલ ચાલતા પ્લેગ એટલે મરકીના દરદમાં આ ઔષધ આસીર ગુણકારી માલુમ પડયું છે. પ્લેગના દરદ ઉપર તેનો પહેલ વહેલો ઉપયોગ હોમયોપેથીક ડૉક્ટરો તરફથી કરવામાં આવ્યો હતો પરંતુ હાલમાં ઘણાખરા વૈદ્યો, હકીમો અને એલોપેથીક ડૉક્ટરો પણ તેને વાપરવા લાગ્યા છે. સને ૧૮૯૬ ની સાલમાં કૉન્સ્ટેન્ટીનોપલની આજુબાજુના મુલકમાં પ્લેગનો ઉપદ્રવ ઘણી સખ્ત રીતે ફાટી નીકળ્યો હતો ત્યારે પેરા નામની પ્લેગ હોસ્પિટાલમાં આવેલા ગરીબ દરદીઓ કે જેઓ કેવળ પોતાના નસીબ ઉપર આધાર રાખીને પડયા હતા, તેમના ઉપર આ દવા ડૉક્ટર હેનીન બજરે મફત આપી અજમાવી હતી જેથી પ્લેગના ઘણા દરદીઓ બચ્યા હતા, અને સદરહુ ડૉક્ટરને મોટું પ્રમાણ મળ્યું હતું. વળી આ ડૉક્ટર સાહેબને કે જેઓ હોમીઓપેથીક ચિકિત્સા પદ્ધતિના મૂળ શોધક વિશ્વવિખ્યાત ડૉક્ટર હેનીમાનના શિષ્ય હતા તેમને પોતાનેજ લાહોર જતાં પાલીમાં પ્લેગનો રોગ લાગુ પડયો હતો, જેથી તે વખતે આ દવા પોતાની જાત ઉપર પણ અજમાવી જોતાં પરસેવા મારી તાવ ઉતરી ગયો હતો, અને વળી બહારની બાજુએ કોઇ પણ ઔષધ ચોપડવા ઇસ્પ્રાબ પણ ગાંઠ અને તેનો ફુગ્ગાવો તથા સોજો નાબુદ થઇ સંપૂર્ણ રીતે આરામ થયો હતો.

આ રીતે આ ઔષધમાં પ્લેગ વિષ વિનાશક ગુણ માલુમ પડવાથી તેને હોમીઓપેથીક ચિકિત્સા શાસ્ત્રમાં દાખલ કરવામાં આવ્યું અને દિનપ્રતિદિન વિશેષ પ્રચાર થતો ચાલ્યો.

આ ઉપરાંત વળી હોમીઓપેથીક રીત પ્રમાણે ઉપચાર કરનારા આધુનિક સમયના ખંતીલાના પ્રખ્યાત ડૉક્ટર સરદાર બહે-

ન્દ્રલાલ સી આઇ. ઈ. એ હાલમાં ચાલતી મરકી ઉપર આ ઔષધની બહોળી અજમાયશ કરીને જણાવ્યું કે:-આ દવા પ્લેગનો ઉપદ્રવ લાગુ પડતો અટકાવનાર તેમજ લાગુ પડયા પછી નાબુદ કરવાનો પણ અકસીર ગુણ ધરાવે છે. ચાલુ મરકીના સમયમાં જે મણે એનાં બીયાં કમરે કિંવા હાથે બાંધ્યા હતાં તેમાંના એકને પણ મરકી લાગુ પડી નહોતી.

આ અભિપ્રાય પ્રગટ થયા પછી ઘણાખરા વૈદ્યો, તેમજ ડોક્ટરો પુષ્કળ છુટથી પ્લેગના દરદમાં આ ઔષધિનો ઉપયોગ કરે છે. એટલુંજ નહિ પરંતુ સાધારણ મનુષ્યો પણ તેનાં બીયાંને સારીને હાથે કિંવા ગળે બાંધી રાખે છે. વળી આ બીજના ટુકડાઓ કરીને ઘરમાં ખુલ્લા ગોખલા, તાકાં વિગેરે સ્થળોએ પણ રાખી મુકવામાં આવે છે. કારણ એવું કહેવાય છે કે તેમ કરવાથી ઘરમાંથી પ્લેગના જંતુઓનો નાશ થાય છે.

આ ઔષધનો અમારી તરફથી પણ પ્લેગના પુષ્કળ દરદીઓ ઉપર અનુભવ લેવામાં આવ્યો છે. અને તે પ્લેગનો ઊપદ્રવ લાગુ પડતો અટકાવવા તેમજ લાગુ પડયા પછી નાબુદ કરવાના કામમાં અસરકારક માલમ પડી છે, તો પણ પ્લેગનું દરદ લાગુ પડયાને ઘણો સમય વહી ગયા પછી તેનો ઉપયોગ કરવામાં આવે તેના કરતાં દરદની શરૂઆત થતાની સાથેજ જો તે આપવામાં આવે છે તો ચોવીસ કલાકની અંદર તાવને તેમજ સાંધાઓમાં થતા દુઃખાવાને તદન નરમ પાડી નાંખવાનો અદ્ભુત ચમત્કાર બતાવી શકે છે. અમારા તરફથી આ ઔષધ ચૂર્ણના સ્વરૂપમાં દર બે, બે કલાકે એક ઘઉંભારના પ્રમાણમાં લેઇ પાણી સાથે આપવામાં આવતું

હતું અને તેથી પ્લેગનું દરદ લાગુ પડવાનાં ચિન્હો જણાયાને ૭ કલાકથી વધારે વખત ન વહી ગયો હોય તો એકજ દિવસમાં દરદનું જોર નરમ પડવાનાં ચિન્હો દ્રષ્ટિએ આવતાં હતાં. વળી પ્લેગનું દરદ લાગુ પડતું અટકાવવાને માટે જેને જેને દરરોજ સવાર, સાંઝ બેથી ત્રણ વખતબાર જેટલું એ ચૂર્ણ પાણી સાથે આપવામાં આવ્યું હતું તેનું પણ સંતોષકારક પરીણામ આવ્યું હતું, માટે પ્લેગનો ઉપદ્રવ ચાલતો હોય તે સમયમાં આ ઓષધનો ઉપયોગ કરવા તેમજ વિશેષ માહીતિ માટે અમારા તરફથી પ્રગટ થયેલું "પ્લેગ અથવા મરકી અને તેનાં કારણો, લક્ષણે તથા અનુભવ સિદ્ધ ઉપાયો" એ નામનું પુસ્તક વાંચવા ભલામણ કરી આ વિષય પુરો કરીએ છીએ.

પાણી.

સં. જલ. વારિ. હિં. જલ, પાની, મ. પાણી, બં જલ ફા. આબ તે. ની રૂ ઇ Water લા. Aquae.

પ્રાણીમાત્રને થનારાં અત્યંત ભયંકરમાં ભયંકર દરદોને નાબુદ કરનારાં જે અદ્દભુત ઓષધો કુદરતે પોતાના ભંડારમાં અપૂર્વ રીતે સંચિત કરી રાખેલાં છે, તેઓમાં પાણી એ એક મુખ્ય છે. પાણી એ પ્રાણીઓના પ્રાણ સ્વરૂપ છે, અન્ન સિવાય પ્રાણીઓ ઘણા સમય સુધી જીવન ધારણ કરી શકે છે, પરંતુ જળ સિવાય થોડાજ સમયમાં પ્રાણ ત્યાગ થઇ જાય છે, કેમકે જળની તૃષાને લીધે મોહ ઉત્પન્ન થાય છે અને એ મોહને લીધે પ્રાણનો નાશ થાય છે.

જેથી જીવન રક્ષણ માટે કોઇપણ અવસ્થામાં જળનો ત્યાગ થઇ શકે તેમ નથી.

માત્ર જીવન રક્ષણના માટેજ પાણી ઉપયોગી છે એમ નથી, પરંતુ આધિ ચિકિત્સામાં પણ તેવુંજ ઉપયોગી છે જેમ કેટલાંએક ઔષધો ખવડાવીને કિંવા બહારથી લગાડીને વ્યાધિઓને મટાડી શકાય છે. તેવીજ રીતે ઔષધો સિવાય માત્ર પાણીવડે પણ ઘણાં દરદો દુર કરી શકાય છે. આ વાત આજકાલની ક્રિયા પ્રયોગ નથી, પરંતુ છે પ્રાચીનકાળથી આ દેશમાં જણીતી છે અને તેથી વેદાદિ શાસ્ત્રોમાં વિસ્તૃત રીતે વિવેચન કરવામાં આવેલી છે. પરંતુ દીલગીરીની વાત એ છે કે આજકાલ આપણને પશ્ચિમનો રંગ પાસ લાગેલો હોવાથી આપણી ખાન, પાન અને રીતભાત ઉપરથી આપણો વિશ્વાસ ઉઠી ગયેલો છે. અને તેથી આપણાં શાસ્ત્રોએ બતાવેલી કોઇપણ વાત સ્વિકારવાને આનાકાની કરીએ છીએ પરંતુ જ્યારે પાશ્ચિમાત્ય વિદ્વાનો આપણા શાસ્ત્રોમાં કહેલી એ વાતોનો અનુભવ લેખ જાહેરમાં મુકે છે ત્યારે તેને નવિન શોધોના નામે આપણે અતિ ઉત્સાહથી વધાવી લેઇએ છીએ. આવીજ રીતે પાણીદ્વારા દરદો સારાં કરવાની વિદ્યા પણ જો કે આ દેશમાં આગી તુટી સ્થિતિમાં ચાલી આવતી હતી, પરંતુ પાશ્ચિમાત્ય પંડિતોના પ્રતાપથી વિશેષ અજવાળામાં આવી છે. પાણી ઉપચારમાં ઉપયોગી થઇ શકે છે એ વાતની શોધ પશ્ચિમ ભૂમિમાં બહેબરહેવી સોબીસીઆના વીન્સેન્ટ પ્રીજનીટ્ઝ નામના એક ખેડૂતે કરી હતી. પરંતુ ત્યાર પછી તેમાં ઘણો સુધારો થઈ તમામ દરદો કેવળ પાણીવડેજ નાબુદ કરવાની વિદ્યામાં પદ્ધતિ ઉત્પન્ન થઇ છે. એ પદ્ધતિ

પ્રમાણે વ્યવહાર કરવાના મુખ્ય બે વિભાગ છે. કેટલાએક ઉપચારકો દરેક દરદોની સારવાર માટે કેવળ શુદ્ધ પાણીનોજ ઉપયોગ કરે છે ત્યારે કેટલાએક બીજા ચારકો શુદ્ધ તેમજ કુદરતી રીતે કેટલાએક સ્થળોનાં ઝરણોમાં કિંવા કુંડોમાં રહેલાં રસાયણીક ક્ષાર મિશ્રિત જળનો પણ ઉપયોગ કરે છે જેઓ કેવળ શુદ્ધ જળનો ઉપયોગ કરે છે, તેઓ પોતાની પદ્ધતિને (Water cure) વૉટર ક્યુર કહે છે. અને જેઓ બન્ને પ્રકારનાં જળોનો ઉપયોગ કરે છે તેઓ પોતાની પદ્ધતિને (Hydropathy) હાઇડ્રોપેથી કહે છે. પરંતુ આ બન્ને પદ્ધતિઓને આપણી ભાષામાં " જળ ચિકિત્સા " એવું સામાન્ય નામ આપી શકાય.

આ જળ ચિકિત્સા શાસ્ત્ર એટલું બધું વિશાળ છે કે તેનું સંપૂર્ણ વર્ણન કરવાને માટે અહીંઆં પુરતું સ્થાનક નથી અને તેથી બધરેચ્છા હશે તો એક સ્વતંત્ર વિશાળ ગ્રંથ રૂપે વર્ણન કરવાનું અન્ય પ્રંથ ઉપર મુલતવી રાખી હાલમાં માત્ર કેટલીએક અત્યંત ઉપયોગી રીતોનુજ કંઇક દિગ્દર્શન કરીશું.

આઠ પ્રકારનાં પાણીનો પ્રયોગ—આજકાલના પાશ્ચિમાત્ય સમર્થ વિદ્વાન્ રસાયણ શાસ્ત્રીઓએ એવું સિદ્ધ કર્યું છે કે:— પ્રાણીમાત્રનું જીવન એ બીજું કંઇ નહિ પરંતુ રસાયણીક ફેરફારોનું એકદર પરીણામ છે. એ રસાયણીક ફેરફારો અટક પ્રમાણમાં શરીરમાં ગરમી હોય તોજ થઇ શકે છે: જો શરીરમાં રહેતી કુદરતી ગરમી ઓછી થાય છે તો કોષ્ઠબધ્ધ જનનો આમ ઉત્પન્ન થાય છે અને જો બધી ગરમી જતી રહે તો મૃત્યુ થાય છે, માટે જીવન જાળવી રાખવાને માટે શરીરમાં ગરમી પુરે એવા પદાર્થોના ક્રમમાં વધતોવધત આપવું જોઇએ. આવા પદાર્થો જો કે અનેક

છે. પરંતુ તે બધાઓમાં પાણી એ સર્વોત્તમ સાધન છે. કેમકે કોઈ પણ જાતના નુકસાનથી તે રહિત છે એટલુંજ નહિ પરંતુ જેટલા પ્રમાણમાં ગરમી આપવાની જરૂર હોય તેટલા પ્રમાણમાંજ તેને વધારે ઓછું ગરમ કરી શકાય છે. વળી પાણી જેમ શરીરમાં જોઇતી ગરમીને પુરી પાડે છે તેવીજ રીતે તેને ઠંડુ કરીને વાપરવાથી વધારાની ગરમીને દુર પણ કરી શકે છે.

શરીરમાં વધઘટ થયેલી ગરમીને સમાનતામાં લાવવાને આ રીતે પાણીનો ઉપયોગ કરવાની પાશ્ચિમાત્ય વિદ્વાનો આજકાલ ઘણા આગ્રહથી ભલામણ કરે છે એ ઘણી સારી વાત છે. તેઓની આ મહાન શોધના માટે, તેઓના આ મહાન બોધના માટે આપણે ઉપકાર માનવો જોઇએ. પરંતુ આ વાતથી આપણે છેક અજ્ઞાન નથી. પાણીનો ઉપયોગ કરવાનો એક અતિ ઉત્કૃષ્ટ સાદો ઉપચાર કે જે "આઠ કટોરી પાણીનો પ્રયોગ" એવા નામથી આ દેશના કેટલાએક ભાગોમાં પ્રસિદ્ધ છે તેની અસર કંઇ જેવી તેવી નથી. અત્યંત ભયંકર રીતે માંદગીમાં આવી પડેલા મનુષ્યને સખ્ત રીતે તાવ આવતો હોય, વાયુ અત્યંત વધી ગયો હોય, અચેતનતા પ્રાપ્ત થઈ હોય, ઝાડો, ઊલટી વિગેરે થતાં હોય, શરીર ઠંડુ પડી જતું હોય કિંવા એવાંજ બીજાં જીંદગીને જોખમ પહોંચાડે એવાં લક્ષણો જણાતાં હોય તેવા સમયે કેશર, કસ્તુરી, સ્પિરિટ એમોન્યા એરોમેટિક, હેમગર્ભ, હિરણ્યગર્ભ, મલ્લસિંદુર, કે ચંદ્રોદય જેવી માત્રાઓ જ્યાં કામ કરતી નથી ત્યાં આપણ આ આઠ કટોરી પાણી કામ કરે છે. જો દરદનાં લક્ષણો અત્યંત ભયંકર હોય, અર્થાત શરીર અત્યંત ઠંડુ પડી ગયું હોય, બેશુદ્ધિ બહુજ

વધી ગઈ હોય, કોલેરાની માફક ઝાડો, ઊલટી વધી પડયાં હોય અને તેથી કદાચ આ આઠ કટોરી પાણીનો પ્રયોગ ફત્તેહમંદ ન નીવડે તો પછી ચોસઠ કટોરી પાણીનો પ્રયોગ કરવાથી તો તરતજ દરદી હુશીઆરીમાં આવી જાય છે.

આઠ કટોરી પાણી બનાવવાની રીત એ છે કે એક માટીના વાસણમાં આઠ વાડકીઓ ભરીને પાણી રેડી પછી તેમાં સુંઠ, મરીઆં, પીંપર, તજ, લવિંગ અને વાવડીંગ એ દરેક ચીજ બે, બેઆનીભાર તથા તુલસી અને બીલી એ દરેકનાં પાંદડાં બે, બે તોલા લેઇ બેખરાં કરીને નાંખવાં. પછી આ પાણીને ચુલે મુકીને ઊકાળતાં જ્યારે એક વાડકી પાણી શેષ રહે ત્યારે ઊતારીને પાઇ દેવું. આમ દિવસમાં ત્રણ વખત પાણી તૈયાર કરીને દરદીને પાવાથી ગમે તેવો ઝેરી મેલેરીઆનો તાવ હોય છે તો તે પણ ઉતરી જાય છે અને તેના લીધે થતાં બીજા બધા ઉપદ્રવો શાન્ત પડે છે, જો તાવનો વેગ અત્યંત હોય અને આઠ કટોરી પાણીના પ્રયોગથી શાન્ત ન પડે તો પછી સોળ કટોરી, બત્રીશ કટોરી અથવા તો ચોસઠ કટોરી પાણીનો પ્રયોગ કરવામાં આવે છે. ઉપર મુજબ માટીના વાસણમાં સોળ વાડકી, બત્રીશ વાડકી અથવા તો ચોસઠ વાડકી પાણી નાંખીને ઊકાળતાં જ્યારે એકજ વાડકી પાણી બાકી રહે ત્યારે ઊતારીને પી શકાય તેવું ઠાડું પડે દરદીને પાઇ દેવું તેનું નામ સોળ, બત્રીશ કે ચોસઠ કટોરી પાણીનો પ્રયોગ છે. જેમ, જેમ વધારે વાડકીઓ પાણી ઊકાળીને તેમાંથી મ એકજ વાડકી પાણી રાખવામાં આવે છે તેમ તેમ વધારે ફાયદાકારક નીવડે છે. અને તેથી ચોસઠ કટોરીનું પાણી પાવામાં આવે છે, ત્યારે છેક

અસાધ્યાવસ્થાને પ્રાપ્ત થયેલા દરદીના શરીરમાં પણ એવી ગરમી જાગૃત થાય છે કે મરણ પથારીમાંથી બેઠો થઈને એક વખત તો તે અવશ્ય ઉત્તર આપે છે.

ઉપલક દ્રષ્ટિથી જોતાં તો આ ઉપાય ઘણોજ સાદો દેખાય છે, પરંતુ અનેક વખત અજમાયશ લેતાં તો એવા ફળદાયક માલમ પડયો છે કે જ્યા આગળ મોટી, મોટી માત્રાઓ પણ કાર્ય નથી કરતી ત્યાં આગળ તે પોતાનો વિજય ડંકો અવશ્ય બજાવે છે અને વળી ગળે કિંવા છાતીમાં ગમે તેવો કફ જામ્યો હોય તેને તો તત્કાળ વિખેરી નાંખે છે. આ વાતની શાક્ષી આપતાં રાજ નિઘંટુ અને નિઘંટુ ભૂષણ નામે ગ્રંથોના કર્તાઓ પણ જણાવે છે:—

कथ्यमानन्तुयत्तोयंनिष्फेनंनिर्मलीकृतम् ।
भवत्यर्द्धावशिष्टन्तुतदुष्णोदकमुच्यते ॥
उष्णोदकसदापथ्यंकासज्वरविबन्धनुत् ।
कफवातामशेषघ्नंदीपनंबस्तिशोधनम् ॥
तत्पादहीनंवातघ्नमर्द्धहीनन्तुपित्तजित् ।
कफघ्नंपादशेषन्तुपानायंलघुदीपनम् ॥

ઉકળવા માટે ચુલે ચઢાવેલા પાણીને અગ્નિ આપતાં આપતાં જ્યારે તે પાણી ફીણ વગરનું અને નિર્મલ થઈને અડધા ભાગનું બાકી રહે ત્યારે તે ઉષ્ણ જળ કહેવાય છે, આ ઉષ્ણજળ હમેશાં માફક આવે તેવું, તેમજ ખાંસી, તાવ, ઝાડાનો બંધકોશ કફ, વાયુ અને આમ દોષને હણનાર, અગ્નિનું દીપન કરનાર તથા બસ્તિને શોધનારૂં છે. પાણીને ઉકાળતાં એક ભાગનું બળી જઈને

ત્રણ ભાગનું શેષ રહે ત્યારે ઉતારી ગાળી લેઈ દરદીને આપવાથી વાયુનું શમન કરે છે. અર્ધે અર્ધ શેષ રહેલું પાણી પિત્તનો પરાજય કરે છે. અને ત્રણ ભાગનું બળી જાય માત્ર ચોથાજ ભાગનું શેષ રહેલું પાણી કફનો નાશ કરે છે, પચવામાં હલકું છે અને અગ્નિને દીપન કરવાવાળું છે.

इच्छन्ति [illegible] पेयम् ॥

જો અનેક દોષ ભેગા હોય તો અષ્ટમાંશ શેષ રહેલું પાણી વાપરવું એ ઇચ્છવા યોગ્ય છે.

આજકાલના શોધકો જણાવે છે કે જમવાના સમયથી અડધા કલાક પહેલાં જો ગરમ પાણી પીધું હોય તો તેથી ભુખ સારી પેઠે લાગે છે, તેવીજ રીતે જો રાત્રે અચ્છેર ગરમ પાણી પીને તરત સુઈ ગયા હોઈએ અને સવારમાં જરા વહેલા ઉઠીને તેટલું પાણી પીવામાં આવે તો દસ્ત સહેલાઈથી આવે છે પરંતુ આપણા શાસ્ત્રમાં તો તેના આવા ઉત્તમ ગુણો વર્ણવેલા છે.

ઉષા જલપાન વિધિ—શરીરમાં થએલા અનેક વ્યાધિઓને શીઘ્ર નાબુદ કરવાને માટે જેવી રીતે ઉષ્ણ જળનું પાન કરવામાં આવે છે, તેવીજ રીતે વધઘટ થએલા દોષોને સમાનતામાં લાવી પ્રકૃતિને સ્વસ્થ બનાવવાને માટે ઠંડુ પાણી પણ પીવામાં વપરાય છે. આ પાણી પીવાના સમય અને વિધિ વિષે વિવેચન કરતાં નિઘંટકાર જણાવે છે કેઃ—

अनुदितेअरुणेरविमंडलेच
पिबतितोयमनुप्रनमुत्रवित् ॥

सनरोनिलपित्तकफापहम्
शतरमारमतेप्रमदासह ॥

પ્રાતઃકાળમાં રવીમંડળના ઉદય પહેલાં અરૂણોદય વખતે એટલે પાછલી ચારપડી રાત્રિ બાકી હોય તે વખતે ઉઠીને પેશાબ કરી આવ્યા પહેલાં પથારીમાંજ બેસીને જે મનુષ્ય રાત્રિએ ત્રાંબાના વાસણમાં ભરી રાખેલું પાણી પીએ છે તે મનુષ્યના અત્યંત વૃદ્ધિ પામેલા વાયુ, કફ અને પિત્ત એ ત્રણે દોષોની શાન્તિ થાય છે. અને સો સ્ત્રીઓ સાથે વિહાર કરે એટલું બળ આવે છે.

પીવાના પાણીનું માપ કેટલું હોવું જોઇએ તેના સંબંધમાં નિઘંટ રત્નાકરમાં જણાવેલું છે કેઃ—

सवितुरुदयकालेप्रसृतीःसलिलस्यपिबेदष्टौ ॥

અરૂણના ઉદય વખતે આઠ અંજલી એટલે ચોસઠ તોલા જળ પીએ.

ગ્રંથકાર તો આ મુજબ જણાવે છે. પરંતુ હાલના મનુષ્યોની શક્તિને અનુસરીને કદાચ ઘાઇને એટલું પાણી માફક ન આવે તો ઓછું વધતું પીવામાં પણ કાંઈ વાંધો નથી.

પાણીનો કેવળ પીવામાંજ ઉપયોગ કરવાથી તે રોગહારક નીવડે છે એમ નથી, પરંતુ જુદી જુદી સ્થિતિના ઠંડા કિંવા ગરમ જળ વડે જુદી જુદી રીતે સ્નાન કરવાથી અથવા તો જુદી જુદી રીતે સેક કરવાથી પણ અજબ ફાયદો થતો જોવામાં આવે છે. દરેક મનુષ્યોની પ્રકૃતિ ભિન્ન, ભિન્ન હોય છે અને તેથી ક્યારે અને કેટલા પ્રમાણમાં ઠંડું અથવા તો ગરમ પાણી વાપરવું તેના

વિષે ચોક્કસ નિયમ કહી શકાય નહિ તો પણ સર્વ સામાન્ય વિધિ નીચે મુજબ છે.

સ્નાન પ્રયોગોના મૂખ્ય બે ભાગ છે જેમાં આખા શરીરને લાગુ પડે તેવા પ્રયોગોને 'જનરલ બાથ્સ અથવા તો સર્વાંગસ્નાન" કહે છે અને ખાસ અમુક અવયવને લાગુ પાડવામાં આવતા સ્નાનને " પાર્સ્યલબાથ્સ " ના નામથી ઓળખે છે.

૧. નિંદ્રાપ્રદસ્નાન—જો બરાબર રીતે ઉંઘ ન આવતી હોય તો સુવાના સમયથી થોડીવાર અગાઉ બન્ને પગોને સાધારણ ગરમ પાણીમાં બોળી રાખીને માથા ઉપર ઠંડા પાણીની સારી પેઠે ધાર કરવાથી લોહીની ગતી માથા તરફથી નરમ પડીને પગો તરફ જાય છે જેથી થોડીજ વારમાં સુખમય નિંદ્રા આવી જાય છે.

શાન્તિદાયક સ્નાન—દરદીને એક આરામ ખુરશી ઉપર સુવાડીને તેના મગજ ઉપર એક ચાળણી જેવા સછિદ્ર વાસણ મારફતે નવશેકા ગરમ પાણીની ધારાઓ ઊંચેથી ધીમે ધીમે પડવા દીધી થાય તો તેનું મગજ સારી રીતે શાન્ત થઈ આનંદિત થાય છે. જેને અતિશય મગજમારીનું કામ કરવું પડતું હોય તેને આ પ્રયોગ સારી રીતે માફક આવે છે અને જેમ જેમ અભ્યાસ પડતો જાય છે તેમ તેમ વધારે ઠંડુ પાણી પણ ખમી શકાય છે. મગજ ઉપર ઠંડુ પાણી રેડવાથી જો કે પ્રથમ તો ચામડી જરા ઠંડી પડી ચડી જાય છે પરંતુ થોડાજ સમયમાં પુરતી ગરમી આવી જાય છે અને જેમ વધારે ઠંડુ પાણી રેડવામાં આવે છે તેમ વધારે શાન્તિ પ્રાપ્ત થાય છે, દૃષ્ટિબળમાં વધારો થાય છે અને વાળોનાં મૂળ મજબુત થાય છે. આવા પાણીનો ઉપયોગ કરવો હોય ત્યારે પવનનો

ચામડી શરીરને લાગે નહિ એટલુંજ માત્ર ધ્યાનમાં રાખવું જોઇએ.

શક્તિ વર્ધક સ્નાન—સ્નાન કરવાનો ખરો હેતુ કંઈ માત્ર ચામડીની બહારની સપાટીનેજ અરસપરસતા દૂર કરવાનો નથી, પરંતુ ચામડીનાં છિદ્રોને સ્વચ્છ અને ચપળ બનાવવાનો છે કે જેથી અંદરના અવયવો પોતાનું કાર્ય ઝડપથી બજાવી શકે. કેટલાંએક મનુષ્યો અત્યંત ગરમ જળને, કેટલાંએક સમશીતોષ્ણ જળને અને કેટલાંએક ઠંડા પાણીનો સ્નાન કરવામાં ઉપયોગ કરે છે. આ બધામાં ઠંડુ જળ એ અત્યંત કીમતી શક્તિ વર્ધક ઉપાય છે, કેમકે ઠંડા પાણીએ નહાવાથી રૂધિર ચામડીની સપાટી તરફ ધસી આવે છે જેથી તે શરીરને ખુશનુમા લાગે છે. પરંતુ તે બળવાન મનુષ્યોનેજ માફક આવે છે. જેના શરીરમાં લોહીનું ફરવું બહુ ધીમાશથી થાય છે તેને એકદમ માફક આવતું નથી. જો તમે જોઇએ તેટલા બળવાન ન હો તો તમારે પ્રથમ સમશીતોષ્ણ જળથીજ સ્નાન કરવાનું શરૂ કરવું અને પછી દરરોજ તે પાણીને સહેજ ઠંડુ કરતા જવું. ઠંડા પાણીએ સ્નાન કર્યું કે તરતજ શરીરમાં આનંદ, ઉત્સાહ અને ગરમી આવતી હોય એવી લાગણી થવી જોઇએ. જો તમને આમ થતું ન લાગે તો જે પાણી વડે તમે નહાતા હો તે પાણી તમારી પ્રકૃતિને અનુકૂળ આવે ને કરતાં વધારે ઠંડુ છે એમ સમજીને તેના કરતાં કંઈક ગરમ પાણી વાપરવું.

ઠંડા પાણીના ફાયદા મેળવવા હોય તો પ્રથમ થોડી કસરત કરી શરીરને ચપળ બનાવ્યા પછીજ સ્નાન કરવું જોઇએ, તેમજ શરીરને બરાબર સ્વચ્છ બનાવવાને માટે વાદળી કિંવા બરછટ

દુખાવાનો પણ ઉપયોગ કરવો જોઇએ, પ્રથમ શરીરને ઠંડા પાણીથી ભીંજવીને દુખાવા વડે કિંવા હાથ વડે ખૂબ ઘસવું જોઇએ ચામડી સાફ થશે, ઠંડી પણ ઓછી લાગશે તેમજ શરીરમાં જલદીથી ગરમી આવી જશે. ઠંડા પાણીએ નહાતી વેળા એક વાત એ યાદ રાખવાની છે કે ગરમ પાણીએ નહાવામાં જેટલો વખત આળવામાં આવે છે તેટલો વખત ઠંડા પાણીએ નહાતાં કાઢવો નહિ, પરંતુ ૩ થી પાંચ મિનિટમાંજ સ્નાન કાર્ય પૂર્ણ કરી લેવું.

ઠંડા પાણીથી સ્નાન કરવામાં જો કે અત્યંત ઉત્તમ ગુણો સમાએલા છે તો પણ જ્યારે તમને ઠંડી જેવું લાગતું હોય ત્યારે કદીપણ ઠંડા પાણીએ નહાવું નહિ.

આ સિવાય વળી જુદી જુદી જાતના દરદોની શાન્તિ માટે જુદી જુદી સ્થિતિના પાણી વડે જુદી જુદી રીતે સ્નાન કરવામાં આવે છે જેઓમાં મુખ્ય નીચે મુજબ છે.

શીતળ જળ પ્રયોગ—ભાંગ કે દારૂ જેવા માદક પદાર્થોના નિશા ઉતરવાને માટે આ સ્નાન કરવામાં આવે છે. પ્રયોગ વખતે એક મોટા ટબની અંદર શીતળ પાણી ભરવામાં આવે છે અને તેની અંદર દરદીને નાખવામાં આવે છે જેથી માદક ચીજની ઝેરી અસર મગજ ઉપરથી ઓછી થઇને શુદ્ધિ આવી જાય છે. કોઇ પણ જાતના દરદ સિવાયનો સાધારણ મનુષ્ય પણ દરરોજ જો સવારમાં નહાતી વખતે શરીર ગરમ હોય ત્યારે કિંવા કસરત કર્યા પછી આ સ્નાનના લાભ લેવો તેના શરીરમાં ઘણી સ્ફુર્તિ તેમજ શક્તિ આવે છે. તેવા પણ નબળા રક્તાલ્પવાળાઓએ અથવા તો જેને

આદેશ આપવામાં ન હોય તેવાં મનુષ્યોએ આ સ્નાનનો એકદમ અભ્યાસ પાડવો નહિ.

ઉષ્ણજળ સ્નાન પ્રયોગ—આ સ્નાન વખતે દરદીનો માથા સિવાયનો બધો ભાગ ગરમ પાણીમાં રાખવામાં આવે છે અને માથા ઉપર ઠંડા પાણીનો બીનો ટુવાલ મૂકી રાખવામાં આવે છે. દરદીને પાંચ, દશ મિનિટથી વધારે સમય સુધી પાણીમાં બેસાડવામાં આવતો નથી અને બહાર કાઢયા પછી તરતજ ગરમ કામળો વીંટી લેવામાં આવે છે. અથવા જો જરૂર હોય તો દરદીને સુવાડી દેવામાં આવે છે.

આ પ્રયોગથી જ્ઞાન તંતુઓ શાંત થાય છે, રક્તાશયની ગતિ નિયમિત થાય છે, પરસેવો આવે છે અને રૂધિરાભિસરણ એક સરખું ચાલે છે, પેટના કોઇ પણ અવયવ કે મસ્તક તરફ વધારે પ્રમાણમાં લોહી જતું અટકે છે અને ચામડી તરફ ખેંચાય છે. વળી સાધારણ મંદ તાવ, આંચકી, ઉધરસ, પ્રમેહ અને ઓરીના વ્યાધિમાં પણ આ સ્નાન ફાયદાકારક છે.

આર્દ્ર સ્નાન—આ સ્નાન માટે દરદીને માત્ર એક લંગોટી કે ચડ્ડી પહેરાવીને કુરસી ઉપર બેસાડવો અને આજુબાજુ એક ચાદલો વીંટાળી દેવો, તે એવી રીતે કે તેનું મળું તથા માથું બહાર રહે અને તેનો નીચેનો છેડો છેક જમીન સુધી પહોંચે તથા વરાળ કોઇ જગ્યાએથી બહાર જવા પામે નહિ. પછી દરદીને માથે બીનો રૂમાલ મુકવો અને તે કુરસીની નીચે આશરે આઠ કે દશશેર ગરમ પાણી ભર્યું હોય તેવું તપેલું કે ડોલ મુકવી, પછી તેની અંદર એક આખી ઈંટ બરાબર ગરમ કરીને તે બીના પાણીની અંદર

બીમેથી મુક્તા દેવી, કે જેથી તેના છાંટા દરદીને ઉડે નહિ, પાણીમાં બેટ મુકયા પછી તરતજ કાંબળો ચારે બાજુથી બરાબર દબાવી રાખવો એટલે બધી વરાળ દરદીને સ્પર્શ કરશે અને પરસેવો આવવા લાગશે. આ વખતે વધારે પરસેવો લાવવા માટે દરદીને થોડું એક પાણી પીવાને પણ અપાય છે આ પ્રમાણે આશરે પંદર મિનિટ સુધી દરદીને વરાળ અપાય છે. વરાળની ગરમી શરૂઆતમાં ઓછી હોય તેમ વધારે સારું, ગરમી બહુ લાગે તો ધાબળો જરાં ઢીલો કરવો એટલે અંદરનો બાજુ બહારની હવા દાખલ થશે અને ગરમી ઓછી થશે. આ પ્રયોગમાંથી દરદીને મુક્ત કરીને તરતજ તેના શરીરના કપડું બીનું લુગડું અથવા મોટા બીનો રૂમાલ વીંટી લેવો, અગર ટબમાં થોડું એક સમશીતોષ્ણ પાણી ભરીને તેમાં બેસાડીને નવડાવવો.

શિયાળામાં ઠંડી લાગી હોય, બહુ ટાઢ વાયા કરતી હોય શરીરને બહુ થાક લાગ્યો હોય, સંધિવાની અસર હોય, સુચિવાની અસર હોય, પક્ષઘાત જણાતો હોય કિંવા જીર્ણોદર હોય ત્યારે આ પ્રયોગ બહુ હિતકર છે.

ઉષ્ણવાયુ સ્નાન—આ પ્રયોગ પણ બાષ્પસ્નાનના જેવોજ છે. પરંતુ તેમાં ફરક માત્ર એટલોજ છે કે વરાળના બદલે હવા વપરાય છે. હવા ગરમ કરવા માટે ખુરશીની નીચે પાણીના વાસણની જગ્યાએ બળતો દીવો, થોડી ગરમી આપે તેવી રીતે ચલવિલેા પ્રાઇમસ ચૂલો, સ્પિરિટ લૅમ્પ કે ગ્યાસ લૅમ્પ વપરાય છે દરદીને બાષ્પ સ્નાનની રીતે બેસાડવામાં આવે છે અને માથે ઠંડા પાણીનું કપડું મૂકવામાં આવે છે. આ પ્રયોગ વખતે કેટલીએકવાર દર-

દીના પગ ગરમ પાણીમાં મૂકાવી રાખવામાં આવે છે. આ પ્રયોગ-ના લીધે સારી રીતે પરસેવો છુટે છે. જેઓના શરીરમાં મેદ વધારે હોય છે તેઓને આ પ્રયોગ એટલો બધો અનુકૂળ આવે છે કે જો દર ત્રીજે દિવસે આ પ્રયોગ ફરી ફરીને કરવામાં આવે તો શરીરમાંથી મેદ તદન ઓછો થઇ જાય છે, વળી સંધિવા, દમ, ખાંસી વિગેરે દરદોમાં પણ આ પ્રયોગ ફાયદાકારક છે.

બાષ્પ સ્નાન દ્વિતિય વિધિ—એક વિશાળ ઓરડો કે જેમાં બેસવાને માટે પત્થરની બેઠક ચણેલી હોય છે, અથવા તો બેસવાને માટે કાંઇ બીજી ગોઠવણ કરેલી હોય છે તેના ઉપર દરદીને માત્ર કેડ ઉપર એક ટુંકું કપડું પહેરેલું રખાવીને બેસાડવામાં આવે છે અને પછી એક મોટો પથરો કે જેને તપાવીને લાલચોળ કરી રાખ્યો હોય છે અને જે ફાટે નહિ એવી જાતનો હોય છે તેને લાવીને ઓરડાની વચમાં મુકી તેના ઉપર પાણી રેડવામાં આવે છે અથવા તો પોતાની મેળે પાણી પડે એવી પ્રથમથી ગોઠવણ કરી રાખેલી હોય છે તેના લીધે પાણી પડવા લાગે છે, જેથી પત્થરમાંથી પુષ્કળ ગરમ વરાળ છુટે છે, અને તેથી દરદીને બાષ્પ સ્નાનના જેવોજ લાભ મળી અતિશય ઠંડીને લીધે થયેલાં શ્વાસ, ખાંસી, સળેખમ, સંધિવા વિગેરે દરદો દુર થાય છે.

જલાર્દ્રપટ સ્નાન—આ સ્નાન વિવિધ રીતે કસવવામાં આવે છે. તો પણ નીચેની વિધિઓ મુખ્ય છે.

અતિ ઉષ્ણ જળમાં ઉનના ધાબળા કે બનાતના મોટા કકડાને બોળીને નીચોવી કાઢવો, અને તેમાંથી વરાળ નીકળતી હોય તે વખતે તેને દરદીના શરીર ફરતો વીંટી લેવો અને પછી તેના

ઉપર એક, કે વધારે કોરા ધાબળા કે ગરમ કપડાં લપેટી લેવાં અને પછી અડધા કલાક સુધી સુવાડી રાખી તે બધાં કપડાં દુર કરવાં. આ સમયે દરદીને પવન લાગવા દેવો નહિ અને બીજાં કોરાં કપડાંથી તેનું શરીર લુછીને સાફ કરવું. તાવ આવ્યાને ઘણો સમય થયા છતાં પણ તે ન ઉતરતો હોય ત્યારે આ પ્રયોગનો ઉપયોગ કરવામાં આવે છે તેમજ ત્રિદોષ જેવા વ્યાધિઓને લીધે થતાં ફેફસાના વરમમાં પણ હિતકર છે.

આ પ્રયોગ કરવામાં ગરમ ધાબળો લપેટતી વખતે બન્ને હાથને બહાર રાખવા જોઇએ, પણ પાછળથી બીજાં કપડાં વીંટાળતી વખતે તો તેઓને શરીરની નજીક લેઇ જઇ તે કપડાંની અંદરજ રાખવાં જોઇએ.

જેવી રીતે ઉષ્ણ ધાબળાનો પ્રયોગ કરવામાં આવે છે તેવીજ રીતે શણના કપડાને ઠંડા પાણીમાં બોળીને ખુબ નીચોવી કાઢવામાં આવે છે કે જેથી તે માત્ર સહેજ ભીનું લાગે. આ કપડાને એક રજાઇ ઉપર અગર તો જાડા કામળા ઉપર પાથરવામાં આવે છે અને તેના ઉપર દરદીને સુવાડવામાં આવે છે; બાદ તેના હાથ બહાર રહે તેમ ઉંચા કરીને શણના કપડાનો આજુબાજુનો ભાગ દરદીના શરીર ઉપર લપેટવામાં આવે છે. અને પછી એક જાડી રજાઇ કે ગોદડું તેને ઓઢાડવામાં આવે છે જેથી અંદર ગરમી ઉત્પન્ન થઇ પરસેવો આવવા માંડે છે. અડધા કલાક પછી આ બધું દુર કરવામાં આવે છે. આ પ્રયોગ કરતી વખતે લોહીનો જોશ મગજ ઉપર ન ચડી જાય એટલા માટે માથા ઉપર ઠંડા પાણીમાં બોળેલો રૂમાલ મુકવામાં આવે છે. જ્યારે દરદીને એટલો બધો

સખત તાવ ચડયો હોય કે તેના શરીરે અત્યંત દાહ બળતો હોય અને કંઈ પણ ઓઢેલું ખમી ન શકાતું હોય ત્યારે આ પ્રયોગ અત્યંત હિતકારક છે.

તાવ જેવાં સાર્વદેહિક દરદોને માટે જેવી રીતે આખા શરીરે બીજું કપડું લપેટવામાં આવે છે તેવીજ રીતે શરીરના અમુક અવયવના દરદ માટે માત્ર તે અવયવ ઉપર પણ આ વિધિનો ઉપયોગ કરવામાં આવે છે, માત્ર અવયવની ચિકિત્સા માટે બીજા કપડાનું બે, ત્રણ પડ કરીને મુકાય છે અથવા તો ઉપરા ઉપરી વીંટાય છે અને તેના ઉપર તેલમાં બોળેલું રેશમી કપડું જેવી રીતે સજ્જડ લપેટવામાં આવે છે કે તેની અંદરનો પવન કિંવા વરાળ બહાર નીકળી શકે નહિ. આ પ્રયોગ પણ કરીને રાત્રે કરવામાં આવે છે, કેમકે તે વખતે અવયવોની હીલચાલ થોડી થાય છે જેથી દોડો પાટો ખસી જવાનો સંભવ ઓછો રહે છે. આ પ્રમાણે બાંધેલો પાટો આખી રાત્રિ રહેવા દેવો સવાર । દુર કરવામાં આવે છે. કોઈ કોઈ પ્રસંગે રેશમી કપડા ઉપર ફલાલીન કે એવું જ બીજું ઉનનું કપડું પણ વીંટવામાં આવે છે.

જો પેટ ઉપર આવો પાટો બાંધીને રાત્રે દરદીને સુવાડી રાખવામાં આવે છે તો તેથી ટાઈફોઇડના તાવમાં સારો ફાયદો થાય છે. વળી બંધકોષના દરદી માટે આ પ્રયોગનો ઉપયોગ કર્યાથી દસ્ત સાફ આવે છે, ધાતુશ્રાવના દરદીઓને સ્વપ્નાવસ્થામાં થતો ધાતુપાત અટકે છે. તેમજ મળાશય અને અંડાશયના દરદીઓને પણ તેનાથી અમૂલ્ય ફાયદો થાય છે.

ગળાની આજુબાજુ આવો પાટો બાંધવાથી ઓરીયાના વરમ, ગળાના સોજા વિગેરે દુર થાય છે. છાતી ઉપર બાંધવાથી ફેફસાના વરમવાળાં દરદો દુર થાય છે, વળી કોઇ પણ કારણથી પડેલાં ચાંદાં, ધારવાળાં હથીઆરો વડે કપાવાથી ચયેલા જખમો, ગરમીના સોજા, કમ્મરનો દુઃખાવો, સાંધાના વરમ, લચક, કરમોડ વિગેરે ઇજાઓ તો બીજાં કોઇ પણ ઇલાજ કરતાં આવા પાટાઓથી જલદી મટી જાય છે,

કેટલાંએક દરદોની શાન્તિના માટે જ્યારે અત્યંત શિતળ જળની જરૂર પડે છે ત્યારે પાણીના બદલે બરફ વાપરવો એ એક અતિ ઉત્તમ સાધન છે અને તેમાં પણ દરદીના શરીરના કોઇ પણ ભાગમાંથી રક્તસ્રાવ થતો હોય ત્યારે તેને બંધ કરવાને માટે તો તે અજબ ઉપાય છે, મ્હોં, ગળું, નસકોરાં, યોનિ કે ગુદા માર્ગે લોહી પડતુ હોય ત્યારે એક રબ્બરની કોથળીમાં બરફ ભરીને જો તે સ્થળે મુકવામાં આવે છે તો તરતજ રક્તપ્રવાહ બંધ થાય છે. વળી જ્યારે ફેફસાં મારફતે એટલું બધું લોહી પડતું હોય કે એકદમ લોહીની ઉલટીઓ થતી હોય ત્યારે છાતી ઉપર બરફ રાખવા ઉપરાંત દરદીને તેનાથી ગળી શકાય તેવડા બરફના કડકા વખતો વખત ગળાવવાથી તે પેટમાં જતાની સાથેજ લોહી પડતું બંધ થાય છે. કેમકે રક્તવાહિની નળીઓમાં જે છેદ પડયા હોય છે તે બરફની ઠંડકને લીધે તરતજ સંકોચાઇ જાય છે.

ગર્ભાશયમાંથી જ્યારે ઘણું લોહી વહેતું હોય ત્યારે તે રૂધિર પ્રવાહ બંધ કરવાને માટે ગર્ભાશયના ભાગનો મજબુત સંકોચ થાય એવો ઉપાય કરવો એ અતિ અગત્યની વાત છે, આ કાર્ય માટે

તેવા સમયે દરદીને જેમ બને તેમ વધારે પ્રમાણમાં બરફ ખવડાવવો તેમજ જરૂર જણાય તો યોનિ તેમજ ગુદામાં પણ બરફ પહેરાવવો એ અત્યંત હિતકર છે.

જાર ઉપર પડેલાં ઘણો એટલે ચાંદાંનાં લીધે દરદીને ઘણી ઊલટીઓ થતી હોય તો તે બંધ કરવાને માટે એક આઈસબેગ એટલે રબ્બરની કોથળીમાં બરફના કડકા ભરીને તે કોથળી પેડૂ ઊપર મુકવાથી તરતજ દરદી દુઃખ મુક્ત થાય છે.

મગજનાં અથવા તો મગજની અંદરની પાતળી ચામડી ઉપર પડેલા છિદ્રો અને સોજાઓને નાબુદ કરવાને તેમજ લાંબા સમયના તાવની મગજમાં સંચિત થયેલી ગરમીના લીધે મગજ શક્તિ ક્ષીણ થવાથી થનારા મસ્તકના અતિશય દુઃખવાને માટે પણ આઇસબેગમાં બરફ ભરીને માથે મુકવાથી સારો ફાયદો થાય છે. વળી ઘણી સખત ગરમીવાળા તાવોને લીધે ગળામાં અતિશય ગરમી થવાથી ચોરીયા આવી જાય છે, અને કંઠમાળ થઇ આવે છે ત્યારે પણ ગળાના સોજાને નરમ પાડવાને અને દુઃખાવો કમી કરવાને માટે બરફ એ એક મુખ્ય ઉપાય છે, આવીજ રીતે વૃષણ-બરફ લગાડવાથી તેમાં ઉતરેલું આંતરડું તરતજ પાછું ઉપર ચડી જાયછે અને તેના લીધે વૃષણ ઉપર આવેલો સોજો દુર થાય છે.

બરફમાં જો કે આવા અમુલ્ય ગુણો સમાએવા છે તોપણ નબળા, વૃદ્ધ, તદન શક્તિહીન, તેમજ તદન બેસુદ્ધ અને મંદ પડી ગએલી નાડીવાળા દરદી માટે તેનો ઉપયોગ કરવા નહિ, કેમકે આવા અશક્ત દરદીને બરફ આપવાથી શીતળતાની અસરના લીધે કદાચ તે ગાંઠો થઇ જાય છે અથવા તો રક્તાશય બંધ પડી મૃત્યુ નીપજે છે.

કટિ સ્નાન—આખા શરીરના બદલે માત્ર પેઢુ અને કમ્મરના ભાગને સારી પેઠે ધોવો તેનું નામ કટિ સ્નાન છે. આ સ્નાન માટે એક મોટા તપેલામાં કિંવા ટબમાં શીતળ, સહેજ ઊષ્ણ કે ઉષ્ણજળ તેમાં બેસાડી કમર સુધી આવે તેટલું ભરવામાં આવે છે અને પછી તેમાં બેસીને પેઢુ, કમ્મર તેમજ જનનેન્દ્રિયની આજુબાજુનો ભાગ સારી પેઠે મસળીને ધોવામાં આવે છે. કમ્મરમાં દુઃખાવો હોય, મુત્રાશય, મળાશય કે ગુહ્યાવયવનો કાંઇ રોગ હોય તો આ પ્રયોગ ઘણોજ ઉપયોગી થઇ પડે છે. વળી પથરીના દરદમાં પણ તેના લીધે વેદના કમી થાય છે, એટલુંજ નહિ પરંતુ ઘણી ખરી વખત નાની પથરીને પોતાની મેળે નીકળી જવામાં પણ મદદ કરે છે. પેશાબ બંધ થઇ ગયો હોય તો સહેજ ગરમ પાણીમાં દશેક મિનિટ બેસવાથી છૂટે છે. વળી પરમીઆની બળત્રા અને દુઃખાવો ઉષ્ણ જળમાં બેસવાથી કમી થાય છે. તેમજ સ્ત્રીઓને ઓછા પ્રમાણમાં કિંવા વેદના સાથે આવતા અટકાવવામાં પણ તે ઉપયોગી છે.

પાદસ્નાન—કટી સ્નાનની માફક પાદ સ્નાન પણ કરવામાં આવે છે. તેના માટે એક પહોળું તપેલું અથવા તો કથરોટ ચાલી શકે છે. એ વાસણની અંદર ઊષ્ણ જળ અથવા તો અતિ ઊષ્ણજળ ભરવામાં આવે છે અને તેમાં દરદીના પગ બોળવવામાં આવે છે. આ વખતે દરદીના શરીર ઊપર ગરમ કપડું વીંટી રખાય છે અને માથું ગરમ હોય તો તેના ઊપર ઠંડા પાણીનાં પોતાં મુકી રાખવામાં આવે છે. કોઇ કોઇ વખતે આ પાણીમાં એકાદ મુંઠી બે મુંઠી ભરીને રાઇનો લોટ પણ નાંખવામાં આવે છે જેથી પ-

ગની ત્વચા સહેજ લાલ થાય છે અને લોહી પગ તરફ બરાબર ખેંચાય છે. આ પ્રયોગથી દરદીને સાધારણ રીતે પસીનો આવે છે અને કોઇવાર વધારે પરસેવો લાવવા માટે એ વખતે જરા ઠંડુ પાણી પણ પાવામાં આવે છે. આ પ્રયોગના અભ્યાસથી શિયાળામાં શરદીને લીધે થતો માથાનો દુઃખાવો, સળેખમ, શરદી અને તેના લીધે આવતો તાવ, પગોમાં રહેતી ઠંડાશ વિગેરે દરદો દુર થાય છે.

ઔષધિ મીશ્રીત સ્નાન—ભિન્ન ભિન્ન દરદોની શીઘ્ર શાન્તિના માટે કેટલીએક વખત શુદ્ધ જળના બદલે વિધવિધ ઔષધો મિશ્રિત જળનો પણ સ્નાન કરવામાં વ્યવહાર કરવામાં આવે છે. આવા પ્રયોગો એટલા બધા છે કે તે દરેકનું વર્ણન કરવાને માટે અહીં પુરતું સ્થાન નથી, તો પણ કેટલાએક અતિ અગત્યના પ્રયોગો આ મુજબ છે.

દસશેર પાણીમાં ચારશેર ઘઉંનું થુલું નાંખી સારી પેઠે ઊકાળીને ગળી લેવું. તેની અંદર જરૂર પડે તો વધારે પાણી ઊમેરીને સ્નાન કરવાથી ચામડીની ખરજ અને બળતરા ઓછી થાય છે, તથા ભીંગડાં જામ્યાં હોય તો તે દુર થાય છે.

દશશેર પાણીની અંદર દશથી પંદર તોલા જેટલો પીવાનો તીવ્ર દારૂ મેળવીને સ્નાન કરવાથી શરદીના સામે બચાવ થાય છે.

દશશેર પાણીમાં વીશ ગ્રેન સલ્ફેટ ઓફ પોટાસ નામની દવા મેળવીને સ્નાન કરવાથી ખસ વિગેરે ચામડીનાં દરદો તેમજ સંધિવાનો રોગ નાબુદ થાય છે.

ઔષધી બાષ્પ સ્નાન—લીંબડો, નગોડ કે કુબાંનાં પાંદડાં સાથે પાણીને ખૂબ ઉકાળીને દરદીને એક ખુરસી કિંવા ખાટલા ઊપર બેસાડી તેની આગળ સદરહુ ઊકળતા પાણીનું વાસણ રાખવું અને પછી તે વાસણ અંદરની બાજુ રહે એવી રીતે દરદીને એક કપડું ઓઢાડી દેવું જેથી પુષ્કળ પરસેવો વળી તાવ તથા માથાનો દુઃખાવો દૂર થશે.

કુબો, નગોડ અને લીંબડાંનાં પાંદડાં તથા બકરીની લીંડીઓને પાણી સાથે સારી પેઠે બાફીને ગરમ સ્થિતિમાંજ એક ખાટલા ઊપર પાથરીને તેના ઊપર એક કપડું બિછાવી દરદીને સુવાડી ગરમ ઊનનો કામળો કીંવા ગોદડું ઓઢાડવામાં આવે છે તો ભયંકર તાવ પણ તરતજ ઊતરી જાય છે, સન્નિપાતના દરદમાં પણ સારો ફાયદો થાય છે, તેમજ હરકોઇ કારણથી અકડાઇ ગયેલા સાંધાઓ અને શરીર છુટું થાય છે.

પાણીનો ઔષધોપચાર તરીકે માત્ર પાન અને સ્નાનના સ્વરૂપમાંજ ઊપયોગ કરવામાં આવે છે એમ નથી, પરંતુ શેક. બસ્તિ, પીચકારી વિગેરે બીજી અનેક વિવિધ યુક્તિઓ વડે વ્યવહારમાં લેવામાં આવે છે. બંધકોષનું દરદ નાબુદ કરવાને માટે એનીમા એટલે ડુશ કે બસ્તિયંત્રદ્વારા આંતરડામાં પાણી દાખલું કરવું એ વાત ઈન્ટરનલ બાથના નામથી આજકાલ દરેક સ્થળે પ્રસિદ્ધજ છે. વીશથી ત્રીશ તોલા પાણીમાં એક ચમચો મીઠું ઓગાળીને તેની ગુદામાં પીચકારી મારવાથી અત્યંત વધી પડેલા કરમીયાં (સરવળીયા) તરત બહાર નીકળી જાય છે એ વાત પણ હવે કોઇનાથી અજાણી નથી. ધગધગતા ગરમ પાણીમાં એક ફલા-

નલનો કકડો નાખી થોડીવાર પછી બહાર કાઢી એક કોરા કપડામાં મુકીને કપડાને વળ દેવાથી જ્યારે તે કલાનલનો કકડો નીચોવાઇ જાય ત્યાર પછી તે કલાનલના ગરમ કપડા વડે શેક કરવાથી અ-ક્કડ થઇ ગયેલા તંતુઓ ઢીલા પડે છે, જેથી સખ્ત વરમમાં થતી અતિશય વેદના દુર કરવાને માટે તેમજ ગડ, ગુમડ અને ગાંઠ જલદી પાકી જવાને માટે આ વરાળીઆ શેકનો ઉપયોગ પણ બહુ જ્ઞાહેર છે. આ સિવાય પાણીનો બીજો અનેક રીતોથી સઘળાં દરદો ઉપર અમુલ્ય ઉપયોગ થાય છે, પરંતુ તે દરેક બદલ પુરતું વિવે-ચન કરવા જેટલું અત્રે સ્થાન નહિ હોવાથી સ્વતંત્ર પુસ્તકરૂપે વિવેચન કરવાને અન્ય પ્રસંગ ઉપર મુલતવી રાખી હાલમાં લેખીની ને વિરામ આપીયું.

માટી.

સં. મૃતિકા. હિં. મીટ્ટી. મ. માતી. ઇ. Earth. અર્થ, Clay કલે.

માટી એ સર્વત્ર પ્રસિદ્ધ વસ્તુ હોવાથી ઓળખાણ આપવાની અગત્ય નથી.

ઉપયોગ—માત્ર આપણો દેહજ નહિ, પરંતુ આ સમસ્ત સ્થૂલ જગતની ઉત્પત્તિ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ, એ પાંચ તત્વો વડે થયેલી હોવાથી જ્યાં સુધી એ તત્વો જેટલા પ્રમાણમાં, જેવી સ્થીતિમાં દેહમાં વ્યાપી રહેલાં હોયછે ત્યાં સુધી-જ આરોગ્યતા રહે છે, પરંતુ તેઓમાંનું એક પણ તત્વ વિકૃત

થતાં તે તત્વના ગુણ ધર્માનુસાર વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. અને તેથી તેની શાન્તિ માટે જે તત્વ વિકૃત થયું હોય તેને રોગ્ય સ્થિતિમાં લાવવાને કુદરતના અખુટ ખજાનામાંથી મૂળ તત્વોની સહાયતા લેવી એ ચિકિત્સાનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ, ઉત્તમમાં ઉત્તમ પદ્ધતિછે.

ખરેખર! પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, અને વિદ્યુત–વીજળી સ્વરૂપી આકાશ એ પાંચ તત્વો રોગ નિવારણના કામમાં એટલાં બધાં ઉપયોગી છે કે–જો વિવેક પૂર્વક તેઓનો ઉપયોગ કરવામાં આવે તો કોઇ પણ જાતનું દરદ નાબુદ કરવાને માટે કડવી, બેસ્વાદ, વિષમય અને દુર્ગંધિયુક્ત વિવિધ ઔષધિઓના અણગમતા ઘુંટડા પીવાની કંઇ પણ જરૂર પડે નહિ.

રોગનિવારણ માટે જો કે આ પાંચ તત્વોના યથાસ્થિત ઉપયોગની જરૂર છે, તોપણ પ્રત્યેક વસ્તુનો જન્મ સંભવ પૃથ્વી તત્વમાંથીજ થયેલો હોવાથી પ્રત્યેક વ્યક્તિના શરીરમાં પૃથ્વી તત્વ અર્થાત માટીનો ભાગજ વિશેષ પ્રમાણમાં રહેલો છે. જેથી ઘણા ખરા રોગોની ઉત્પત્તિ પૃથ્વી તત્વમાં વિકિયા થવાથીજ થાય છે અને તેથી તેઓનું નિવારણ પણ પૃથ્વી તત્વના ઉપયોગથીજ થઇ શકે છે.

આ પ્રમાણે રોગ નિવારણના કાર્યમાં પૃથ્વી તત્વ જ્યારે વિશેષ ઉપયોગી છે, ત્યારે કુદરતે પણ તેને માટીના સ્વરૂપમાં અનંત પ્રમાણમાં નિર્માણ કરી રાખ્યું છે, કુદરત એ આપણા આજકાલના વૈદ્ય કે ડોકટરો જેવી લોભી કે સ્વાર્થી નથી, પરંતુ સમસ્ત વિશ્વનું ચિરકલ્યાણ થાય એવી મંગળ ભાવનાવાળી છે અને તેથી જગતના કલ્યાણને કરેલ વસ્તુઓ ગુમ ન રાખતાં જેમ સન્મુખ

રાખવામાં આવી છે, તેવીજ રીતે આ મૂર્તિકા પણ ઘેર બેઠાં આં ણામાં મગી શકે તેવી યોજના કરી રાખી છે, પરંતુ અપૂર્ણ બુદ્ધિને આંજી નાંખે એવી મોહક જાહેર ખબરોથી આપણે એવ મોહવશ થઇ ગયા છીએ કે, કુદરત તરફથી બક્ષિસ તરીકે મફત મળેલી આ ચીજનો કંઇ પણ લાભ પ્રાપ્ત ન કરતાં એ તો કેવળ નિરૂપયોગીજ છે એમ સમજી બજારમાં દોડાદોડી કરીએ છીએ અને અનેક પેટંટ દવાઓના નામે કેશનેબલ લેબલોથી શણગારેલ કેશનેબલ બાટલીઓમાં ભરેલાં, કેશનેબલ ઝેરોને ખરીદી લાવી રોગ મટાડવા ની આશાથી પ્રેમપૂર્વક પાન કરી તન, મન, ધન અને જી વનની બરબાદી કરીએ છીએ.

આજકાલ આપણે જ્યારે આવી સ્થિતિમાંથી પસાર થઇ છીએ અર્થાત દીનપ્રતિદિન અવનવાં ઔષધોના વિશેષ મોહમાં પ કતા જઈએ છીએ. ત્યારે યુરોપ, અમેરિકા વિગેરે દેશોમાં જે બને તેમ ઔષધોને તિલાંજલિ અપાતી જાય તેના બદલે પંચમહા ભૂતોનું વિશેષ શરણ લેવાતું જાય છે, અને જે કાંઈ અનુભ આવે છે તેનાં શાસ્ત્રોનાં શાસ્ત્રો રચાતાં જાય છે; જેનાં પરીણામમ આજકાલ ત્યાં આગળ હાઇડ્રોપેથી અર્થાત્ જલોપચાર શાસ્ત્ર, વૉટ કયુર અથવા જળચિકિત્સા પદ્ધતિ, ઓરથોપેથી અર્થાત્ મૂર્તિકાવ દરદો સારાં કરવાની પદ્ધતિ, સનબાથ અથવા સૂર્યની ગરમી કે અગ્નિ તત્ત્વવડે દરદો સારાં કરવાની રીત વિગેરે અનેક પદ્ધતિઓ પ્રચા રમાં આવી છે. આ દરેક બદલ પુરતુ વિવેચન કરવાનુ આ લ પુસ્તકમાં સ્થાન નથી, ઇશ્વરેચ્છા હશે તો કોઇ બીજા પ્રસંગે પૃ પુસ્તકો રૂપે વર્ણવીશું, છતાં સાર્વજનિક-કામ ચલાવી મારી

જોઇતી હોય તો અમારા તરફથી પ્રકટ થયેલું "આકાશવાણી" નામનું પુસ્તક વાંચવા ભલામણ કરી હવે આપણે મૂળ મુદ્દા તરફ વળીએ.

સઘળાં ઔષધોની ઉત્પત્તિ માટીમાંથી થાય છે. અને તેથી ભિન્ન, ભિન્ન ઔષધોમાં જે ભિન્ન ભિન્ન ગુણ-ધર્મો સમાએલા છે તે બધા માટીમાં પણ રહેલા છે. એ ગુણો દરેક સ્થળની માટી માં એક સરખા સમાએલા નથી, પરંતુ જુદા જુદા સ્થળની માટી માં વધતા ઓછા પ્રમાણમાં સમાએલા છે. આ કારણને લેઇનેજ-માટીના જુદા જુદા રંગો દેખાય છે. કાળી, પીળી, ધોળી, રાતી એમ જુદા જુદા રંગની માટી હોય છે અને તેમાં ભિન્ન, ભિન્ન તત્વો ભિન્ન, ભિન્ન પ્રમાણમાં સમાએલાં હોવાથી તેના ગુણ પણ ભિન્ન, ભિન્ન હોય છે. આ બધા ગુણો વિષે પણ અત્રે વિસ્તારથી વિવેચન થઇ શકે તેમ નથી, માટે મુખ્ય મુખ્ય ગુણોનુંજ માત્ર દિગ્દર્શન કરીએ.

કોલેરા—એતો હવે નિર્વિવાદ રીતે સિદ્ધ થયું છે કે કોલેરા એટલે મરકીનું દરદ અસ્વચ્છ પાણી પીવાથી કિંવા સડેલું અન્ન ખાવાથીજ થાય છે. કારણ એ દરદને ઉત્પન્ન કરનારા એક જાતના ઝેરી જંતુઓ કે જે "Commabacillus" કોમાબે-સીલસના નામે ઓળખાય છે તે એવા અસ્વચ્છ ખોરાક પાણીમાં ઉત્પન્ન થઇ તેની મારફતેજ શરીરમાં પ્રવેશ કરે છે. કાળી માટીમાં આ જંતુઓને મારી નાંખવાનો અદ્ભુત ગુણ રહેલો છે અને તેથી દર એ, એ કલાકે એક તોલો કાળી માટી અને ઉકાળી ગળી લી-ધેલું સ્વચ્છ પાણી એક તોલો સાથે મેળવીને આપવાથી ઝાડો

ઉલટી વિગેરે ઊપદ્રવો તત્કાળ બંધ પડતા લાગી આ રોગના લીધે મૃત્યુના મુખમાં સપડાએલો મનુષ્ય પણ બચી જાય છે. બાટીમાં આ પ્રમાણે જંતુમ અને વિષહર ગુણ રહેલો હોવાથી તે જેમ કોલેરાના દરદમાં વપરાય છે, તેવીજ રીતે સર્પદંશના ઝેરને નાબુદ કરવામાં પણ તે અત્યંત વખણાય છે. આ કામ માટે તેનો ઉપયોગ કરવાની વિધિ બતાવતાં 'એડવર્ડ જરટ" નામનો એક પ્રસિદ્ધ જર્મન વિદ્વાન જણાવે છે કેઃ—"કેસરટા" શહેરની નજીક આવેલા "રીકેલ" નામના ગામડામાં થોડા દિવસ અગાઉ વીસ વર્ષની એક જુવાન છોકરીને કેંસરટાની હોસ્પીટાલમાં લાવવામાં આવી હતી. પરંતુ જ્યારે તે ત્યાં આગળ આવી પહોંચી ત્યારે તેનો પગ અત્યંત સુજી જવા ઊપરાંત તે એટલી બધી બેશુદ્ધ બની ગઇ હતી કે " હવે તેના માટે કોઇ પણ જાતનો ઊપાય થઈ શકે તેમ નથી " એવું મેડીકલ ઓફીસરે જાહેર કર્યું. ડોક્ટર સાહેબના અભિપ્રાયથી નિરાશ થઇને તે છોકરીને પાછી પોતાના ઘર આગળ આણવામાં આવી. આ વખતે જો કે તે છોકરી મરણાવસ્થાએ પહોંચેલી ગણાતી હતી તો પણ વાત્સલ્ય પ્રેમથી આકર્ષાઇને તેના પિતાએ એક ઊપાય કે જેના વડે ઘણાં સૈકા ઊપર એક એવીજ અવસ્થાએ પહોંચેલી બાઇના પ્રાણ બચ્યાની દંતકથા તેના સાંભળવામાં આવેલી હતી તે અજમાવવા શરૂ કર્યો. આ કામ માટે તેણે પોતાની વાડીમાં એક ખાડો ખોદી તેમાં તે છોકરીને વસ્ત્રો રહીત કરીને સુવાડી અને પછી માત્ર માથાનો ભાગ ઊઘાડો રાખી બાકીના શરીર ઊપર માટી ઢાંકી દીધી. આ વાતની ત્યાંના હાકેમને ખબર પડતાં તેણે પોલીસ મોકલી તે બાઇને ખાડામાંથી બહાર કાઢવાને તેના બાપને ફરમાવ્યું. પરંતુ તેણે એ આજ્ઞા માન્ય કરી નહિ, એટલુંજ

નહિ પરંતુ આખું આમ હથીઆર સજી તેના પક્ષમાં દોડી આવ્યું જેથી વધારે હીલચાલ કરવાથી ખુના મરકી થશે એમ ધારી હાકેમને પોતાની આજ્ઞા પાછી ખેંચી લેવી પડી. આખી વરદ બરાબર ચોવીસ કલાક પુરા થયા ત્યારે તે છોડીને બહાર કાઢવામાં આવી, જે સમયે તે સંપૂર્ણ રીતે સારી થઇ ગઈ હતી.

સાપનું ઝેર નાબુદ કરવાનો બીજો કેવો અજબ ગુણ સમાયેલો છે તે આ હકીકત ઉપરથી સ્પષ્ટ સમજાય છે. યોગ્ય ચિકિત્સા નહિ થઈ શકવાથી સર્પદંશથી દર વર્ષ લાખો મનુષ્યો આ દેશમાં મૃત્યુના મુખમાં જાય છે જેઓના માટે આ ઉપાયની યોજના કરવામાં આવે તો કેટલા બધા જીવોનો બચાવ થાય! અને તેથી જો કોઈ પણ પ્રાણીને સર્પદંશથી પીડાતું જોવા કે જાણવામાં આવે તો તરતજ તેને ઉપર મુજબ વિધિથી જમીનમાં પુરવાને હું ભલામણ કરું છું. આ બાબે કે જેને ચોવીસ કલાક સુધી જમીનમાં પુરો મુકવામાં આવી તેને એટલા લાંબા સમય સુધી પુરી રાખવાનું કારણ માત્ર એટલુંજ હતું કે તેની રગેરગમાં ઝેર વ્યાપી ગયું હતું પરંતુ તાત્કાલિક દંશિત થયેલું મનુષ્ય તો કેવળ એકાદ, બે કલાકમાંજ ઝેર મુક્ત થઇ શકે છે. સર્પદંશ સિવાય બીજું કોઇ પણ જાતનું ઝેર બાવાથી કે વીજળી પડવાથી કોઇ પણ મનુષ્ય મડદા જેવો થઇ ગયો હોય એવા પ્રસંગે પણ માત્ર માથાનો ભાગ બહાર રહે એવી રીતે આખા શરીરને જમીનમાં દાટવામાં આવે તો ચોવીસ કલાકમાં તે મનુષ્ય પાછો તનદુરસ્ત થઇ જાય છે. વળી કે હેરા અને ટાઈફોઇડ જેવાં ઝેરી દરદોના માટે પણ આ અકસીર ઉપાય છે. પરંતુ જે જમીનમાં દરદીને દાટવામાં આવે તો

જમીન સુકી કિંવા ગરમ ન હોતાં બીનાશવાળી તેમજ ઠંડી હોવી જોઇએ. વીંછી, મધમાખ વિગેરે ઓછા ઝેરવાળાં પ્રાણીઓના ડંખમાં આખા શરીરને જમીનમાં પુરવાની જરૂર નથી, માત્ર હાથ, પગ કિંવા જે ભાગ ઉપર ડંખ થયો હોય તે અવયવનેજ જમીનમાં ડાટવું જોઇએ.

સર્પદંશની માફક હડકાયા કુતરાના કરડ ઉપર પણ માટીની અજબ અસર છે. આ કામ માટે જો તાત્કાલિક કરડ હોય તો શરીરનો દરદવાળો ભાગ અને જુનો કરડ હોય તો માત્ર માયાનો ભાગ ત્યાગ કરીને બધું શરીર જમીનમાં ડાટવું જોઇએ.

હડકાયા કુતરાનું ઝેર નાબુદ કરવાના કાર્ય માટે આ પ્રયોગની અકસીરતાના સંબંધમાં વિવેચન કરતાં ઉપલો વિદ્વાન જણાવે છે કેઃ—

The skill of Professor Paster is entirely uncertain and unreliable, but the skill of the great Master, Nature never fails us.

હડકાયા કુતરાને માટે પ્રોફેસર પેસ્ચ્યુરે શોધી કાઢેલો અને આપણે ગણતો ઇલાજ તદન અનિશ્ચિત અને વિશ્વાસ નહિ રાખી શકાય તેવો છે પરંતુ કુદરતની બુદ્ધિવડે શોધી કાઢવામાં આવેલો આ ઇલાજ આપણને કદી પણ નિરાશ કરતો નથી.

શરીર ઉપરનાં ચાંદાં, ચાંદીઓ, દરેક જાતનાં ગડો, ગુમડાંઓ, દાઝવાથી કે વાગવાથી પડેલાં ઘણો, ફોલ્લા, ફોલ્લીઓ, પત, ફોલ્લી વિગેરે અનેક ચામડીનાં દરદો માટે પણ ભીની માટી એજ માત્ર એક બે કુદરતી ઉપાય છે. કારણ શરીરની માટી સડવાથીજ તેમાં ચાદાં ચાંદીઓ વિગેરે પડે છે અને તેથી તેઓ પોતાની મૂળ વસ્તુ એટલે સડેલી જગ્યાએ નવી માટી પુરવાથીજ સારાં થઈ શકે છે, કારણ ચામડીનાં દરદો પેંદા થવાના મૂળ કારણ તરીકે

લોહીમાં અનેક પ્રકારનાં દુર્ગંધ યુક્ત જે ઝેરી તત્વોનો સંચિત થયેલો હોય છે, તે ભીંની માટીના લેપથી દુર થઇ જાય છે. કેમકે અંદરના ભાગમાં એકઠા થયેલા દોષને બહાર ખેંચી કાઢવાની માટીમાં અદ્ભુત શક્તિ સમાએલી છે.

માટીમાં જેમ દુર્ગંધનાશક, વિષહર અને જંતુઘ્ન શક્તિ રહેલી છે, તેવીજ રીતે વિધવિધ દરદોને ઉત્પન્ન કરનારાં વિજાતિય દ્રવ્યોના સંચિતથી શરીરમાં એકઠી થયેલી ગરમીને શોષી લેવાનો તેમજ ગ્રાહી ગુણ પણ રહેલો છે, જેથી તેનો બળીઆ, ઓરી, અછબડા, રતવા, ગરમીના સોજા, મગજ અને નેત્રના વિકારો,પ્રદર, પ્રમેહ વિગેરે વિધવિધ દરદો ઉપર ઉપયોગ થાય છે.

આ કામ માટે ઘણા ભાગે સોનાગેરૂ કે ઇંટ જેવી લાલમાટી વપરાય છે. અને તેનો સ્વતંત્ર કિંવા બીજી તેવાજ ગુણધર્મ-વાળી, વસ્તુઓ સાથે મેળવીને ઉપયોગ કરવામાં આવે છે.

રતવાનો લેપ—સોનાગેરૂ, રસાંજન એટલે દારૂ હળદરના ઉકાળાને બકરાના દુધ સાથે ઉકાળીને ઘટ્ટ કરેલો માવો, મજીઠ, જેઠીમધ, વીરણવાળો, રતાંજળી અને પદ્મક એ ચીજોને સરખા ભાગે લેઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી પાણી સાથે મેળવીને રતવા, કખ-વા, ગરમીના સોજા, દાઝવાથી થયેલા ફોલ્લા, વિસ્ફોટક તેમજ બીજાં બળત્રાવાળાં દરદો, ચાંદાં, ચાંદીઓ વિગેરે ઉપર ચોપડ-વામાં આવે છે.

આંખનાં દરદો માટે લેપ—સોનાગેરૂ, હરડે, સિંધાલુણ અને રસાંજન એ ચીજો સરખા ભાગે લેઇ બારીક ચૂર્ણ કરી પાણી સાથે કાલવી આંખની બહારની બાજુએ ચારેબાજુ ફરતો લેપ કર-વાથી આંખનું દુઃખવા આવવું, નેત્રની ગરમી, ઝાંખ, રતાંધળો,

વિગેરે સમસ્ત નેત્રરોગોને નાબુદ કરે છે. આ પ્રયોગ દેશી વૈદ્યોમાં તો ઘણા સમયથી ચાલ્યોજ આવે છે, પરંતુ હાલમાં એક અમેરીકન ડોક્ટર જણાવે છે કે—

A man had been entirely blind in one eye for some time; Medical art had tried all its skill in vain. The clay compress worked so wonders with the eye that after several weeks the eye was perfectly well.

એક માણસ કેટલાએક વખતથી એક આંખે તદન આંધળો થયો હતો. વૈદ્યક શાસ્ત્રના બીજા બધા ઉપાયો, બીજી બધી યુક્તિઓ તેના માટે અજમાવવામાં આવી હતી પરંતુ તે ફોગટ ગઇ હતી. છેવટે માટીના લેપે એવું આશ્ચર્યજનક કાર્ય કર્યું કે થોડાંક અઠવાડીયાંમાં તે આંખ તદન સારી થઇ ગઈ.

પ્રદર તથા પ્રમેહનો ઉપાય—૪૦૦ કે ૫૦૦ વર્ષની જુની ઇંટ લેઇ કોલસાની અગ્નિમાં લાલ ચોળ કરી ગોમૂત્રમાં છમકારવી. આવી રીતે ૧૦૦ વખત કરવું જેથી તે ઇંટનો ભૂકો થઇ જશે. એ ભૂકાને કપડાવતી ચાળી લેઇ તેમાંથી એક વાલ ચૂર્ણ અને બે વાલ લાકડીઆ પાષાણભેદનું ચૂર્ણ લેઇ ચાર વાલ સાકર સાથે મેળવીને ફાકી જઇ ઉપર પાણી કે ગાયનું તાજુ ૦॥ શેર દૂધ પીવું આ પ્રમાણે સવાર, સાંઝ દવા લેવાથી અને હીંગ, મરચાં, ખટાસ ગરમ મશાલો વિગેરે ન ખાવાથી તથા બ્રહ્મચર્ય પાળવાથી પ્રદર અને પ્રમેહનું અસાધ્ય દરદ પણ મટી જાય છે.

(૨) સોનાગેરૂ, કાકડીનાં બીજનો મગજ, સુરોખાર, ચણકઆબ, એલચી, પાષાણભેદ, ગોખરૂ, જવખાર, રેવંચી, સુખડ ગળોનું

સત્વ, હળદર, અમેડાનાં બીજનાં તાંદળા, કુવાયેલી કડકડી એ દરેક એક એક ભાગ અને બાવળની છાલ આઠ ભાગ લેઇ સાથે મેળવી ચૂર્ણ કરવું, અને દિવસમાં ત્રણ વખત દરેક ટાઇમે ૧॥ થી બે તોલા જેટલું લેઇ પાણી કે દુધમાં નાંખી પી જવું, જેથી પ્રદર, પ્રમેહ, ઉનવા, બળતરા વિગેરે દરદો નાબુદ થાય છે.

માટીમાં વળી માહી, ખટાશને દુર કરનાર તથા રક્ત સ્તંભક વિગેરે ગુણો પણ રહેલા છે અને તેથી તેનો ઝાડો, મરડો, ગર્ભપાત વિગેરે દરદોમાં બીજી, ચીજોના સંયોગમાં નીચે મુજબ ઉપયોગ કરવામાં આવે છે.

ઝાડા અને મરડાનો ઉપાય—સફેદ માટી એટલે શુદ્ધ કરેલી ચાક ખડી ૧૧ ભાગ ભાગ, ઘોએલી સાકર ૨૫ ભાગ, એલચી દાણા ૧ ભાગ, લવીંગ ૧॥ ભાગ, કેસર ત્રણ ભાગ, જાયફળ ત્રણ ભાગ અને તજ ચાર ભાગ લેઇ સાથે મેળવી ચૂર્ણ કરી દિવસમાં ત્રણ વખત દર ટાઇમે દશથી સાઠ વટી ભાર આપવું, જો આ દવામાં અફીણ મેળવવાની જરૂર જણાય, તો ચાલીશમા ભાગે એટલે ઓગણચાલીશ વટી ભાર દવામાં એક વટીભારના હિસાબે મેળવવું.

ગર્ભપાત અટકાવવાને માટે—કુંભારના ચાકડાની માટી દશ તોલા, સે નાગેર ૧ તોલો, ચંદન ૧ તોલો, માથાનો બુકો ૧ તોલો એ બધું પાણીમાં ઓગાળી ઓછી વખતે પાઇદેવામાં આવે છે.

આ ઉપરાંત બીજા પણ અનેક રોગો નાબુદ કરવાની માટીમાં અદભુત શક્તિ રહેલી છે, પરંતુ તે દરેક બદલ વર્ણન કરવાનું અત્રે સ્થાન નથી, તો પણ આટલા ઉપરથીજ તમારી ખાત્રી થઇ હશે કે માટી એ કેવો સસ્તો, સહેલો અને ઘરગતુ કુદરતી ઇલાજ છે.

૩.

સં. કાર્પાસ હિં. રૂઇ ઈં. Cotton wool લા. Gossapium.

વિવણ—રૂનાં કપડાં બનતાં હોવાથી તે સર્વત્ર પ્રસિદ્ધ છે.

ધર્મ અને ઉપયોગ—આજ કાલના વૈદ્યો ચિકિત્સાના કામમાં રૂનો વિશેષ ઉપયોગ કરતા હોય એમ જણાતું નથી. તેમજ વૈદ્યક ગ્રંથોમાં પણ તે સબંધિ સ્વતંત્ર રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તો પણ જુદા જુદા ગ્રંથોમાં જે છુટા છવાયા પ્રયોગો મળી આવે છે તેઓનું સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકન કરીએ છીએ તો માલુમ પડી આવેછે કે:—પ્રાચીન સમયના વૈદ્યો કે જેઓ પોતાનું કામકાજ ઘણીજ સૂક્ષ્મબુદ્ધિથી કરતા હતા તેઓ માત્ર કપાસનાજ નહિ પરંતુ બીજું પણ અનેક જાતની વનસ્પતિઓના રૂનો રોગ નિવારણના કાર્યમાં ઉપયોગ કરતા હતા, એટલુંજ નહિ પરંતુ તેઓની સહાયતાથી અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરતા હતા.

આ વૈદ્યોએ એવું પણ કોઇ જાતની વનસ્પતિમાંથી ઉત્પન્ન થતું રૂ શોધી કાઢયું હતું કે તેની દીવેટ બનાવી તેનાવડે કાજળ પાડી તે કાજળનું અંજન કરીને આંખના કેટલાએક ભયંકર રોગોને પણ નાબુદ કરતા હતા. વળી અમુક જાતના રૂનો દીવો સળગાવી કેટલાએક મંત્ર શાસ્ત્રીઓ અનેક દેવ દેવીઓને પ્રસન્ન કરીને મન વાંચ્છિત સિદ્ધિઓ પ્રાપ્ત કરતા હતા. કોઇ કોઇ જાદુગરો વળી અમુક જાતના રૂના દીવાથી કેટલાએક ચમત્કારીક પ્રયોગો કરી બતાવી લોકોને અજબ કરતા હતા. આ બધી વાતો હાલના વખતમાં અસ્ત થઇ ગઇ છે, તોપણ આપણા દેશમાં હજુ પણ કેટલા-

એક મહાત્માઓ તેવી વાતો જાણે છે, તેમજ કોઇ કોઇ અંધોમાંથી પણ મણી આવે તેમ છે, અને તેવા તેઓનો શોધ કરી દુનિયાને દેખાડી આપવું જોઇએ કે આવી જાતના પ્રયોગો જ્યારે દુનિયાના બીજા કોઇપણ ચિકિત્સા શાસ્ત્રમાં નથી ત્યારે દેશી વૈદકમાં ઠામ, ઠામ ભરેલા છે, અને એજ આપણા દેશી વૈદકની સૃષ્ટિનાં બીજાં કોઇપણ ચિકિત્સા શાસ્ત્રો કરતાં અધિક શ્રેષ્ટતા છે.

આજ સુધીમાં અમારા જાણવામાં આવી જાતના જે કંઇ પ્રયોગો આવ્યા છે તે પૈકી કેટલાએકનું અત્રે દિગ્દર્શન કરાવવામાં આવે છે. એ પ્રયોગો પૈકી જ્યારે કેટલાએકોનો અનેક વખત અનુભવ લેવામાં આવ્યો છે, ત્યારે કેટલાએક સબંધિ હજુ સુધી કંઇ પણ અજમાયશ કરવામાં આવી નથી, તો પણ તેઓને પ્રકાશ કરવામાં એ હેતુ ધારવામાં આવ્યો છે કે જે આવી બાબતો લોકોના જાણવામાં હોય તો કોઇ ઉત્સાહી બંધુ તેઓનો અનુભવ લેવા શકે, તેઓના સબંધમાં કંઇ વિશેષ શોધ કરી શકે અથવા તો કોઇ જુના ગ્રંથમાં આવા પ્રયોગો વાંચવામાં આવે તો તે સહેલાઇથી સમજી શકે.

અત્યાર્ત્વ કે ગર્ભપાતના દરદને લીધે જનનેન્દ્રિયમાંથી લોહી વહેતું હોય તો તેને બંધ કરવાને માટે ડૉકટરો અરગટ નામની જે દવાનો ઉપયોગ કરે છે તેનાજ જેવા ગુણો આપણા દેશમાં જવાખંધ રીતે વાવેતર કરવામાં આવતા કપાસના છોડવાઓનાં મૂળીઆંની છાલમાં રહેલા છે, એવો અનુભવ વૈદોના જાણવામાં છે. પરંતુ એ મૂળીઆંને કવાથ કે ચૂર્ણના રૂપમાં પીવા કે આવા આપ્યા સિવાય માત્ર તેના રૂના બાહ્યોપચારથીજ આવી રીતે વહેતા

ખોડીના પ્રવાહને બંધ કરવાનો એક સરળ ઉપાય જણાવતાં "ધન્વંતરિ" નામના માસિક પત્રના અધિપતિ જણાવે છે કે:— હું શ્રીમંત સયાજીરાવ સરકારના રાજ્યમાં મુલકી ખાતામાં આસરસુબા મહાલે અવલ કારકુનની જગાએ નોકર હતો, તે વખતે વડોદરામાં મહારાણી સાહેબ માતુશ્રી ચિમનાબાઈ સાહેબની તબીયત નાદુરસ્ત હતી અને તેમની સારવાર સર બાલચંદ્ર કૃષ્ણ કે જેઓ તે વખતે ત્યાંના ચીફ મેડીકલ ઓફિસર હતા તેઓ સાહેબ કરતા હતા. આ સારવારમાં દેશી દવા સબંધીની મારી મદદની જરૂર લાગવાથી તેઓ સાહેબે સરકારી લખાણ કરીને સરખા પગારે મારી બદલી વડોદરા તાલુકાના વહીવટદાર સાહેબની કચેરીમાં કરાવી હતી, જેથી ડોક્ટર સર બાલચંદ્ર રાવસાહેબની સાથે મારો ગાઢો પરીચય થવાથી અને દેશી અને વિદેશી દવા સબંધિ વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. તે વખતે હું અમદાવાદી પોળમાં રહેતો હતો, હું જે શેરીમા રહેતો હતો તે શેરીમાં એક કડવા પાટીદારની પત્નીને સાતમે માસે ગર્ભપાત થયો હતો; અને તે ગર્ભપાતને લીધે હદ બહારનો રક્તસ્રાવ થવા લાગ્યો, જેથી અમદાવાદી પોળની નજીકમાં તે વખતે એક સારા અને અનુભવી મીડવાઈફ રહેતાં હતાં તેમને બોલાવવામાં આવ્યાં. પરંતુ તેમની સારવારથી જ્યારે લોહી બંધ ન થયો ત્યારે તેમણે ડોક્ટર બાલચંદ્રને બોલાવવા ભલામણ કરી જેથી તેઓ સાહેબને બોલાવવામાં આવ્યા. ડોક્ટર સાહેબે બાઈને તપાસીને દવા આપી, અને જે લોહી બંધ ન થાય તો બોગીવાલાની સલાહ લેજો એમ કહીને તેઓ સાહેબ પાછા ફર્યા. ડોક્ટર સાહેબે આપેલી દવા ચાલુ રાખવા છતાં પણ તે બાઈને લોહી બંધ ન થયો જેથી ઘરનાં માણસો ગભરાયાં અને મારૂં

મકાન પાડોશમાં હોવાથી મને બોલાવી ગયાં. દવાની અસર થતાં વાર લાગશે અને તેથી વખતે આ બાઇના જીવને જોખમ લાગશે જેથી તાત્કાલિક સ્રાવ શી રીતે બંધ કરવો એ સબંધિ મને અનેક વિચારો આવવા લાગ્યા, આખરે મારા મનમાં તાત્કાલિક ઉપાય એ સૂઝ્યો કે ખાળમાંથી નીકળતું પાણી બંધ કરવાને માટે જેમ કપડાનો ડુચો મારવામાં આવે છે, તેવીજ રીતે કંઇ યુક્તિ કામે લગાડી હોય તો સ્રાવ થતો તાત્કાલિક રીતે બંધ થાય. આવો વિચાર આવતાં તરતજ મે પીજેલું રૂ આણ્યું અને તે બાઇના જનનેંદ્રિયના ભાગમાં દાબીને ભરવાને કહ્યું. આ ઉપાયથી જનનેંદ્રિયના ભાગમાંથી આવતું લોહી તરત અટકયું અને વળી અંદરના ઉપચાર તરીકે એ બાઇને આદાના રસમાં શુદ્ધ કરેલી અફીણની માત્રા આપવામાં આવી જેથી ઇશ્વર કૃપાથી કાયમનો ફાયદો થયો. આ પ્રસંગ બન્યા પછી હવે પણ જ્યારે, જ્યારે અત્યાર્ત્તવ કે ગર્ભપાતના લીધે અત્યંત વહેતા લોહીના પ્રવાહને તાત્કાલિક રીતે બંધ કરવાની જરૂર પડે છે, ત્યારે, ત્યારે આ ઉપાયનો હું ઉપયોગ કરૂં છું અને તેનું ફત્તેહમંદ પરિણામ આવે છે

જેવી રીતે કપાસના છોડવામાંથી રૂ નીકળે છે તેવી રીતે બીજી પણ અનેક વનસ્પતિઓ ઉપર રૂની ઉત્પત્તિ થાય છે. આકડાનું ઝાડ તો સર્વે સ્થળે જાણીતું છે, એ ઝાડનાં ડોડવાંમાંથી ઘણું રૂ નીકળે છે જે બહુ ગરમ હોય છે, જેથી શરદી કિંવા વાયુના દરદ માટે તેનો ઘણો ઉત્તમ ઉપયોગ થાય છે. એ રૂને વાપરવાની રીત એવી છે કે જેવી રીતે કપાસનું રૂ ભરીને ગાદી, તકીયા કે ગોદડાં બનાવીએ છીએ તેવી રીતે આ રૂ ભરીને ગાદી, તકીયા

ગોદડું બનાવીને તેના ઉપર દરદીને સુવાડવા બેસવાનો અજમાવ રખાવવાથી ધીમે ધીમે સંધિવા જેવા ભયંકર રોગો પણ સારા થાય છે. વળી જેના મગજમાં અતિશય ઠંડક ભરાઈ ગઇ હોય તેને માથે આકડાના રૂની ટોપી પહેરાવી રાખવાથી ગરદી નાબુદ થાય છે. આ વાત કેવળ કલ્પનાની કે માત્ર અમારા ઓબ્સલાના અનુભવની નથી, પરંતુ યુરોપ અને અમેરીકાના મોટા મોટા પ્રતિષ્ઠિત વિદ્વાનોની પણ ખાસ અજમાયશની છે અને તેથી "માર્કેટ રિપોર્ટ" માં જણાવવામાં આવ્યું છે કેઃ—

Of the many articles of jungle produce. Akund cotton has got a very good demand for export. Large quantities are shipped every year to Europe and America for purposes of making Lint-cloth and is also used largely for preparing a kind of bandage cloth for Rheumetic or Gout patient.

જંગલમાં પેદા થતી અનેક ચીજો પૈકી આકડાના રૂની પરદેશ ખાતે વિશેષ માગણી છે અને તેથી યુરોપ અને અમેરીકા તરફ મોકલવાને માટે દર વર્ષે ઘણો મોટો જથ્થો આમમોટામાં ભરવામાં આવે છે. કેમકે લીન્ટ નામનું કપડું બનાવવાને માટે તેમજ સંધિવા અને ગાંઠીયા વાના દરદીઓ માટે બેન્ડેજનું કાપડ તૈયાર કરવામાં તેનો ઘણો ઉપયોગ થાય છે.

રેતાળ જમીનમાં આવેલા ટીંબા ટેકરાઓ ઉપર મુંજ નામનું ઘાસ થાય છે જેનો આકાર કેટલીએક રીતે બાજરાના ઘાસને મળતો

હોઈ તેની સાદીઓ તીર પરોવવાના, ખુરશી, ટેબલ વિગેરે બનાવવાના તેમજ ટટ્ટીઓ અને દોરડાં તૈયાર કરવાના કામમાં વપરાતી હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે. આ ઘાસ ઉપર આસો, કાર્તીક મહીનામાં લાંબી લીલી નીકળી તેના ઉપર ધોળું ધોળું ફૂલ આવે છે, જે વજનમાં બહુજ હલકું અને સુઘમાં અતીશય ઠંડુ હોય છે. જેથી તેની ટોપી બનાવીને પહેરવાથી મગજની ગરમી શાન્ત થાય છે. જેનું મગજ સ્વાભાવિક રીતે બહુ તપેલું રહેતું હોય તેને તો આ ટોપીથી બહુ ફાયદો થાયછેજ, પરંતુ એ ઉપરાંત તાવની ગરમી મગજે ચડવાથી જેને ભયંકર સન્નિપાત થયો હોય કિંવા બાંધે, ભાંગ, ધંતુરો કે એવીજ બીજી ઝેરી ચીજોના સેવનથી મગજમાં ગરમીનો વધારો થઈ બેહદ્દનું દરદ લાગુ પડયું હોય તેવા કેસોમાં સેંકડો રૂપિઆના ખર્ચવાળી કિંમતી દવાઓના સેવનથી પણ જે કામ નથી થતું તે કાર્ય માત્ર આ મુંજ જેવા ઘાસની ટોપી પહેરવાથી થાય છે, કોઇપણ જાતનું ઔષધ ખાધા પીધા કે ચોપડયા સિવાય માત્ર ઘાસની રૂની ટોપી પહેરી રાખવાથીજ આવાં ભયંકર દરદો મટી ગયા એ કાંઇ દેશી વઘદ્યની જેવી તેવી ખૂબી, જેવી તેવી વાત, જેવો તેવો ચમત્કાર ગણાય નહિ.

જ્યારે આકડાનું રૂ અત્યંત ગરમ અને મુજનું રૂ અત્યંત ઠંડુ છે, ત્યારે સેંમળાનું રૂ સમશીતોષ્ણ એટલે બહુ ઉષ્ણ પણ નહિ અને બહુ શીતળ પણ નહિ પરંતુ મધ્યમ પ્રકારનું છે. એ રૂનાં પગ ગાદલા, ગોદડાં, તકીયા, ઓશીકાં વિગેરે બની શકે છે અને નાજુક પ્રકૃતિનાં મનુષ્યો કે જેઓને આકડાનું રૂ માફક આવતું નથી તેઓનાં દરદો નાબુદ કરવાના ઉપયોગમાં લેવાય છે, વળી

આ રૂમાંથી કપડું બનાવી જો તે કપડાને હમેશાં પેઢુ, કમર અને ગભાશયના ભાગ ઉપર વીંટાયેલું રહે તેવી રીતે પહેરી રાખવામાં આવે છે તો સ્ત્રીઓનું શ્વેત તેમજ રક્ત પ્રદરનું દરદ ગમે તેવુ હઠીલું હોય તોપણ નાબુદ થાય છે.

પાન નામનું ઘાસ કે જે મીઠા પાણીમાં ઉગેછે અને આઠથી ૧૦ ફીટ જેટલું ઉંચું વધે છે તથા જેનાં પાંદડાં પણ છોડવા જેટલાં લાંબાં હોય છે તે ઘાસ ઉપર જે બાજરીઆ જેવાં ડુંડાં આવે છે તેની અંદરથી પણ એક જાતનું રૂ નીકળે છે. એ રૂને તેલથી ભીંજવીને અથવા તો તેની રાખ કરીને તેલ સાથે કાદવીને જખમમાં ભરવામાં આવે છે તો ઘણા થોડા સમયમાંજ ઘા રૂઝાઇ જાય છે. આ રૂ અત્યંત શીતળ છે અને તેથી એના ઉપયોગથી જખમની બળત્રા વિગેરે તરત શાન્ત થાય છે. પાનમાં એવો ઉત્તમ ગુણ રહેલો હોવાથી તે " ઘા બાજરીયા " કે " ઘા ડુંડી " ના નામથી પણ ઓળખાય છે.

ચમાર દુધેલીના વેલાઓ કે જે નાગલી દુધેલીના નામે પણ ઓળખાતા હોઇ સર્વે સ્થળે પ્રસિદ્ધ છે તે વેલાઓ ઉપર જે ડોડવાં જેવાં ફળો આવે છે તેમાંથી પણ એક જાતનું રૂ નીકળે છે. એ રૂની રાખ બનાવી તેલમાં મેળવીને ચોપડવાથી ઢોરને પડેલાં ભાઠાં તથા ચાંદાં, ચાદીઓ તત્કાળ મટી જાય છે. આ રીતે કટલીએક જાતનાં રૂ જખમની અંદર ભરવાના કામમાં આવે છે, કેટલીએક જાતનાં રૂને બાળી તેની રાખ જખમ કે વ્રણ ઉપર લગાડવાથી તાત્કાલિક ફાયદો થાય છે, કેટલીએક જાતનાં રૂનાં કપડાં બનાવી

દરદવાળા ભાગ ઉપર આંધવાથી જે તે રોગની શાન્તિ થાય છે. અને કેટલીએક જાતનાં રૂ ભરેલાં ગોદડાં બનાવી તેઓને ગોદવા પાથરવાના ઉપયોગમાં લેવાથી અનેક રોગોમાં ફાયદો થાય છે, એ વાતમાં તો કશો સંશય નથી, પરંતુ એ ઉપરાંત વળી કેટલીએક જાતનાં એવાં પણ રૂ પેદા થાય છે કે જેઓનો સ્વતંત્ર રીતે અથવા તો કોઇ ચોક્કસ ઔષધિ સાથે સંયોગ કરીને ઉપયોગ કરવા થી અનેક અલૌકિક કૃત્યો કરી શકાય છે. આવી જાતના સ્વતંત્ર અથવા તો કોઇ અમુક વનસ્પતિના સંસ્કારવડે તૈયાર કરવામાં આવેલા ખાસ રૂ વડે બનતા પ્રયોગોનો અમે પુરતો અનુભવ લીધો નથી, તેથી તેઓ બાબતે ચોક્કસ અભિપ્રાય આપી શકાય તેમ નથી, અથવા તો સંપૂર્ણ રીતે વિવેચન થઇ શકે એમ પણ નથી અને તેથી વાંચકવૃન્દની જાણ માટે માત્ર એવા બેઠાએક પ્રયોગોનું અત્રે દિગ્દર્શન કરાવી આ વિષયને પુરો કરીએછીએ, " અહા મોહન " નામે તંત્ર ગ્રંથમાં જણાવ્યું છે કે:—

कटु तुम्बी बीज तैलं ज्वालयेत्पटवर्त्तिकाम् ॥
कज्जल चांजयेन्नेत्रे मोहन सर्वंदो जगत् ॥

કડવી તુંબડીનાં બીયાંનું તેલ કાઢી એક કોડીયામાં ભરી તેમાં કપાસના રૂના કપડામાંથી બનાવેલી દીવેટ મૂકી દીવો સળગાવી કાજળ પાડવું. એ કાજળ આંખમાં આંજવાનો અઠવાડીયો રાખવાથી આંખનું તેજ એવું વિલક્ષણ પ્રભાવવાળું થાય છે કે આ કાજળવાળો જે, જે પ્રાણી ઉપર દૃષ્ટિ પડે છે તે, પ્રાણી તત્કાળ મોહ પામે છે, અર્થાત્ વશીભૂત થાય છે.

"અદ્ભુત ઉચ્ચાટન શાસ્ત્ર" માં જણાવવામાં આવ્યું છે કે:—

રોહિષ તૃણ પુષ્પાણિ વર્તિમધ્યેનિવેશયેત્ ॥
તદ્દીપ દર્શનાદેવ ક્ષિપ્રં નશ્યતિમત્કુણાઃ ॥

રોહ નામનું ઘાસ કે જેમાંથી આજકાલ રોશેલ નામનું તેલ તૈયાર કરવામાં આવે છે, તે ઘાસનાં ફુલોને રૂની દીવેટની અંદર ઘાલી પછી તે દીવેટવડે દીવો સળગાવવાથી તેની ગંધના લીધે મકાનની અંદર રહેલા બધા માકણ જલદી નાશી જાય છે.

તંત્ર વિદ્યાપારંગત ધુરંધર વિદ્વાન સિદ્ધનાગાર્જુન જણાવે છે કે—

નર તૈલં નરકપાલે પ્રેતાંબર વર્તિતઃક્ષપાયામ્ ॥
સૌનિસ્હેન્દ્રશિખરે સમુજ્વાલ્ય કજ્જલં કુર્યાત્ ॥

મનુષ્યમાંથી કાઢવામાં આવેલા તેલને માણસના તુમ્બલની ખોપરીમાં ભરી તેમાં મુએલા મનુષ્યના કાંટીઆના વસ્ત્રની દીવેટ મૂકી કૃષ્ણપક્ષની ચૌદશની રાત્રે પિંપળાનાં ઝાડનાં ડાળા ઉપર બેસી તેનો દીવો સળગાવી કાજળ પાડવું. એ કાજળનું આંખોમાં અંજન કરવાથી આખું જગત વશ થાય છે.

"દત્તાત્રેય તંત્ર" નામે ગ્રંથમાં જણાવવામાં આવ્યું છેકે—

ભોમવારે સર્પમુખે સિપેત્કાર્પાસ બીજકમ્ ॥
ઉદ્ભવં બીજ કાર્પાસ જ્વલયેરદ્ધ તૈલકે ॥

तद्वर्तिं ज्वालयेद्रात्रौ सर्पवद्भवति ध्रुवम् ॥
वर्तिशान्तिःप्रकर्तव्या सर्पकौतुकशाम्यति ॥

મંગળવારના દિવસે મુએલા સાપના મઢોડામાં માટી ભરી તે મઢોડાને જમીનમાં દાટી તેમાં કપાસનું બીજ વાવવું, એ બીજ ઉગી નીકળે એટલે તેના છોડને ઉછેરીને મોટો કરતાં જ્યારે તેને ફુલ આવી જીંડવાં બેસી તેમાં રૂ તઈયાર થાય ત્યારે એ રૂને વીણી લેઈ રાખી મુકે. આ રૂની દીવેટ બનાવી એક કોડીયામાં મુકી તેમાં એરંડીયું તેલ ભરી રાત્રિના વખતે જે ઘરમાં દીવો સળગાવવામાં આવે છે તે ઘરમાં રહેલી સર્વે ચીજો સાપના જેવી દૃષ્ટિએ આવે છે, અર્થાત્ તે સર્વે ચીજોના બદલે કેવળ સાપે સાપજ નજરે પડે છે, અને જ્યારે તે દીવેટને કાઢી લેઈ તેના બદલે બીજી સાદી દીવેટ સળગાવવામાં આવે છે ત્યારે આ કૌતુકની શાન્તિ થાય છે,

"નીધિદર્શન મહાવિદ્યા" નામે તંત્ર ગ્રંથમાં લખવામાં આવ્યું છે કે:—

अति कृष्णस्य काकस्य जिव्हामांससमाहरेत् ॥
वेष्टयेत् रवीतुलेन वर्ति तेनैव कारयेत् ॥
अजाघृतेनदीपंच प्रज्वाल्ययादाच कज्जलम् ॥
अंजिताक्षौ नरस्तेन निधि पश्यति भूतले ॥

અતિશય કાળા કાગડાની જીભનું માંસ લેઇને તેના ઉપર આકડાના રૂને વીંટાળી એક કોડીયામાં મુકી તેમાં બકરીનું ઘી ભરી દીવો સળગાવી કાજળ પાડવું. એ કાજળનું આંખમાં અંજન કર-

વાનો અભ્યાસ રાખવાથી દૃષ્ટિ એટલી બધી સૂક્ષ્મ થાય છે કે જમીનની અંદર ડટાઇ રહેલું ધન નજરે પડે છે.

गृध्राक्षि चूर्ण योगेन कारयेद्यदि पूर्ववत् ॥
तेनैव अंजिताक्षौचनिधि पश्यति पूर्ववत् ॥

કાગડાની જીભના બદલે ગીધની આંખોનું ચૂર્ણ આકડાના રૂમાં મેળવીને ઉપર મુજબ રીતથી કાજળ પાડી તેનું અંજન કરવાનો અભ્યાસ રાખે તોપણ જમીનની અંદર ડટાઇ રહેલું ધન જોઇ શકાય એવી દૃષ્ટિમાં સૂક્ષ્મતા આવે છે.

આ વાતમાં કંઇ સત્યતા રહેલી હોય એમ લાગે છે, કારણ " વૃદ્ધત્રયી " ના નામે ઓળખાતા અત્યંત પ્રતિષ્ઠિત વૈદ્યક ગ્રંથો પૈકી " અષ્ટાંગ હૃદય વાગ્ભટ " નામે સર્વ માન્ય ગ્રંથમાં પણ જણાવવામાં આવ્યું છે કે:—

योगृध्रस्तरुणरवि प्रकाशगल्ल ।
स्तस्यास्यं समय मृतस्य गोशकृद्भिः ॥
निर्दग्धं समयघृत मंजनंच पेष्यं ।
योगोऽयं नयनबलं करोतिगार्ध्रम् ॥

તરૂણ સૂર્યના જેવો પ્રકાશિત ગાલોવાળો જે ગીધ પક્ષી હોય તે જ્યારે મરી જાય ત્યારે તેના મહોડાને લેઈ ગાયના અડાયાં છાંણાંના અગ્નિથી કુટી બાળી રાખ કરવી. એ રાખમાં ઘી અને કાળો સુરમો સરખા ભાગે મેળવીને સારી પેઠે ખરલ કરી આંખોમાં આંજવાનો મહાવરો રાખવાથી ગીધની સમાન દૃષ્ટિનું બળ પ્રાપ્ત થાય

છે. અર્થાત્ મનુષ્યોથી ન દેખી શકાય એવી ચીજોને પણ જેવી રીતે ગીધ જોઇ શકે છે તેવીજ રીતે આ અંજનનો ઉપયોગ કરનારને પણ અદૃશ્ય ચીજો જોવાની સૂક્ષ્મ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

જો આ વાત સત્ય હોય તો પછી આજે જે ચીજો માત્ર દુરબીન, સૂક્ષ્મદર્શક યંત્ર કે એક્સરેઝની સહાયતાવડેજ જોઇ શકાય છે તે ચીજો કેવળ દૃષ્ટિવડેજ નિરિક્ષણ કરવાની આપણા પૂર્વજોએ શક્તિ સંપાદન કરી હતી એમ માનવામાં શું ખોટું છે. " સિદ્ધ સાબર ભાષા તંત્ર " માં હજરાયત ભરવાની વિધિમા જણાવવામાં આવ્યું છે કે:

શાખા સુકી અઘેડાની લાવી, રૂ તેને લપટાવેજી,
ઘૃત કેરા દીપકમાં મૂકી, પ્રીતે તે પ્રજળાવેજી;
સાત વર્ષનું બાળ બોલાવી, સ્નાન તેને કરાવેજી,
શ્વેત વસ્ત્ર પહેરાવી એને, દીપક આગે બેઠાવેજી,
બાળક દૃષ્ટિ દીપક સામી, સ્થિર મને રખાવેજી,
ત્રણ કાળની ગુપ્ત વાત જે, પ્રગટ તે દરશાવેજી.

આ સિવાય બીજા પણ અનેક પ્રયોગો તંત્ર ગ્રંથોમાં મળી આવે છે, પરંતુ એવા અનુભવ સિવાયના અનેક પ્રયોગોનો આ પુસ્તક કે જે ખાસ અનુભવિક માહીતીથી ભરપુર વિષયોનું છે તેમાં ઉતારો કરવો એ યોગ્ય ન લાગવાથી લેખિનીને વિરામ આપીએ છીએ, તેમજ વાંચકવૃન્દ પૈકી જો કોઇને આવા પ્રયોગો સંબંધિ અનુભવિક વિશેષ માહીતિ હોય તો તે જાહેરમાં મૂકવા પ્રાર્થના કરીએ છીએ.

લસણ.

સં. રસોન હિં. લસન, લહસન બં. લસન મ. લસણ ફ્રે. સીર ઇં. Gurlie root લા. Allium Satinum.

લસણ એ દરેક ઘરમાં મસાલા તરીકે વપરાતી ચીજ હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે.

ઉપયોગ—ફેફસાંનાં દરદો તથા સાંધા અકડાઇ જવાના રોગ માટે લસણ એ એક ઉત્તમ ઉપાય છે એવું છેક પ્રાચીન કાળથી આપણા દેશમાં મનાતું આવે છે. પરંતુ અફસોસ ! કે આજ કાલના સુધરેલા ગણાતા સમયનાં મોટાં મોટાં કારખાનાંઓમાં બનતી બહુ-મુલ્યી દવાઓના દમામ, અને ભભકા આગળ મફત મળતાં લસણનો ભાવ કોઇ પૂછે તેમ નથી. પરંતુ એ બહુમુલ્યી ઔષધો કે જેઓના ગુણોની પુષ્કળ તારીફ આપણા સાંભળવામાં આવે છે, જેઓના પ્રભાવનાં આપણી બુદ્ધિને આંજી નાંખે, આપણા મનને મોહીત કરી નાખે એવાં લાંબાં, લાંબાં યશોગાન ગાવામાં આવે છે તેઓના પરીણામથી નિરાશ થયા પછી ઇંગ્લાંડનો એમ. ડબલ્યુ-મેકડફી નામનો એક મહાન્ સમર્થ વિદ્વાન્ ડોકટર હાલમાં જણાવે છે કે:—ક્ષય રોગ વિષેની જે ખાસ તપાસ, શોધ ખોળ અને પ્રયોગો અમે ગયા બે વર્ષમાં કર્યા છે તેમાં ૧૦૮૨ ક્ષયના દરદીઓ ઉપર જુદી જુદી જાતના ૫૬ ઉપાયો અજમાવી તેનાં પરીણામોનું બારીક અવલોકન કરી નોંધો રાખવામાં આવી છે, તે બધા ઉપરથી એ સાર નીકળે છે કે:—ઉપર બતાવેલા છપ્પન જુદી જુદી જાતના ઉપાયોમાંથી ક્ષયના જંતુઓ અને તેમને લીધે શરીં-

રેખાં વિવિધ રંગળે થતા રોગો ઉપર ખાત્રી પૂર્વક અસર કરનાર ફક્ત બેજ ઔષધો મળી આવ્યાં છે. આ બે ઔષધો પૈકી એક ઔષધ વનસ્પતિ વર્ગનું લસણ છે અને બીજું ખનિજ વર્ગમાંનું હોઇ તેનું નામ પારો છે. હવામાં જલદી વાયુરૂપે ઊડી જઇ શકે તેવું "ઍલીલ સલ્ફાઇડ" નામનું એક જાતનું તેલ લસણમાં રહેલું હોય છે અને એ તેલમાંજ લસણના સર્વે આધિહર ગુણો સમાએલા છે. આ તેલ પ્રબળ જંતુ નાશક છે અને ક્ષયના જંતુઓની વૃદ્ધિ થતી અટકાવવાનો અતિ અદ્‌ભુત ગુણ તેમાં રહેલો જણાય છે. શરીરમાં ગયા પછી આ તેલ ઑક્સિજન વાયુ સાથે ભળીને સલ્ફ્યુરસ ઍસીડ નામના અમ્લ તત્ત્વને ઉત્પન્ન કરે છે અને ફેફસાં ચામડી, મૂત્રપિંડ તેમજ યકૃત મારફતે બહાર નીકળે છે. શરીરના કોઇ પણ ભાગ ઉપર આ તેલને લગાડવાથી ત્વચા તેને ચુસી લે છે અને એ રીતે શરીરના બધા ઊંડાણના અવયવોમાં તે પ્રવેશી શકે છે. અમારા અનુભવમાં લસણે સારામાં સારાં પરીણામો નિપજાવ્યાં છે અને ક્ષયના જંતુઓ ત્વચા, હાડકાં, ગ્રંથીઓ, ફેફસાં કે શરીરના બીજા કોઇ પણ ગમે તે ભાગમાં ઘર કરીને બેઠા હોય ત્યાંથી નાબુદ કરી તેઓને લીધે થયેલાં દરેક દરદો એક સરખી અકસીર રીતે સારાં કરે છે. ડોક્ટર બિંચીન જણાવે છે કે:—એક જુવાન માણસના કેસ ઉપરથી લસણના ગુણો તરફ મારું ધ્યાન પહેલ વહેલું ખેંચાયું. આ જુવાન કે જેને આખા પગનાં અને પગના પંજાનાં હાડકાંમાં ક્ષય રોગ લાગુ પડયો હતો તે મારી સલાહ લેવા આવ્યો હતો. આ દરદીને તપાસીને તેનો પગ કપાવી નાંખવાની મેં સલાહ આપી, પરંતુ દરદીએ તેમ કરાવવાની ના પાડી મારી પાસેથી રજા લીધી. ૭ મહીના પછી આજ દરદી

ચહન તનદુરસ્ત સ્થિતિમાં મને મળ્યો. આશ્ચર્ય પામી મેં એને હકીકત પુછી ત્યારે તેણે જણાવ્યું કે જે દવા સેંકડો વર્ષો થયાં કંઠ માળ જેવાં દરદોમાં વપરાતી આવી છે; તેજ દવા રસાયણ અનુભવે મારા ઉપર વાપરીને મને સાજો કર્યો છે. એ દવા અન્ન કોઇજ નહિ પરંતુ મેંગ્ન, મીંડું અને ખૂબ લસોટીને બારીક લુગદી જેવું બનાવી દીધેલું લસણ એ ત્રણ ચીજો લગભગ સરખા પ્રમાણમાં મેળવી બનાવેલો લેપ હતો. આ ઉપરથી હું તો તરતજ સમજી ગયો કે આ ત્રણ ચીજોમાંથી રોગ મટાડવાનો ખૂબ ખરાવનારી ચીજ તો લસણજ હોવું જોઇએ. અને તેથી લસણના ગુણો વિષે જાતી અનુભવ મેળવવા અનેક દરદીઓ ઉપર અજમાવવા માંડયું અને તેમાં મને ઘણીજ અજમયશી ઉપજે એટલી પ્રસન્નતા મળી.

લસણનો આ પ્રકારનો ઉપાય ઇટાલી દેશમાં ઘણોજ, ઘર મતુ અને લોકપ્રિય છે. ઇટાલી દેશમાં નાનાં, મોટાં, ગરીબ તેમજ તવંગર સર્વે લસણનો હમેંશાં છુટથી ઉપયોગ કરે છે, તેથી ત્યાં ક્ષયનું પ્રમાણ ઘણુંજ ઓછું છે, પરંતુ તેજ દેશના લોકો કે જેઓ અમેરિકામાં જઇને વસ્યા છે તેમનાં છોકરાં પોતાના બીજા નિશાળના સોબતીઓને લસણની ગંધ કંટાળા ભરી લાગે છે જેથી તેનો જોઇએ તેવો ઉપયોગ કરતાં નથી તેથી તેઓ પૈકી ઘણા ખરા ક્ષયના રોગથી પીડાય છે. લસણ એ કુંભળીના વર્ગની વનસ્પતિ છે. જેથી ઉપર જણાવેલું "એલીલ સલ્ફાઈડ" નામનું જે તત્ત્વ લસણમાં રહેલું છે તે કુંભળીમાં પણ જોવામાં આવેલું છે, તોપણ લસણમાં એ તત્ત્વ ઓથી વધારે પ્રમાણમાં રહેલું છે. સાડા ટીપાં લસણના રસમાં આશરે બે ટીપાં જેટલું "એલીલ

સલ્ફાઇડ" નામનું તત્ત્વ હોય છે અને એ તત્ત્વજ ક્ષયના જંતુ-ઓનો નાશ કરી જુદા જુદા ભાગના ક્ષયને મટાડે છે.

"એલીલ સલ્ફાઇડ" જેટલી સચોટ રીતે અને સંપૂર્ણપણે મનુષ્યના શરીરમાં પ્રસરી જાય છે તેવી રીતે બીજું કોઇપણ તત્ત્વ પ્રસરી જતું જણાયેલું નથી. આ વાત મારા સમજવા સિવાય તમે પોતે પણ સહેલાઇથી સાબીત કરી શકો એમ છે. લસણની થોડીએક કળીઓ વાટીને તેની લુગદી તમારા પગને તળીએ બાંધશો અને પછી માત્ર પંદર, વીસ મિનિટ જવા દેજો તમારો શ્વાસ સુધી જોવાનું બીજા કોઇને કહેશો તો તે તરતજ તમને કહેશે કે તમારા શ્વાસમાં લસણ સંધાય છે. આ ઉપરથી એ સાબીત થયું કે લસણમાં રહેલું "એલીલ સલ્ફાઇડ" તમારા પગના તળીયાની ચામડીના પડોની અંદર ઉતરી રસ અને રક્ત વાહિની નસોની મારફતે આખા શરીરમાં પ્રસરી છેવટે ફેફસાંમાં થઇ શ્વાસદ્વારા બહાર નીકળે છે. આ રીતે એ તત્ત્વ રસ અને રક્ત મારફતે ફેફસાં, ચામડી, સ્નાયુઓ, યકૃત, મૂત્રપિંડ, હાડકાં વિગેરે શરીરના દરેક નાના, મોટા ભાગોમાં દાખલ થઇ જાકે છે અને તેથી લસણનો મુસ્તા પ્રયોગમાં ઉપયોગ ચાલુ રાખવામાં આવે તો શરીરના અમે તે ભાગમાં રહેલા "ટયુબરકલ બેસિલી" નામના ક્ષયના જંતુઓનો નાશ થઇ વિવિધ સ્વરૂપે દેખાવ દેતા ક્ષયના ઉપદ્રવો શાન્ત થાય છે.

ક્ષયના જંતુઓના લીધે થતા દરેક પ્રકારના ગંભીર "ટયુબર-કયુલસ" બાબતમાં એટલે કે ફેફસાંના ક્ષયથી માંડીને તે ચામડીના સડા જેવા વિકટ દરદો સુધીના દરેક રોગ માટે લસણના ઉપયો-ગથીજ સારા કર્યાનું ઉપર કહેલા ડોકટરો પોતાના અનુભ-

પથી જણાવે છે. તેઓ વળી દશ વર્ષના એક એવા છોકરાનો દાખલો વર્ણવે છે કે જેના હાથના હાડકાંને ક્ષયનો રોગ લાગુ પડ્યો હતો જેના લીધે તેના હાથની તદ્દન બગાઈ ગયેલી એક આંગળી કાપી નાંખવામાં આવી હતી, એમ છતાં પણ તે હાથની હથેલીમાં ત્રણ ઊંડાં નાનાં કે છિદ્ર પડી હમેશાં પરૂ વહ્યાંજ કરતું હતું આ દરદ ઉપર બીજા બધા ઉપાયો નિષ્ફળ ગયા પછી લસણનો થોડી એક ટણીઓ બારીક વાટીને ચરબી સાથે મેળવીને ચોવીસ કલાકમાં એક વખત તે સડેલા હાથ ઉપર બાંધી દેવામાં આવતી હતી. ચરબી મેળવવાનું ખાસ કારણ એ હતું કે લસણનો રસ એકલો જે ચામડી ઉપર લગાડયો હોય તો સખ્ત બળતરા કરી ફોલ્લા ઉઠાડે છે અને તેથી તેની દાહક અસર ઓછી કરી ચામડીનું સંરક્ષણ કરવા માટે માખણ, ઘીમેલું ઘી, વેસેલાઇન, ચરબી કે સાદા મલમનો ભેગ કરવો પડે છે. આ પદાર્થો કાંતો લસણ ભેગા ભેળવી દેવા અગર તો લસણની લુગદી મુકતા પહેલાં દરદવાળા ભાગ ઉપર સારી પેઠે ચોપડવા જોઈએ. આવી રીતે ચરબીની મેળવણી કરવા છતાં પણ શરૂઆતમાં પેલા છોકરાને કેટલીએક બળતરા સહન કરવી પડતી હતી તો પણ તેને જલદી ફાયદો જણાવા લાગ્યો. અને બધી મળીને માત્ર દોઢ મહીના જેટલી મુદતમાં તેનો હાથ સાજો થઈ ગયો

યુરોપમાં હાલમાં જે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે તેના અંગે મનુષ્યોને કાંઇ કાંઈ નવિન અનુભવો મળતા જાય છે. યુદ્ધના અંગે વૈદ્યક સમંધિ જે, જે કાંઇ અનુભવો મળ્યા છે અને દીનપ્રતિદીન મળતા જાય છે તેઓ પૈકી હાલમાંજ એક આગેવાન આર્મી સરજનને જાતિ અનુભવથી ખાત્રી થઇ છે કે લસણના રસમાં ચોખ્ખું

એટલે વરાળને ઠારીને બનાવેલું પાણી ઘટતા પ્રમાણમાં મેળવીને બમે તેવા ચેપ લાગેલા ઘાને બગાડવાથી એટલે તે પાણી વડે ઘાને ધોવાથી તથા તેમાં બોળેલાં કપડાં ઘા ઉપર બાંધી રાખવાથી ઘામાં સડો ઉત્પન્ન કરનારા ચેપી રોગી જંતુઓનો નાશ થઈ બહુજ જલદી અને સારી રીતે ઘા રૂઝાઈ જાય છે. અમે તેવા મોટા કે ચુંચવણ ભરેલા ઘા ચડેલા હોય તો પણ લસણનો રસ અને પાણી રામબાણની માફક અક્સીર નીવડે છે. પોતાના બહેળા જ્ઞાતિ અનુભવની આ વાત ઉક્ત લશ્કરી સરજ્યને યુરોપનાં સર્વે રણક્ષેત્રમાં ફેલાવી દીધી છે, અને તે દરેક સ્થળોએ આ સોંઘો અને સાદો ઉપાય બીજી મોંઘી દવાનું સ્થાન લેવા લાગ્યો છે. આ સરજ્યન પોતે નમ્રતાપૂર્વક જણાવે છે કેઃ—આ શોધ મારી પોતાની નથી, પરંતુ એક ફ્રેન્ચ ખેડૂતની સ્ત્રી પાસેથી એક લાંબા થયેલા યોદ્ધાઓના ઘા આ ઉપાયથી અજબરીતે મટાડતી મારા જોવામાં આવી હતી જોયો આ ઔષધિનો અનેક દરદીઓ ઉપર અનુભવ લેતાં મારી પણ તે વિષે સંપૂર્ણ ખાત્રી થવાથી દુનિયાના હિતની ખાતર જાહેર કરેલું.

લસણ જેવી અલ્પ મૂલ્યે મળતી ચીજમાં આવા અમૂલ્ય ગુણો સમાએલા છે એવું પાશ્ચિમાત્ય વિદ્વાનોને આજકાલ સમજવાથી જ્યારે તેઓ તેના વડે અનહદ લાભ પ્રાપ્ત કરે છે, ત્યારે આપણા પૂર્વજોએ છેક પ્રાચીનકાળથી તેના આવા ગુણોનાં યશોગાન કર્યાં છતાં પણ તેના પ્રત્યે બે દરકાર અની દિદેશી ચીજોના મોહમાં પડીએ છીએ એ વાત કેવળ આપણા દુર્ભાગ્યનું જ સૂચન કરે છે.

રૂદ્રવંતી

સં. રૂદ્રવંતી, ચણપત્રી, સવતોયા, હિં. રૂદતી મ. રાનહરભરા ખરડી ગુ. પડીયો, પલિયો, કચ્છી. ઊંણ, ગુંણ લા. Cressa Cretica.

વિવરણ—રૂદ્રવંતી એ દિવ્યૌષધિઓના વર્ગની એક દુષ્પ્રાપ્ય તથા અચિંત્ય શક્તિવાળી મહૌષધિ છે એના છોડવા ના થા દોઢ ફુટ જેટલા લાંબા વધે છે. એ છોડવાઓ કોઇ કોઈવાર થોડા ઉંચા પણ વધે છે, પરંતુ ઘણું કરીને તો જમીન ઉપર છાતળાંની માફક પથરાએલાજ હોય છે. એના ઉપર શાખાઓ ઘણી ગીચો ગીચ આવેલી હોય છે અને તે નીચેથી ઉપરની બાજુ તરફ નહાની થતી નીકળેલી હોય છે જેથી એ શાખાઓની રૂપરેષા ત્રિકોણ થઇ રહેલી હોય છે. એનાં પાંદડાં ઝીણાં એટલે લગભગ ના ઈંચથી કંઇક લાંબાં અને તેથી કંઇક ઓછાં પહોળાં હોય છે અને બન્ને સપાટી ઉપર ધોળા, નરમ અને લાંબા વાળની રૂંવાટી આવેલી હોય છે, જેથી તેઓ ધોળાશ લેતાં લીલા રંગનાં દેખાય છે. એ પાંદડાં જરા જાડાં હોય છે. તેમાંથી એક જાતનો પ્રવાહી ઝર્યા કરે છે. પાનની વાસ જરા ઉગ્ર અને સ્વાદ ચીકાશ લેતો તૂરો અને જરા ખારો હોય છે. ફુલો શાખાઓના છેડ ન્હાની ગુચ્છી અથવા કલંગીની માફક આવેલા હોય છે. જે ધોળા કે ફીકા ગુલાબી રંગનાં હોય છે અને ફળો ગોળાઇ લેતાં સક્ષમ હોઈ તેમાં બારીક દાણા જેવાં બે, ચાર બીયાં હોય છે. એના આખા છોડવા ઉપર ધોળા, ચળકતા જરા લાંબા વાળની રૂંછાળ હોય છે જેથી આખો છોડવો ધોળાશ લેતો લીલો દેખાય છે. આ વનસ્પતિ ઘણા ભાગે

ખારવાળી જમીનમાં સિયાળે વિશેષ જોવામાં આવે છે. એના ઉપર ઝાકળ પડે છે ત્યારે સૂક્ષ્મ મોતી જેવાં બિન્દુઓથી આચ્છાદિત થઇ જાય છે અને પછી તે પાણી ટપકીને નીચેની જમીન ઉપર પડે છે. જે ખારાશ વાળી હોવાથી ભીની થઇ રહે છે. એ રીતે તેના ઉપરથી ટપકતું જળ જાણે તે વનસ્પતિ રૂદન કરતી હોયને તેવું દેખાય છે, જેથી સંસ્કૃત ભાષામાં તેને રૂદંતી અથવા તો સ્રવંતી અને વળી છેટેથી જોતાં ચણાના છોડવા જેવી માલમ પડતી હોવાથી ચણકપત્રી નામ આપવામાં આવ્યું છે.

गुणदोष–रूदन्ती कटु तिक्तोष्णा क्षय कृमि विनाशिनी ॥
रक्तपित्त कफ श्वास मेहहारी रसायनो ॥

રૂદંતી તીખી, કડવી, ગરમ, ક્ષય, કૃમિ, રક્તપિત્ત, કફ, શ્વાસ અને પ્રમેહનો નાશ કરનારી તથા રસાયન સમાન ગુણ આપનારી એટલે દીર્ઘાયુષ્ય તથા રોગનો નાશ કરનારી છે.

રાજનિઘંટુ.

ઉપયોગ—એના છોડને મૂળ સુધાં ઉખેડી લાવી સૂકવી ચૂર્ણ કરી ૧ા થી એક તોલાના પ્રમાણમાં શેર મધ સાથે ચાટવાથી કફની ખાંસી અને શ્વાસ દૂર થાય છે. એજ ચૂર્ણને દૂધમાં નાંખીને પીવાથી સ્ત્રીઓના સ્તનમાં દૂધનો વધારો થાય છે. નાક વાટે લોહી પડતા રક્તપિત્તના દરદમાં તેના છોડને પાણી સાથે ઉકાળીને તેની વરાહ નાકમાં આપવામાં આવે છે. વળી એના ચૂર્ણમાં સરખા ભાગે વાવડિંગના બીજનું ચૂર્ણ મેળવીને ખાવાથી, સુંઘવાથી તેમજ અંગે ચોપડવાથી શરીરમાં રહેલાં ઝેરી જંતુઓનો નાશ થાય છે.

ઇન્દ્રવંતી એક તોલો અને કાળાં મરીનાં બે વાલ સાથે મેળવીને પીવાથી બગડેલું લોહી સ્વચ્છ થાય છે. વળી એક શેર દૂધ, એક શેર પાણી, અઢી તોલા ઘી અને બે તોલા મધ એ બધું ભેગું કરીને ઉકાળતાં પાણીનો ભાગ બળી જઈને દૂધ બાકી રહે ત્યારે ઉતારી લેવું તેમાં એક તોલો ઇન્દ્રવંતીનું ચૂર્ણ નાંખીને પીવું. એમ ૪૯ દિવસ આ ઔષધ લેવાથી સર્વે પ્રકારના પ્રમેહો શાન્ત થાય છે.

વૈદ્યક શાસ્ત્રમાં તો તેના આ મુજબ ગુણો બતાવેલા છે. પરંતુ જડીબુટ્ટીઓનું જ્ઞાન ધરાવનારા સંત મહાત્માઓ જણાવે છે કે એના રસ સાથે પારાની ગોળી બનાવી ફૂંકાય છે અને વળી તાંબાની સફેદ ભસ્મ થાય છે, અને તે બનાવવાની કૃતિ એવી છે કે:-

ઇન્દ્રવંતીના રસમાં પારાને ત્રણ દિવસ સુધી ઘુંટીને ગોળી બનાવવી પછી એ ગોળીને ઇન્દ્રવંતીના છોડને વાટીને બનાવેલી લુગદીમાં વાળી તે લુગદીને એક સરાવલામાં મૂકી તેના ઉપર બીજું સરાવલું ઊંધું ઢાંકી તે સરાવલા ઉપર કાપડ બાંધી કરી પછી જમીનમાં એકવીત, લાંબો, પહોળો અને ઊંડો ખાડો ખોદી તે ખાડાને અડધાં છાણાંથી અડધો ભરી તેમાં પેલો સરાવલાનો સંપુટ મૂકી તેના ઉપર બીજાં છાણાં ખાડાની ટોચ સુધી ભરી અગ્નિ સળગાવવો, અને જ્યારે અગ્નિ શાન્ત થાય ત્યારે સમૂહને ખાડામાંથી કાઢી લેવું જેથી પારાની કઠીણ ગોળી તૈયાર થઇ જાય છે. આ ગોળીને જો ભાંગી નાંખીને ફરીથી ઇન્દ્રવંતીના રસમાં ઘુંટીને ઉપર મુજબ અગ્નિ આપવામાં આવે તો તેની ઉત્તમ ભસ્મ

થાય છે. પરંતુ એ પ્રમાણે ફરી ફરીને ત્રણ વખત ધુંટીને તે દરેક વખત અગ્નિ આપવો જોઇએ.

આ ભસ્મ અનેક દરદોનો નાશ કરે છે. એ સિવાય વળી તેના સંયોગથી તાંબા કે રૂપાનું સોનું થાય છે એમ કહેવાય છે. આ કામ માટે સોળ તોલા તાંબા કે રૂપાને ગાળીને તેના રસમાં એક તોલો ભસ્મ હુમેરવી જોઇએ એમ સંભળાય છે.

પારાની ગોળી તૈયાર કરતી વખતે અગ્નિ આપવાનો એક બીજો પણ એવો વિધિ કહેવામાં આવે છે કે:—રૂદ્રવંતીના રસમાં પારાને ત્રણ દિવસ ધુંટી ગોળી બાંધી રૂદ્રવંતીના પંચાંગની લુગદીમાં બાંધી સરાવલાંના સંપુટમાં મૂકી તેના ઉપર રપડ માટી કર્યા પછી એક વીતનો ઊંડો ખાડો ખોદી તેમાં છાણાં ભર્યા સિવાય એ સંપુટ મૂકી તેના ઉપર ખાડાની ટોચ સુધી રેતી ભરી પછી તે રેતી ઉપર એકાદ, બે ટોપલીઓ અડાયાં છાણા નાંખી બે ઘડીનો અગ્નિ આપવો જેથી ગોળી તૈયાર થશે.

તાંબ્ર ભસ્મ બનાવવા માટેનો વિધિ એવો છે કે:—ચોખ્ખા ચોખાના પાલળાં પત્રાં બનાવી તેને અગ્નિમાં નાંખીને લાલચોળ થઇ જાય એવાં ગરમ કરીને રૂદ્રવંતીના રસમાં બુઝવવાં, એમ વારંવાર ગરમ કરીને એકવીશ વખત તે રસમાં બુઝવવાં, અને પછી એ પત્રાંને રૂદ્રવંતીના પંચાંગને વાટીને કરેલી લુગદીમાં રાખીને તેના ઉપર કાપડ માટી કરીને એક બજ લાંબા, પહોળા તથા એટલાજ ઊંડા ખાડામાં અર્ધ સુધી અડાયાં છાણાં ભરીને એ કાપડ માટી કરેલી લુગદી મૂકી તેના ઉપર ખાડાની ટોચ સુધી બીજાં છાણાં ભરીને અગ્નિ આપવાથી તાંબાની ઉત્તમ સફેદ ભસ્મ થાય છે.

વજ.

સં. વચા, ઊગ્રા હિં. વચ, ખુરાસાની વચ, સફેદ વચ, મ. વેખંડ, પાંઢરે વજ ગુ. વજ, ઘોડાવજ અ. ઊદુલવુંજ ઈં. Sweet Flagroot Acorus calamus.

વિવરણ—એના છોડવા નાના થતા હોઈને તે ભીનાશવાળી જગ્યામાં બારે માસ થાય છે. બ્રહ્મદેશ મણીપુર તેમજ આસામ તરફ એની ઉત્પત્તિ થાય છે તો પણ આપણા બજારોમાં ગાંધીઓના ત્યાં જ્યારે જોઈએ ત્યારે તેનાં મુળ કે જે ઘોડાવજના નામે ઓળખાય છે તે પુષ્કળ જથામાં મળી શકે છે. વળી એની એક જાત ઈરાન તરફથી પણ આ દેશમા આવે છે જે ખોરાસાની અથવા તો ધોળી વજના નામે ઓળખાય છે. પરંતુ ઔષધના કામમાં તો ઘણા ભાગે ઘોડાવજનોજ ઉપયોગ કરવામાં આવે છે.

ધર્મ અને ઉપયોગ—છેક પ્રાચીન સમયથીજ આ ઔષધિનો દેશી તેમજ યુનાની વઈદકમાં ઉપયોગ થતો ચાલ્યો આવે છે. આર્યવૈદ્યોએ એનાં મુળીયાંને કડવાં, ઉષ્ણ અને અગ્નિનું દીપન કરનારાં જણાવ્યાં છે. વળી તે કફ અને વાયુને જુદા કરવામાં તેમજ ઉલટી કરાવવામાં ઉપયોગી છે, પેટના આફરામાં તેમજ શૂળમાં બહુ ફાયદો કરે છે, ઝાડા અને પેશાબને શુદ્ધ કરીને તેની વિશેષ પ્રવૃત્તિ કરાવવામાં અસરકારક છે, વાર્ણને સ્વચ્છ કરનાર અને બુદ્ધિ આપનાર છે એમ પણ કહેવામાં આવ્યું છે હીસ્ટીરીયા, વાઈ અને ઉન્માદના માટે તે એક ઉત્તમ દવા છે અને કંઠની અંદર રહેલો કફ દુર કરી શ્વાસ નળીને ચોખી બનાવવાં

અજબ રીતે કામ કરે છે એવો અનુભવ આવ્યાનું પણ જાહેર કરવામાં આવ્યું છે.

ઘોડાવજને નાના પ્રમાણમાં એટલે દશશી વીશ ઘઉં ભાર લેવાથી દમને બેસાડી દે છે. આ કામ માટે એનું ચૂર્ણ પ્રથમ ૧૦ થી ૨૦ ગ્રેન જેટલું આપીને ત્યાર પછી દર બે ત્રણ કલાકે દશ દશ ગ્રેન આપવાથી ઉત્તમ અસર થાય છે. જો તે વધારે પ્રમાણમાં એટલે ૩૦ થી ૬૦ ઘઉંભારની માત્રામાં લેવામાં આવે છે તો તરત ઉલટી કરાવે છે અને તેથી જ્યારે બાળકને અથવા તો વૃદ્ધ પુરૂષને છાતીમાં કફનું જોર વધારે થાય છે છતાં તેઓ અશક્ત હોવાથી જોરથી કફને બહાર કાઢી શકતાં નથી અને અત્યંત અમુઝાય છે ત્યારે યોગ્ય વજને આપવાથી સહેલાઇથી કફ નીકળી જઈ આરામ થાય છે જો શરદીથી ગળામાં સોજો આવ્યો હોય તો એક પાઇની વજ લાવી ખાંડી ચૂર્ણ કરી તેમાંથી ફક્ત દશ ઘઉં ભાર જેટલો ભૂકો દુધમાં નાંખીને પીવામાં આવે તો તરત સોજો નરમ પડે છે અને તેની સાથે ગળામાં પડતી ખરેરી પણ દુર થાય છે, કેમકે વજમાં સુકાઇ જતા ગળામાં અમી ઉત્પન્ન કરવાનો ખાસ ગુણ રહેલો છે શરદીની ખાંસી થઇ હોય તો જેઠીમધ અને વજ એ બે ચીજો સરખા ભાગે લેઇ ખાંડી ચૂર્ણ કરી તેમાંથી વીશથી ત્રીશ ઘઉંભાર જેટલું ચૂર્ણ લેઇ સવાર, સાંઝ મધ સાથે મેળવીને ચાટયું હોય તો તેજ ઘડીએ ચમત્કારીક ગુણ માલમ પડે છે અર્થાત્ ખાંસીના માટે વિદેશથી આવતી ભારે કિંમતની "કફ લોઝેન્જસ" નામની જે ટીકડીઓ બજારમાં વેચાય છે તેની બરાબર આ દવા કામ કરે છે. છતાં તે માત્ર એક પાઇના ખર્ચે તૈયાર થઇ શકે છે અને વળી બે, ત્રણ, દિવસ ચાલી શકે

છે. વાઇ, હીસ્ટીરીયા અને ઉન્માદના દરદમાં જો યોગ્ય વિધિથી વજનો ઉપયોગ કરવામાં આવે છે તો ગમે તેવું વિકટ દરદ પણ શાન્ત થાય છે. ચીનનો ચીકુ કાઊ નામનો પ્રખ્યાત તબીબ હીસ્ટીરીઆના દરદ ઉપર વજનો યથા યોગ્ય વિધિથી ઉપયોગ કરતો હતો. જેથી તેના હાથે તે દરદના અનેક દરદીઓ સારા થતા હતા.

આ ઔષધિના આવા ઉત્તમ ગુણોની માત્ર વૈદ્યોનેજ નહિ પરંતુ દેશી વિદેશી ડૉક્ટરોને પણ સંપૂર્ણ ખાત્રી થયેલી છે અને તેથી તેઓએ પણ તેના સબંધનાં પુષ્કળ પ્રસંશા કરેલી છે.

રત્નાગીરીના સરજ્યન એચ. મેકમેલન જણાવે છે કે:— બચ્ચાને શરદી થઇ આવે છે ત્યારે પાણીમાં અથવા તો સ્પીરીટમાં મેળવીને આ ઔષધ છાતી ઉપર લગાડવામાં આવે છે. વળી સર્પને આ ઔષધિનો વાસ અનુકુળ નહિ પડતાં તેના વાસથી તેના ઉપર ઘેનની અસર થાય છે, જેથી અહીંના લોકો ઘરની આસપાસ તેનું વાવેતર કરે છે અને સાપ પકડવાનો ધંધો કરનારા વાદી લોકો હમેશાં તેનાં મુળીયાં ચાવે છે.

આ વાત કંઇ નવિન નથી પરંતુ "ગારૂડી વિદ્યા" નામના એક પ્રાચીન ગ્રંથમાં પણ જણાવવામાં આવ્યું છે કે:—

रामठ वचाघृष्ट्वा कर बाहुप्रलेपनात् ॥
घटसर्पो तदा ग्राह्यो न दंशती कदाचन ॥

હીંગ તથા ઘોડાવજ એ બન્નેને સરખા ભાગે લેઇ પાણી સાથે ઘસીને હાથે તેમજ શરીરે ચોપડી પછી છુટા સાપને તો શું પરંતુ ઘડામાં નાંખેલા સાપને પકડે તો પણ કરડી શકતો નથી. જે સાપને મુવા પછી પણ સ્પર્શ કરતાં ભય લાગે છે તે સાપ

જીવવા છતાં પણ જે ઔષધિના કેવળ વાસ માત્રથી આવો બેશુદ્ધ થઇ જાય તે ઔષધિનો પ્રભાવ કંઈ જેવો તેવો ગણાય નહિ.

પબનાના સરજન મેજર. આર. એલ. દત્ત. એમ. ડી. જણાવે છે કેઃ—કફઘ્ન તરીકે વજની વપરાશ બહુજ સાધારણ છે. મેં તેનો બહુ વખત ઉપયોગ કર્યો છે, જેનું ઉત્તમ પરીણામ આવ્યું છે. ઘણી વખત એનો એક કટકો લેઇને હું મોઢામાં રાખતો અને તે પોતાનું કામ "કફ લોજંજીસ" કરતાં બહુજ સારૂં કરતો.

મદ્રાસના સરજન ખાનબહાદુર મુઇદ્દીન શરીફ જણાવે છે કેઃ—આ દેશમાં માત્ર બેજ એવાં વનસ્પતિ દ્રવ્યો છે કે જેઓ નાનામાં નાની માત્રા એટલે ત્રીશ ગ્રેનના વજનથી ઊલટી કરાવવાનો ગુણ ધરાવે છે, એ બે દ્રવ્યો પૈકીનું એક તો આ ઘોડાવજ છે, ઉલટી કરાવવાને માટે ૩૫ ગ્રેનથી વધારે પ્રમાણમાં તેને વાપરવાની કદી પણ જરૂર પડતી નથી અને જો કદી ૪૦ ગ્રેનની માત્રામાં આપવામાં આવે છે તો એટલું બધું તીવ્ર વમન થાય છે કે જે એકદમ બંધ કરી શકાતું નથી. આ ઔષધિ દમના માટે સારી છે તે એવી રીતે કે પહેલાં તે મોટા ડોઝમાં એટલે કે ૧૫ થી ૨૦ ગ્રેનના વજનથી આપી પછી દર બે અને ત્રણ કલાકે ૧૦ ગ્રેન વજનથી કફઘ્ન તરીકે આપવાથી ઘણા ઓછા સમયમાં દમમાંથી મુક્ત કરે છે.

આ ઔષધી વળી શરદીવાળી ખાંસી, હિસ્ટીરીયા, ચસકા અને અમુક સ્થિતિના જુના અજીર્ણના માટે બહુજ ઉપયોગી છે. વળી સતત જ્વરમાં જ્યારે ક્વિનાઇનથી યોગ્ય આરામ થતો નથી

ત્યારે તેની સાથે આ ઔષધ મેળવીને આપવાથી કૃતેહમંદ પરીણામ આવે છે.

માંગલોરના સરજન ડબલ્યુ. એ. લી. જણાવે છે કે:—ઘોડાવજને બાળીને કરેલા કોલસાઓનો ભૂકો ૧૦ થી ૨૦ ઘઉંભાર જેટલો લેઇ પાણી સાથે આપવાથી નેપાળાથી થતી ઝેરી અસરનો અટકાવ કરે છે. કારણ એવું સિદ્ધ થયેલું છે કે નેપાળાના ઝેરનું એ શમન છે.

કચ્છ ભુજના સરજન ડબલ્યુ. બારૂન જણાવે છે કે:—જો એને વાટીને માથા ઉપર લગાડવામાં આવે તો માથામાં થતો દુખાવો તરત બંધ પડે છે, અને જો નાક ઉપર લગાડવામાં આવે તો સળેખમ, શરદી વાળી ખાંસી અને ઇનફ્લુએન્ઝાને મટાડે છે.

સુરતના ડૉક્ટર પી. મોતીવાળા જણાવે છે કે:—વાઈ, ઊન્માદમાં વજનું ચૂર્ણ દુધમાં આપવું અને ખોરાકમાં કેવળ દુધભાતજ આપવાં. સખ્ત ઊન્માદ હોય ત્યારે જરા કઠ એટલે ઉપલેટનું ચૂર્ણ મેળવીને મધ સાથે આપવું. જો વજની સાથે બ્રાહ્મી કે જેને ભરમી પણ કહે છે તે મેળવીને તેનો ઉપયોગ લાંબી મુદત સુધી એક સરખો કર્યો હોય તો તેનાથી ગમે તેવું દીવાનાપણું દુર થાય છે એટલે કે જે દરદીને એક વખત સાંકળથી બાંધ્યો હોય તે પણ છુટી જાય છે. અમો હીંમતથી કહીએ છીએ કે જેઓ જીર્ણ રોગી હોય; જેઓએ છેવટની આશા છોડી હોય કે આપણો આ રોગ સારો થશે નહિ. તેઓશ્રીને અમારી પ્રાર્થના છે કે તમારાં દરદોના માટે આખરે આર્ય વૈદું અજમાવો અને તે તમને નવી જીંદગી બક્ષસે. પશ્ચિમના વૈદ્યકમાં મુંગાપણું, વાઇ, હીસ્ટિરીઆ,

હોવાનાપણું, કોઢ, દમ, હાંફણ વિગેરે કેટલાએક જૂનું રોગોને માટે હજુ સુધી જ્યારે અપૂર્ણતા છે, ત્યારે આર્ય વૈદું તો કંઈ વર્ષોનાં વર્ષા પૂર્વેજ આ બાબતનો નિઃશંકાત્મક શોધ કરી બેઠેલું છે. પરંતુ નિરાશ થઇ બેઠેલા જૂનું દરદીઓએ તે શોધેલું લાંબા સમય સુધી અખંડિત રીતે સેવન કરવું જોઇએ. માત્ર ૨૦, ૩૦ દિવસના ઉપયોગથી જોઇએ તેવો ફાયદો થાય તેમ નથી, કેમકે આ યુરોપિઅન ઔષધો એકદમ ૪ યદો કરતાં નથી, ઘણી ધીમાશથી કરે છે. કારણ તેમાં શરીરને તત્કાળ જાગૃતિમાં લાવવાને વિદેશી ઔષધોની માફક સ્પિરિટ ઉમેરવામાં આવતો નથી, અને જો કદી ઉમેરવામાં આવે તો આ દેશના લોકોને તે જોઇએ તેવો માફક આવે તેમ નથી, કારણ આ દેશની પ્રકૃતિ ગરમ છે, પશ્ચિમના દેશો જેવી ઠંડક નથી. પરંતુ કમનસીબની વાત છે કે "અબી કે અબી લાવ, પીર ચાહે અબેસા હોગે." એ કથનાનુસાર આજકાલના લોકોને એવી ચીજો જોઇએ છીએ કે જેનું પરીણામ પાછળથી ગમે તેવું આવે પરંતુ તત્કાળ ફાયદો કરતી હોય

આસિસ્ટંટ સરજ્યન રૂથનામ ટી. મોડીલ્યર જણાવે છે કે:—બાળકને ગળું પડે છે તથા તાળવું બેસી જાય છે ત્યારે વજ અને જાયફળ સરખા ભાગે લેઇને દુધમાં ઘસીને તાળવા ઉપર બારથી તેમજ વજ, હરડે દળ અને ઉપલેટ એ ત્રણ ચીજો સરખા ભાગે લેઇને કરેલું ચૂર્ણ એકથી બે વાલ જેટલી માત્રામાં લેઇ દુધ સાથે પાઇ દેવાથી આરામ થાય છે.

વજમાં આવા ઉત્તમ ગુણો રહેલા હોવાથી દેશી વૈદ્યોમાં તેની નીચે મુજબ બનાવટો મુખ્યત્વે કરીને વપરાય છે.

૧. વચા ચૂર્ણ—વજનું વસ્ત્ર ગાળ કરેલું ચૂર્ણ ૧૦થી ૨૦ ઘઉંભારની માત્રામાં લેઇ મધ સાથે ચટાડી દેવું અને કેવળ દુધ ભાતનો ખોરાક રાખવો. ઉપયોગ અપસ્માર અને ઉન્માદ ઉપર.

૨. સારસ્વંત ચૂર્ણ—ઉપલેટ, આસંધ, સિંધવ, અજમો, જીરૂં, શાહજીરૂં, સુંઠ, મરીઆં, લીંડીપીંપર, કાળીપાઢ અને શંખાવળી એ બધી ચીજો સરખા ભાગે અને તે બધી ચીજોના તેલથી બમણી વજ લેઈ ખાંડી ચૂર્ણ કરી એ ચૂર્ણને બ્રાહ્મીના રસની ત્રણ ભાવનાઓ આપી છાંયે સુકાવી બાટલીમાં ભરી રાખવું. ઉપયોગ—જ્ઞાનતંતુઓની નબળાઇ, સ્મરણ શક્તિનો નાશ કિંવા કમી થવું, વાણીની જડતા, અને અપસ્માર એટલે વાઇ તથા ઉન્માદ એટલે ઘેલછા ઉપર.

વડ.

સં. વટ હિં મ. વડ, ગુ. વડ, વલ્લો. તા આલ ફા એશાએબર્દ ઇં. Banyantree લા. Ficus Indicus.

વિવરણ—વડનું ઝાડ સર્વે સ્થળે પ્રસિદ્ધ છે જેથી તેનું વર્ણન આપવાની જરૂર નથી.

ગુણદોષ—

वटःशीतोगुरुर्ग्राही कफपित्त व्रणापहः ॥
वर्ण्यो विसर्प दाहघ्नः कषायोयोनिदोषहृत् ॥ भा. प्र. ॥

વડ શીતળ, ભારે, ઝાડાને રોકનાર, કફ, પીત્ત અને ચાંદાને મટાડનાર, કાન્તિને સારો કરનાર, રતવાના રોગનો નાશ કરનાર, બળત્રાને ટાળનાર અને યોનિદોષને હરનાર છે.

ઉપયોગ—દેશી વૈદકશાસ્ત્રમાં તો વડના ઉપર મુજબ ગુણો બતાવેલા છે અને તેથી તેના મુળની છાલની પાણી સાથે ઉકાળીને તે પાણીથી બળતરાવાળાં ચાંદાં ધોવામાં આવે છે, તેમજ પ્રમેહ અને પ્રદરના રોગમાં પીચકારી મારવામાં ઉપયોગ થાય છે. વળી એ ફાંટો હાયપોટીસ એટલે જે દરદમાં પેશાબ વારંવાર ઉતરે છે તેમાં પીવાને આપવામાં આવે છે. એની છાલમાંથી જે દુધ નીકળે છે તે સાકર અથવા તો પતાસા સાથે મેળવીને ખાવાથી પ્રમેહ અને પેશાબની બરમા મટે છે. એનાં પાંદડાની કોમળ કુંપળોનું ચૂર્ણ કરીને સાકર સાથે મેળવીને ધોળી પડતા ઝાડા, મરડા અને સંગ્રહણીના દરદમાં આપવામાં આવે છે.

દેશી વૈદોમાં તો તેનો મુખ્ય ઉપયોગ એ પ્રમાણે છે, પરંતુ જડીબુટીઓ જાણનારા તો તેને નીચે મુજબ કામમાં લાવે છે.

એક તોલો ચણાની દાળ લઇને તેને વડના દુધથી પલાળી એ પહોળી કરતાં જ્યારે તે સુકાઈ જાય ત્યારે ફરીથી ઉભરાતા દુધથી પલાળી બરાબર સુકવી નાંખી વાટીને ચૂર્ણ કરવું. એ ચૂર્ણમાં જવત્રિ, જાયફળ, એલચી અને કેસર એ દરેક એક, એક આનીભાર અને બા વાલ અફીણનું ચૂર્ણ ઉમેરી સારી પેઠે બરલ કરીને ચણા જેવડી ગોળીઓ વાળવી એ ગોળી માતાના દુધમાં ઘોળીને બાળકોને પાવાથી જે બાળકને ગળું પડવાથી દિવસે દિવસે ઘટી જતું હોય તેને આરામ થાય છે.

ધાતુસ્રાવનું દરદ—સારા, મોટા વડની તાજી છાલ કે જે રંગે પીળાશ પડતી હોય તે લાવીને ખાંડી ખોખરી કરી એક મણ પાણી સાથે ઉકાળતાં જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉતારી છોડાને ખૂબ ચોળી મસળીને તે પાણીને ગાળી કપ-

ડાથી ગાળી લેવું, અને પછી ફરીથી ચુલે ચઢાવી મંદાગ્નિથી તે પાણીને ઉકાળતાં જ્યારે મધ જેવું ઘટ્ટ થવા આવે ત્યારે અગ્નિ તદન ઓછો કરી સારી પેઠે હલાવતા રહેવું. જ્યારે બરાબર અફીણ જેવો ઘન તૈયાર થાય ત્યારે નીચે ઉતારી તેમાં બહુ ફળી નામની વનસ્પતિનું સાત તોલા ચૂર્ણ નાંખી સારી પેઠે હલાવી એકત્ર કરી પછી તેની ચણીબોર જેવડી ગોળીઓ વાળવી. આ ગોળીઓમાંથી દરરોજ સવાર, સાંઝ, એક, એક ગોળી ઠંડા પાણી સાથે લેવી અને સાદો ખોરાક રાખવો, ગોળ, તેલ, રીંગણાં, લાલ મરચાં, અથાણાં, વિગેરે ગરમ પદાર્થો ખાવા નહિ તેમજ સોડા વિગેરે ક્ષાર દ્રવ્યો પીવાં નહી જેથી પેસાબ માર્ગે કિંવા સ્વપ્નામાં જતી ધાતુ બંધ થશે.

આ ઉપાય " અખબર અલકીમીયા " નામના પુસ્તકમાંથી મળી આવ્યો હતો અને અનુભવ લેતાં અકસીર ગુણદાયક માલમ પડયો. જો આ દવામાં બહુ ફળી ઉપરાંત બે વાલ કસ્તુરી, ૦। તોલો સોનાના અને ૦। તોલો રૂપાના વરખ કે ભસ્મ ઉમેરવામાં આવે છે તો વળી વિશેષ ફાયદો કરે છે. પરંતુ જો આ ચીજો ઉમેરવામાં આવે તો પછી આ દવાનું પ્રમાણ શરૂઆતમાં માત્ર એક રતી જેટલુ લેવું. અને પછી ધીમે ધીમે વધારતા જઇ એક વાલ સુધી લેવું. તેમજ જેની પિત્ત પ્રકૃતિ હોય તેણે પાણીના બદલે એક તોલા માખણ સાથે ખાવું.

સોમવલ્લી.

સં. સોમવલ્લી, સોમક્ષીરી, સોમ અ. સોમવેળ, રાનશેર વેળ, હિ. સોમલતા ગુ. વોરવેલ, સાંતીઆવેલ, ચીરાડી. લા Sarcostemma brevistigma.

વર્ણન—ખરી સોમવલ્લી એ કઇ વનસ્પતિ છે તે સંબંધિ હજુ નક્કી થયું નથી. મુંબાઇમાં પારસી ગૃહસ્થો "હોમ" નામની વનસ્પતિ ધાર્મિક ક્રિયાઓમાં વાપરેછે અને તે ઇરાનથી આવે છે જેજ સોમવલ્લી છે એમ કેટલાક વિદ્વાનો માને છે અને કહે છે કે તે આકડાની જાતની વનસ્પતિ છે, જ્યારે વૈદ્યરાજ રૂપનાયજી પોતાના નિઘંટ સંગ્રહમાં જણાવે છે કે તેના વોરની જાતના વેલા થાય છે.

આજકાલના વૈદ્યો પોરબંદર તરફ થતી એક જાતની વનસ્પતિ કે જેના વેલા ખરસાણી અર્થાત્ ડાંડલીઆ વોરની ડાળીઓ જેવા થાય છે તેનેજ સોમવલ્લી તરીકે ઓળખે છે. આ વેલાઓનો રંગ ધોળાશ લેતો લીલો એટલે બરફી રંગનો હોય છે. એની શાખાઓ જરા સખ્ત, ગોળ અને લીસી હોય છે અને તેમાં દુધ જેવો ધોળો પુષ્કળ રસ હોય છે. એમાં ધણું કરીને પાંદડાં જોવામાં આવતાં નથી, પરંતુ એની કોમળ શાખાઓને સાંધે કદાચ સૂક્ષ્મ પાંદડાં આવતાં હશે તો તે તરત ખરી જતાં હશે.

ઋષિ ચરકાચાર્ય જણાવે છે કે:—

"सोम नामौषधिराजःपंचदशपर्णःस सोम इवहीयते वर्द्धतेच" ॥

સોમ નામે સમસ્ત ઔષધિઓના રાજા સ્વરૂપ વનસ્પતિનાં પંદર પાંદડાં હોય છે, જે ચંદ્રમાની કળાઓની માફક ઓછાં થતાં જાય છે તેમજ વધતાં જાય છે.

સુશ્રુત જણાવે છે કે:—

सर्वेषामेवसोमानां पत्राणिदशपंचच ॥
तानि शुक्लेच कृष्णेच जायन्तेनिपतन्तिच ॥
एकैकं जायते पत्रं सोमस्याहरदस्तदा ॥
शुक्लस्य पौर्णिमास्यान्तु भवेत् पंचदशच्छदः ॥
शीर्यते पत्रमेकैकं दिवसे दिवसे पुनः ॥
कृष्णपक्षेक्षये चापि वल्लि भवति केवला

સઘળી જાતની સોમવલ્લીઓમાં પંદર પાંદડાં હોય છે. અંધારીયામાં સઘળાં પાંદડાં ખરી જાય છે અને અજવાળીયામાં નવાં ફુટતાં જાય છે. દરરોજ એક પાંદડું ખરી જાય છે અગર નવું ફુટે છે અર્થાત અજવાળી પડવેના દિવસે પ્રથમ એક પાંદડું નિકળે છે અને પછી દરરોજ એક, એક પાંદડું નવું ફુટતું જઇ પુનેમના દિવસે પંદર પાંદડાં પુર્ણ થાય છે. આવી રીતે અંધારીયામાં પાછું એક, એક પાંદડું ખરતું જઇ અમાવાસ્યાને દિવસે એક પણ પાંદડા સિવાયની કેવળ વેલી જ માત્ર શેષ રહે છે

વળી સુશ્રુત કહે છે કે:— एक एव खलु भगवान्सोम स्थान यामा कति वीटर्य विशेषैःचतुर्विधा विद्यते ॥ સોમવલ્લીની કેવળ એકજ જાત હોવા છતાં પણ ઉત્પત્તિ સ્થાનક, જુદી જુદી

આકૃતિ અને ગુણના ભેદોને લઈને ચોવીશ જાતની મનાય છે, અને તેઓ પૈકી કોઇની જડ, કોઇનાં પાંદડાં તો કોઇનો કંદ વિશેષ ઉપયોગી મનાય છે.

રસસાર ગ્રંથમાં લખવામાં આવે છે કે:–

सोमवल्लोद्विधायेया श्वेतारक्ता सकन्दका ॥

" સોમવલ્લી બે જાતની સમજવી, ધોળા અને રાતા કંદવાળી" મુંબાઇના વૈદ્ય ધન્વંતરિ રામાનુજદાસ આયુર્વેદ પંચાનન કહેછેકે:– અમે સં. ૧૯૫૨ના જેઠ મહીનામાં શ્રી બદ્રીનારાયણની યાત્રાએ ગયા હતા, ત્યાંથી સત્યપંથનાં દર્શન કરવાને માટે પ્રયાણ કરવામાં આવ્યું. એક પહાડી મનુષ્ય કે જે ત્યાંની વનૌષધિઓથી સારી રીતે માહીતગાર હતો તેને અમે સાથે લીધો હતો. સતપંથના ત્રણે કુંડો જોઇને રાત્રિ શ્રીસંન્યાચાર્યજીની મુફામાં વ્યતીત કરી સવારના સૂર્યકુંડ જવાને નીકળ્યા, પરંતુ બે માઈલ જેટલે દુર જવાની સાથેજ અમે ચારે મનુષ્યો બેસુદ્ધ થઇ ગયા, મોંદામાં ફીણ આવવા લાગ્યાં અને શરીર બરફ જેવું ઠંડુ થઈ ગયું. અમારી આવી સ્થિતિ થયેલી જોઇને સાથે આવેલો પહાડી મનુષ્ય તરતજ નજીકના રસ્તા પરથી એક વનસ્પતિ ઉપાડી લાવ્યો અને તેનાં પાંદડાને મસળીને અમારા મહોંડામાં તેનો રસ નીચોવ્યો જે અટમધુરા અત્યંત સ્વાદિષ્ટ સ્વાદવાળો હતો. આ રસનો જીભને સ્પર્શ થવાની સાથેજ અમે તરત ચેતન થઇ ગયા, ત્યારે તે પહાડી બોલ્યો કે હવે આંહીથી આગળ જઈ શકવાની તમારામાં શક્તિ નથી, જેથી પાછા વળો, નહિ તો કોઇના માર્યા જશો.

પહાડી જે વેલી લાવ્યો હતો તેની લંબાઇ એક હાથભરજ હતી અને આ દિવસ એકાદશીનો હોવાથી તેના ઉપર માત્ર અગ્યારજ પાંદડાં હતાં. એ પાંદડાંનો આકાર વડનાં પાંદડાંની માફકજ પરંતુ તેનાથી કંઇક પાતળો અને લાંબો હતો.

આ બધા ઉપરથી સમજાય છે કે આજકાલના વૈદ્યો જેને સોમવલ્લી તરીકે માને છે તે કરતાં ખરી સોમવલ્લી એ કોઇ જૂદીજ ઔષધિ છે. અને તેની ઓળખાણનું ખરૂં જ્ઞાન આપણે ગુમાવ્યું છે. તો પણ તે એક અજબ ઔષધિ છે, સમસ્ત ભૂમંડળનાં ઔષધોની શિરછત્ર છે. જેથી તેની ઉત્પત્તિ ક્યાં આગળ થાય છે અને જો પ્રાપ્ત થાય તો શું કામમાં આવે છે તે સબંધિ વિવેચન કરીએ.

ઉત્પતિસ્થાન—સોમવલ્લી હિન્દુસ્થાનમાં દરેક સ્થળે થતી નથી. ઋક અને સામવેદમાં તો તેની ઉત્પત્તિના મુંજવત પર્વત, કુરૂક્ષેત્રના નીચે આવેલો શૂર્પ નાવત નામનો હ્રદ-ધરો, અને આર્જીકીયા નદીના કિનારાનો પ્રદેશ એ સ્થળોજ માત્ર ગણાવેલાં છે. પરંતુ સુશ્રુત કહે છે કે:

हिमवत्युर्बुदे सहये महेन्द्रे मलये तथा
श्रीपर्वत देवगिरौ गिरौदेवसहे तथा ॥
परिपात्रेचविन्ध्येच देवसुन्दे हृदे तथा ॥
उत्तरे निवतस्तायाःप्रवृद्धाये महीधराः ॥

पंचतेषामधोमध्ये सिन्धु नामा महानदः ॥
काश्मीरेषु सरोदिव्यं नाम्ना क्षुद्रक मानसम् ॥

હીમાલય પર્વત, આબુ, સહ્યાદ્રિ, મહેન્દ્રાચળ, મલયાચલ અને શ્રી પર્વત ઉપર. દેવગિરિ, દેવસહ, પરિપા, અને વિન્ધ્યાચળ પર્વતમાં તેમજ દેવસુંદ નામે પરામાં, નિવતસ્તાની ઉત્તર તરફના પહાડોમાં. સિન્ધુ નદીના કિનારે અને કાશ્મીર દેશમાં આવેલા ક્ષુદ્રક માનસ નામના દીવ્ય સરોવર આગળ સોમવલ્લી ઉત્પન્ન થાય છે.

આ ઉપરથી શંકા થશે કે જો આઠેક સ્થલોએ સોમવલ્લી ઉત્પન્ન થાય છે તો તે સહેલાઈથી મળી આવતી કેમ નથી, આ શંકાના સમાધાનમાં સુશ્રુત કહે છે કે:—

नतान पश्यन्त्य धर्मिष्टः कृतघ्नाश्चापि मानवाः ॥
भैषज द्वेषि नश्चापि ब्राह्मण द्वेषिनस्तथा ॥

અધર્મી, કૃતઘ્ની, ઔષધોની નિંદા કરનાર તથા બ્રાહ્મણોનો દ્વેષ કરનારાં મનુષ્યો સોમવલ્લીને દેખી શકતાં નથી.

સોમવલ્લીનો રસ તૈયાર કરી પાન કરવાની રીત—ઋગ્વેદનું નવમું મંડળ તે જે સોમલતા સંબંધી વર્ણનથીજ ભરપૂર છે તેમાં જણાવવામાં આવ્યું છે કે કલશ ઉપર ઊનનું વસ્ત્ર ઢાંકીને તે વસ્ત્રની અંદર મધુર રસવાળી સોમવલ્લીને હાથની આંગળીઓ વડે વારંવાર મર્દન કરે.

કલશ ઘણું કરીને લોઢા કિંવા સોનાનો હોવો જોઇએ. એ કલશમાં સોમરસ એવી રીતે અંતર્હિત થાય છે કે જેવી રીતે નવ પ્રસુતા ગાય ઘરમાં પ્રવેશ કરે છે.

હે સોમ ! જ્યારે તમારો દહીં, દુધ વિગેરે દ્રવ્ય પદાર્થો સાથે મેળાપ થાય છે ત્યારે તે પદાર્થો વિલક્ષણ શબ્દ કરતા કરતા તમારી તરફ આવે છે.

ઔષધિઓથી છુટો પાડવામાં આવેલો સોમરસ એક ઉત્તમ શ્વેત રંગના જ્યોતિર્મય પદાર્થ જેવો હોય છે.

આ બધાનો સારાંશ એટલોજ છે કે સોમ લતાને લાવીને પ્રથમ તેને પીંપળાના લાકડામાંથી બનાવેલા ખાંડણી, દસ્તાથી ખાંડી ઉનના કપડામાં ગાળી સોના કે લોઢાના પાત્રમાં તેનો રસ નીચોવી કાઢવો અને પછી તેમાં દુધ, દહીં, ઘી, ગોમુત્ર કિંવા જળ મેળવીને પીવો. સુશ્રુતે તો સોમલતાના ચોરીશ ભેદો ગણાવ્યા છે અને જુદા જુદા મનોરથોની સિદ્ધિ માટે તો પંડી કોષનો જડ, કોષનો કંદ, અને કોષનાં કેવળ પાંદડાંનોજ રસ કાઢીને વાપરવો એમ સુચવ્યું છે.

સોમરસના ગુણો—આજકાલ જે ઔષધિ સોમવલ્લી કિંવા થોરવેલના નામે ઓળખાય છે તેનો તો ચિકિત્સા પ્રણાલીમાં વિશેષ ઉપયોગ થતો જોવામાં આવતો નથી. સુવાવડ પછી સ્ત્રીઓના સાંધા ઝલાઇ જાય તો થોરવેલને પાણીમાં ઉકાળીને તે પાણીવડે સ્ત્રીને સ્નાન કરાવવામાં આવે છે તેથી અંગ છુટું થઇ જાય છે. આ

ઉપાય સઘળે સ્થળે પ્રચલિત નથી માત્ર પોરબંદરની ખારવીઓજ ખાસ કરીને કરે છે. પરંતુ ખરી સોમલતાના ગુણો તો વેદાદિશાસ્ત્રોમાં અત્યંત અલૌકિક રીતે વર્ણવેલા છે.

ઋગ્વેદ કહે છે કે—जेष्ठ मर्त्यमदम् ॥

આ સૂત્રની સાયનાચાર્ય એવી વ્યાખ્યા કરે છે કેઃ—

सोमपान जन्यो मदो मदांतरवत् मारको न भवतीत्यर्थः ॥

સોમરસ એક પ્રકારનું માદક દ્રવ્ય છે એમાં તો સંદેહ નથી, પરંતુ સોમરસમાં એ વિશેષતા રહેલી છે કે બીજાં માદક દ્રવ્યોની માફક તેમાં કોઇપણ પ્રકારનો દોષ રહેલો નથી. જેથી સોમરસનું પાન કરવાથી કોઇપણ જાતનો ઉપદ્રવ ન થતાં અમરપણું પ્રાપ્ત થાય છે અને તેથી તે સઘળા મદ્યોમાં શ્રેષ્ટ છે.

સુશ્રુતમાં કહ્યું છે કેઃ—" **शमशोदयसहस्रश** " એના રસનું પાન કરવાથી તન, મનની સ્ફુર્તિ, બુદ્ધિ. બળ, વાણી અને આનંદમાં સેંકડો કે હજારો ગણો વધારો થાય છે, વળી ઋગ્વેદમાં જણાવ્યું છે કેઃ—" **पदवी कवीनाम्** "

એના સેવનથી પાંડિત્ય શક્તિ પ્રાપ્ત થાય છે. ચિત્તની સ્થિરતા થાય છે અને તેથી અતિન્દ્રિય જ્ઞાન એટલે આ લોક તેમજ પરલોકની સમસ્ત બાબતો જાણવાનું સામર્થ્ય આવે છે.

"**इकातिवाम**" એનાં સેવનથી સર્વે વ્યાધિઓ દુર થાય છે.

" **तदातुरस्क मैषज** " મૃત્યુના મુખમાં સપડાઇ ચૂકેલા દરદીના માટે પણ તે ઉત્તમ ઔષધ છે.

કારણ—"अपत्य मस्तुर पिरा कमीका" અપાર પ્રકારના અસાધ્ય અને કઠીણ રેાગેાને તે દુર કરે છે, એટલુંજ નહિ પરંતુ વિધિ પૂર્વક સેવન કરવાથી અમરપણું પ્રાપ્ત થાય છે.

अपाम सोमममृता अभूम अगन्मज्योतिरविदाम देवान् ॥
किंनूनमस्मान् कृणवदरातिः किमु धूर्तिरमृतमर्त्यस्य ॥ ऋग्वेद ॥

હે અમૃત સેામ! અમે તને પાન કરીને અમર થયા. અમ-ન્ત વિષયેા જાણવાને દિવ્ય જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું. હવે મૃત્યુ જેવા પ્રબળ શત્રુએા પણ અમને શું કરી શકે એમ છે. અને મનુષ્યેાની ધુર્તતાથી તેા ભયજ શાનેા !

ભૈરવાગમ તંત્રજ રસ સાર નામના ગ્રંથમાં લખેલું છે કેઃ—

कृष्णपक्षे प्रगलति दलं प्रत्यहं चैकमेकं ।
शुक्लेऽप्येवं प्रभवति पुनर्लंबमाना लतास्यात् ॥
तस्याःकन्दःकलयति वरां पौर्णिमास्यां प्रभाते ॥
बद्धा सूतं कनक सहितं देहलोहं विधत्ते ॥

એવી એક લતા છે કે કૃષ્ણ પક્ષમાં હરરેાજ તેનું એક, એક પાંદડું ખરી જાય છે, અને શુકલ પક્ષમાં પ્રતિદિન એક એક, પાંદડું નવિન ફુટે છે, આ લતાનેા કંદ પૂર્ણિમાના પ્રભાતમાં લાવીને તેનેા રસ વડે સુવર્ણ સાથે પારાની ગેાળી બાંધી તેનેા ઉપયેાગ કરવાથી શરીરને અજરામરપણું પ્રાપ્ત થાય છે. અને લેાઢું સેાનું થઇ જાય છે.

અમારી રામેશ્વર તરફની યાત્રા વખતે વિશ્વેશ્વરાનંદ નામના એક સિદ્ધ મહાત્મા સાથે સમાગમ થતાં તેમણે જણાવ્યું હતું કેઃ- એક વખતે મારા દેખતાં એક મહાત્મા સોમવલ્લીનો કંદ લાવ્યા હતા જે નાળીએરના જેવી આકૃતિવાળો હતો. એ કંદનો રસ કાઢીને તે મહાત્મા પી ગયા અને બહારના કામકાજની સઘળી વ્યવસ્થા કરવાનું મને સોંપીને પોતે એક ગુફામાં પેસી ગયા.

ગુફામાં પેઠા બાદ પંદર દિવસ સુધી તેમનું શરીર દિન-પ્રતિદિન ફુલવાજ લાગ્યું અને હાથી માફક ગોળમટોળ થઇ ગયું. પછી પંદરમા દિવસે બરાબર મધ્યાન્હના સમયે તેમનું શરીર ફાટીને બે ટુકડા થઇ ગયા અને તેમાંથી બાર વર્ષની ઉમરનું એક તેજસ્વી બાળક નીકળીને મને છોડીને જંગલમાં પલાયન કરી ગયું.

આ બધી હકીકત ઉપરથી સમજાયું હશે કે સોમલતા એ કોઇ અલૌકિક વનસ્પતિ છે અને તેના આવા અદભુત ગુણોને લેઇને "ઔષધરાજ" એ નામ પણ યથાર્થ છે. આજકાલ જો કે તે દુર્મિલ પદાર્થ છે, પરંતુ આ દેશનાં અનેક પહાડી સ્થળોમાં એટલી બધી પેદા થાય છે કે આગળના રૂષિઓ તેના રસનું પાન કરી દિવ્ય જ્ઞાન, દિવ્ય લાભ મેળવતા હતા. આજે પણ જો તે હાથ આવે તો સમસ્ત વિશ્વમંડળમાં દેશી વૈદ્યકના કંઇ ઓરજ ભાવ પૂછાય એમ છે. માટે આ દિશામાં દરેક વૈદ્ય બંધુઓએ કંઇક વિશેષ પ્રયત્ન કરવો ઘટે છે.

વિદ્યાકળા પ્રચારક મંડળનાં અત્યંત લોકપ્રિય પુસ્તકો.

જંગલની જડીબુટ્ટી—અથવા જડ પાણી એકેલાં દરદોના રામબાણ ઉપાયો. ભાગ ૧ લો. સુધારા વધારા સાથેની દ્વીતિયાવૃત્તિ. કિંમત રૂા. ૦–૮–૦.

સદર–ભાગ બીજો. ,, ,, દ્વીતિયાવૃત્તિ. કિં. રૂા. ૦–૧૦–૦

,, ભાગ ત્રીજો તથા ચોથો. કિંમત દરેક ભાગના રૂા. ૦–૮–૦

,, ભાગ પાંચમો. કિંમત રૂા. ૦–૧૦–૦

આકાશવાણી—અથવા સ્વજિંદે સુખો ભોગવવાની વિદ્યા. કિંમત રૂા. ૦–૧૨–૦.

પશુચિકિત્સા—અથવા દર વર્ષે લાખો ઢોરોનો પ્રાણ લેનારાં દરદોના અકસીર ઉપાયો. કિંમત રૂા. ૧–૪–૦.

પ્લેગ અથવા મરકી—અને તેના અનુભવસિદ્ધ ઉપાયો. કિંમત ૦–૮–૦.

પ્રાચીન મહાત્માઓની અલૌકિક વિદ્યાઓ—અથવા ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની વાતો જાણવાની કુંચરી ચાવિ પ્રાપ્ત કરવાની સરળ ક્રિયાઓ કિં. રૂા. ૦–૮–૦.

અમુલ્ય રત્નહાર—અથવા ધર્મ, કર્મ અને નીતિનું ગુપ્ત રહસ્ય સમજાવનારી જ્ઞાન કથાઓ. કિં. ૦–૩–૦. પોસ્ટેજ દરેક પુસ્તકનું જુદું. પાકા પુઠાના દરેક પુસ્તકના આર આના વધુ સમજવા.

સઘળો પત્ર વ્યવહાર નીચલે સ્થળે કરવો.

મેનેજર–વિદ્યાકળા પ્રચારક મંડળ.

વડોદરા–વાયા–તલોદ. એ પી. રેલવે.

અમારાં અત્યંત લોકપ્રિય ઔષધો.

સર્વાંગ જીવન—સાતે ધાતુઓને સુધારનારૂ, બળ, બુદ્ધિ, આરોગ્ય અને આયુષ્યને વધારનારૂ, તેમજ કામોદ્દીપન કરનારૂ અદ્વિતિય મહૌષધ કિંમત એક રતલના રૂ. ૩–૮–૦ સાડાત્રણ.

મદન સંદીપન—ગમે તે કારણથી નપુંસક સ્થિતિમાં આવી પડેલાં મનુષ્યો માટે એક આશીર્વાદ સ્વરૂપ અપૂર્વ દીવ્યૌષધ એક ડબીના રૂા. ૨) બે.

અગ્નિ સંદીપન—જઠરાગ્નિ મંદ પડવાથી કિંવા પરદેશનું પાણી લાગવાથી ઉત્પન્ન થએલાં પાચન ક્રિયાનાં દરદોને નિર્મૂળ કરનાર એક ડબીના રૂ. ૨) બે.

રાધાકૃષ્ણ વિલાસ—કામોદ્દીપન તથા વીર્ય સ્થંભક અસર કરી વિષય સુખનો અત્યંત આનંદ આપનાર અમૂલ્ય ઔષધ કિંમત એક ડબીના રૂ. બે.

પ્લેગ વિષવિનાશિની વટીકા—પ્લેગનો ઉપદ્રવ લાગુ પડતો અટકાવનાર તેમજ લાગુ પડયા પછી મૃત્યુના મુખમાંથી બચાવનાર એક માત્ર અકસીર ઉપાય કિંમત એક ડબીનો રૂ. ૧॥ દોઢ.

આરોગ્યવર્દ્ધની વટી—મરકી, કોલેરા, મેલેરીયા, ઇન્ફ્લુએન્ઝા વગેરેના ઉપદ્રવમાંથી મુક્ત રાખનાર મહૌષધ કિંમત એક ડબીનો રૂ. ૧) એક.

બાલજીવન—બાળકોનાં તમામ દરદો દુર કરી શરીરને રૂષ્ટપુષ્ટ બનાવનારૂં સ્વાદિષ્ટ ચાટણ કિંમત અર્ધા રતલના ડબાનો એક રૂપીઓ ચાર આના.

દરેક ઔષધનું પોષ્ટ પેકીંગ ખર્ચ જુદુ સમજવું.

મેનેજર વિદ્યાકળા પ્રચારક મંડળ.

વડામાગ-વાયા-તલોદ એ. પી. રેલવે.

વિદ્યાકળા પ્રચારક મંડળનાં અત્યંત લોકપ્રિય પુસ્તકો.

જંગલની જડીબુટ્ટી—અથવા જડ ઘાલી બેઠેલાં દરદોના રામબાણ ઉપાયો. ભાગ ૧ લો. સુધારા વધારા સાથેની દ્વીતિયાવૃત્તિ. કિંમત રૂા. ૦–૮–૦.

રુદ્ર–ભાગ બીજો. „ „ દ્વીતિયાવૃત્તિ. કિં. રૂા. ૦–૧૦–૦

„ ભાગ ત્રીજો તથા ચોથો. કિંમત દરેક ભાગના રૂા. ૦–૮–૦

„ ભાગ પાંચમો. કિંમત રૂા. ૦–૧૦–૦

આકાશવાણી—અથવા સ્વર્ગિય સુખો ભોગવવાની વિદ્યા. કિંમત રૂા. ૦–૧૨–૦.

પશુચિકિત્સા—અથવા દર વર્ષે લાખો ઢોરોનો પ્રાણ લેનારાં દરદોના અક્સીર ઉપાયો. કિંમત રૂા. ૧–૪–૦.

ટ્રેગ અથવા મરકી—અને તેના અનુભવસિદ્ધ ઉપાયો. કિંમત ૦–૮–૦.

પ્રાચીન મહાત્માઓની અલૌકિક વિદ્યાઓ—અથવા ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનકાળની વાતો જાણવાની ઇશ્વરી શક્તિ પ્રાપ્ત કરવાની સરળ ક્રિયાઓ. કિં. રૂા. ૦–૮–૦.

અમૂલ્ય રત્નહાર—અથવા ધર્મ, કર્મ અને નીતિનું ગૂઢ રહસ્ય સમજાવનારી જ્ઞાન કથાઓ. કિં. ૦–૩–૬. પોસ્ટેજ દરેક પુસ્તકનું જુદું. પાકા પુઠાના દરેક પુસ્તકના ચાર આના વધુ સમજવા.

સઘળો પત્ર વ્યવહાર નીચલે સ્થળે કરવો.

મેનેજર–વિદ્યાકળા પ્રચારક મંડળ.

ચકાચમ–વાયા–તલોદ. એ. પી. રેલ્વે.